અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

22 JUNE-2026 MONDAY | Vol. : 17 | Issue : 350 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 20 9-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  દાવો-બ્રિટનના વડાપ્રધાન રાજીનામું આપી શકે છે: પાર્ટીના 100 સાંસદ બળવાખોર બન્યા

4  કુંઠિત વિકાસ : ભારતમાં દર પાંચમું બાળક કુપોષિત!

6  વૈભવે મેદાન ધ્રૂજાવ્યું: એક પણ સિંગલ વિના અર્ધ સદી, 10 ચોગ્ગા, 8 છગ્ગા... 20 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

7  AIથી બેરોજગારી નહીં, કામદારોની અછત થશે: એમેઝોનના સ્થાપક જેફ બેઝોસનો દાવો, કહ્યું- પાણીની અછતથી AIની ગતિ અટકી શકે છે

## તિરુવલ્લુરની ફેક્ટરીમાં એમોનિયા ગેસ ગળતર

# તમિલનાડુની ફેક્ટરીમાં ભયાનક ગેસ ગળતર : 7 લોકોના મોત

### 10 શ્રમિકોની હાલત અતિ ગંભીર, જેમાં ઉત્તર ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા પરપ્રાંતિય શ્રમિકો પણ સામેલ

**ચેન્નઈ, તા.21**

તમિલનાડુના તિરુવલ્લુર જિલ્લામાં રવિવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પેરિયાપાલયમ નજીક કન્નિગાપેર ગામમાં આવેલી 'સેન્ટ પીટર્સ પોલ સીફૂડ પ્રોસેસિંગ એન્ડ એક્સપોર્ટ કંપની'માં અચાનક એમોનિયા ગેસ ગળતર થયું હતું. ગેસ ફેલાતાની સાથે જ ફેક્ટરી પરિસરમાં નાસભાગ મચી ગઈ હતી અને કર્મચારીઓ પોતાનો જીવ બચાવવા બહાર તરફ ભાગવા લાગ્યા હતા. ગેસ ગળતરથી ૭ના મોત થયા છે જ્યારે ૧૦ની હાલત વધુ ગંભીર બની છે.

આ દુર્ઘટનામાં ૬૫થી વધુ કર્મચારીઓ ગેસની ઝપેટમાં આવી ગયા હતા, જેમાંથી સારવાર દરમિયાન ૭ના મોત થયા છે. જ્યારે ૧૦ શ્રમિકોની હાલત અતિ ગંભીર થઈ છે. જેમાં ઉત્તર ભારતના વિવિધ રાજ્યોમાંથી આવેલા પરપ્રાંતિય શ્રમિકો પણ સામેલ છે. ગેસની અસર થતાં જ ઘણા કર્મચારીઓએ શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર અને બેચેનીની ફરિયાદ કરવા માંડી હતી. આ પછી ફેક્ટરી મેનેજમેન્ટ અને સ્થાનિક વહીવટીતંત્રે તાત્કાલિક રાહત કાર્ય શરૂ કર્યું હતું. અસરગ્રસ્ત કર્મચારીઓને અલગ-અલગ વાહનો દ્વારા નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

અસરગ્રસ્ત કર્મચારીઓને સારવાર માટે તાત્કાલિક વાહનો દ્વારા નજીકની વેલ્સ પ્રાઈવેટ મેડિકલ કોલેજ હોસ્પિટલ અને વેંકટેશ્વર પ્રાઈવેટ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જઈને દાખલ કરવામાં આવ્યા હતા.



ડોક્ટરોની ટીમે તમામ દર્દીઓની તાત્કાલિક તપાસ શરૂ કરીને સારવાર કરી હતી. પ્રારંભિક માહિતી મુજબ, ૧૦ કર્મચારીઓ ગેસની અસરથી બેભાન થઈ ગયા હતા. તેમની હાલત ગંભીર હોવાનું કહેવાય છે અને ડોક્ટરો સતત તેમના પર નજર રાખી રહ્યા છે. બીજી તરફ, બે લોકોના નાકમાંથી લોહી વહેવાની પણ માહિતી છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં ગભરાટનો માહોલ સર્જાયો છે. આ ઘટના બાદ ગામના લોકો અને ફેક્ટરીમાં હાજર અન્ય કર્મચારીઓમાં પણ ભયનો માહોલ છે. મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલો અને ફેક્ટરી પરિસરની બહાર એકઠા થઈ ગયા છે.

ઘટનાની ગંભીરતાને જોતા ડોક્ટરોની વિશેષ ટીમે ગંભીર રીતે અસરગ્રસ્ત દર્દીઓની પ્રાથમિક સારવાર કરી હતી. આ પછી ત્રણ ગંભીર દર્દીઓને એમ્બ્યુલન્સ દ્વારા ચેન્નાઈ સ્થિત સ્ટેનલી ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે એમોનિયા ગેસનો ઉપયોગ સામાન્ય રીતે કોલ્ડ સ્ટોરેજ અને સીફૂડ પ્રોસેસિંગ યુનિટ્સમાં રેફ્રિજરેશન સિસ્ટમ માટે કરવામાં આવે છે. બીજી તરફ, રાજ્ય સરકારે આ ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવતા કહ્યું છે કે આ દુર્ઘટનામાં ૬૦ મહિલાઓ અને ૪ પુરુષો પ્રભાવિત થયા છે. મુખ્યમંત્રીએ મૃતકો પ્રત્યે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને અધિકારીઓને આ મામલે કડક કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યા છે.

દુર્ઘટના બાદ પોલીસે આ મામલે ક્રેઈ નોંધી લીધી છે. પ્રાથમિક કાર્યવાહીના ભાગરૂપે ફેક્ટરીના બે માલિકોની અટકાયત કરવામાં આવી છે. તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે અને દુર્ઘટનાના કારણોની તપાસ ચાલુ છે. તે જ સમયે, ઘટનાની ગંભીરતાને જોતા મુખ્યમંત્રીએ સમગ્ર મામલાની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. સમિતિને ૨૪ કલાકની અંદર વચગાળાનો અહેવાલ અને ત્રણ દિવસની અંદર વિગતવાર તપાસ અહેવાલ સુપરત કરવા સૂચના આપવામાં આવી છે.

## પંજાબના નિહંગોએ ઉત્તરાખંડમાં ગુરુદ્વારા પર કબજો કર્યો: કહ્યું- અંદર ઘૂસનારને કાપી નાખીશું, SP સમજાવવા પહોંચ્યા તો ધમકી આપી

**ચંદીગઢ, તા.21**



ઉત્તરાખંડના ચમોલી સ્થિત કર્ણપ્રયાગમાં 16 જૂને થયેલા વિવાદ બાદ શનિવારે મોડી સાંજે રુદ્રપ્રયાગના નગરાસૂ સ્થિત ગુરુદ્વારામાં પંજાબથી આવેલા નિહંગોએ કબજો કરી લીધો. તેમણે બે લોકોને બંધક પણ બનાવ્યા. જોકે, વિવાદ વધતા નિહંગોએ એક વ્યક્તિને છોડી દીધો, જ્યારે એક સેવાદારને બંધક બનાવી રાખ્યો.

નિહંગોએ ચેતવણી આપી છે કે ગુરુદ્વારામાં ઘૂસનારને કાપી નાખશે. રવિવારે સવારે રુદ્રપ્રયાગના ડીએમ વિશાલ મિશ્રા નિહંગો સાથે વાતચીત કરવા પહોંચ્યા, પરંતુ તેમણે વાતચીત કરવાનો ઈનકાર કરી દીધો. આ પહેલા એસપી નિહારિકા તોમરે બે રાઉન્ડની વાતચીત કરીને તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વાતચીત નિષ્ફળ રહી.

ગુરુદ્વારાના સેવાદારોએ જણાવ્યું કે આ દરમિયાન નિહંગોએ એસપી નિહારિકા તોમરને ધમકી આપી. સેવાદારોના મતે, પ્રશાસને નિહંગોને વાતચીત માટે બોલાવ્યા, પરંતુ તેમણે નીચે આવવાનો ઈનકાર કરી દીધો. તેમણે એસપીને કહ્યું કે જો કોઈ ઉપર આવ્યું તો તેને કાપી નાખશે. સેવાદારોએ પ્રશાસન પાસે માગ કરી છે કે પકડાયેલા લોકોને કોઈ પણ કેસ વગર સન્માનપૂર્વક પંજાબ મોકલી દેવામાં આવે. પ્રશાસને સાવચેતીના ભાગરૂપે ગુરુદ્વારાની આસપાસના લગભગ 15 કિલોમીટર વિસ્તારમાં આગળના આદેશ સુધી ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે. આ વિસ્તાર ગુરુદ્વારા સાહિબના યાત્રા માર્ગ પર આવેલો છે. બીજી તરફ, પંજાબથી શીખ પ્રતિનિધિમંડળ ઉત્તરાખંડ પહોંચ્યું. તેમણે સરકાર અને પોલીસ પ્રશાસન પાસે હસ્તક્ષેપની માગ કરી છે.

## કોલકાતામાં મોદીએ કહ્યું, યોગ આમાં ખૂબ જ મદદરૂપ, તે બધાને જોડે છે, PMએ 35 હજાર લોકો સાથે યોગ કર્યા

**કોલકાતા, તા.21**

પીએમ મોદી રવિવારે કોલકાતામાં 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમારોહમાં સામેલ થયા. તેમણે કહ્યું- આપણો લક્ષ્ય 40 વર્ષની ઉંમરે 20 વર્ષની ઉંમર કરતાં વધુ લચીલા હોવું અને 50 વર્ષની ઉંમરે 30 વર્ષની ઉંમર કરતાં વધુ ઊર્જાવાન હોવું જોઈએ.

પીએમએ કહ્યું કે યોગ દુનિયાનો સૌથી મોટો સામુદાયિક ઉત્સવ બની ચૂક્યો છે, જે લોકો, દેશો અને સંસ્કૃતિઓને એકસાથે જોડે છે. તેમણે કહ્યું કે 21 જૂન, જે પૃથ્વીનો સૌથી લાંબો દિવસ માનવામાં આવે છે, હવે આખી દુનિયામાં યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.



આ વખતે યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ કોલકાતાના ઐતિહાસિક 'રેડ રોડ' પર યોજાયો હતો. પીએમએ તાડાસન, અર્ધચક્રાસન, ભદ્રાસન અને ત્રિકોણાસન કર્યા. તેમની સાથે 35 હજાર લોકો કાર્યક્રમમાં સામેલ થયા. પીએમએ લગભગ 15 મિનિટ કાર્યક્રમને સંબોધિત કર્યો. 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'Yoga for Healthy Ageing' એટલે કે વધતી ઉંમર માટે યોગ છે. આ થીમનો હેતુ એ જણાવવાનો છે કે યોગ ફક્ત ફિટનેસનું માધ્યમ નથી, પરંતુ ઉંમર વધવાની સાથે શરીર, મન અને માનસિક સ્વાસ્થ્યને વધુ સારું જાળવી રાખવાનો પણ એક માર્ગ છે.

## ચીન-પાકિસ્તાનનું ટેન્શન વધશે: ભારતીય નેવીમાં ત્રણ યુદ્ધ જહાજ સામેલ થયા

**કોલકાતા, તા.21**

ત્રણ સ્વદેશી યુદ્ધ જહાજો INS દૂનાગીરી, INS સંશોધક અને એન્ટી-સબમરીન INS અગ્રય રવિવારે ભારતીય નૌકાદળમાં સામેલ થયા. તેમને દેશમાં જ ડિઝાઈન અને બનાવવામાં આવ્યા છે. INS સંશોધક એક વખતમાં સતત 12 હજાર કિલોમીટર સુધી જઈ શકે છે. INS દૂનાગીરી 8 બ્રહ્મોસ મિસાઈલોથી સજ્જ છે. જ્યારે, INS અગ્રય ભારતીય દરિયાકિનારા પાસે હાજર દુશ્મન સબમરીનોનો ખાતમો કરી શકે છે.

આ દરમિયાન કાર્યક્રમમાં પીએમ નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા. તેમણે કહ્યું કે આ નવા ભારતની સૌથી મોટી તાકાત છે. આજે ભારત સંરક્ષણ ક્ષેત્રમાં ફક્ત ખરીદનાર બનીને રહેવા માંગતો નથી. આપણી સૈન્ય શક્તિ દુનિયા માટે બજાર બની શકે નહીં. આપણી શક્તિની ઓળખ વિશ્વનું બજાર બનવામાં નહીં, પરંતુ આત્મનિર્ભરતામાં છે.

કોલકાતાના શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ પર ત્રણ સ્વદેશી યુદ્ધ જહાજો ભારતીય નૌકાદળમાં સામેલ થયા. દેશમાં જ ડિઝાઈન કરાયેલા અને બનાવેલા જહાજોના સમાવેશથી દેશની ઓપરેશનલ ક્ષમતાઓ વધી જશે.

આ જહાજોના નામ એડવાન્સ્ડ સ્ટીલ્થ ફ્રિગેટ INS દૂનાગિરી, સર્વે વેસલ INS સંશોધક અને એન્ટી-સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ INS અગ્રય છે. આ જહાજોને ભારતીય નૌકાદળના વોરશિપ



ડિઝાઈન બ્યુરોએ ડિઝાઈન કર્યા હતા અને કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા બનાવવામાં આવ્યા હતા. આ દરમિયાન કાર્યક્રમમાં પીએમ મોદી પણ હાજર રહ્યા. તેમણે કહ્યું કે આનું નિર્માણ ભારતમાં થયું છે. ડિઝાઈન ભારતમાં થયું છે. ભારતીય ઈજનેરોની કુશળતા અને પરિશ્રમ લાગ્યો છે. આ નવા ભારતની સૌથી મોટી તાકાત છે. આજે ભારત સંરક્ષણ ક્ષેત્રમાં માત્ર ખરીદનાર બનીને રહેવા માંગતું નથી.

આપણી સૈન્ય શક્તિ દુનિયા માટે બજાર બની શકે નહીં. આપણી શક્તિની ઓળખ વિશ્વનું બજાર બનવામાં નહીં, પરંતુ આત્મનિર્ભરતામાં છે. ભારત નિર્માતા બનવા માંગે છે. જે દિવસે નિર્માતા હશું ને, તે દિવસે નિર્ણાયક પણ હશું.

INS દૂનાગીરી પ્રોજેક્ટ-17Aનું 5મું સ્ટીલ્થ ફ્રિગેટ યુદ્ધ જહાજ છે. તેને નેવીના વૉરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેનું ઉત્પાદન કોલકાતાની ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (GRSE) દ્વારા કરવામાં આવ્યું છે.

તેને બ્રહ્મોસ સપાટીથી સપાટી પર પ્રહાર કરતી સુપરસોનિક મિસાઈલોથી સજ્જ કરવામાં આવ્યું છે. તેમાં હેલિકોપ્ટર સંચાલનની ક્ષમતા છે. તેની સ્ટીલ્થ ટેકનોલોજી દુશ્મનના રડારથી બચવામાં પણ મદદ કરશે.

જહાજના કમાન્ડિંગ ઓફિસર (ડિઝાઈનેટ) કેપ્ટન દિવ્ય આલોકે જણાવ્યું કે દૂનાગીરી ઈસ્ટ નેવલ કમાન્ડ અને ઈસ્ટર્ન ફ્લીટનો ભાગ બનશે. INS સંશોધક સર્વે વેસલ (લાર્જ) શ્રેણીનું ચોથું જહાજ છે. તેનું કામ યુદ્ધ લડવાનું નથી, પરંતુ સમુદ્રનો સર્વે કરવાનું છે. તેને કિનારા અને ઊંડા સમુદ્રમાં હાઈડ્રોગ્રાફિક સર્વે, દરિયાઈ ડેટા કલેક્શન અને સંરક્ષણ-નાગરિક ઉપયોગ માટે બનાવવામાં આવ્યું છે. બંદરો અને દરિયાઈ માર્ગોનો સર્વે કરવો પણ તેના મુખ્ય કાર્યોમાં સામેલ છે.

## કોકરોચ જનતા પાર્ટીનો બીજા દિવસે પણ પ્રદર્શન શરૂ: પ્રદર્શનકારીઓએ રાતભર જંતર-મંતર પર ધરણા કર્યા

**નવી દિલ્હી, તા.21**

NEET પેપર લીકના વિરોધમાં કોકરોચ જનતા પાર્ટી (CJP)નું જંતર-મંતર પર રવિવારે બીજા દિવસે પણ પ્રદર્શન ચાલુ છે. પ્રદર્શનકારીઓ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગને લઈને રાતભર જંતર-મંતર પર બેઠા રહ્યા. CJPના સ્થાપક અભિજીત દીપકે કહ્યું કે પ્રધાનના રાજીનામા સુધી આંદોલન ચાલુ રહેશે. રવિવારે સવારે તેઓ સાથી પ્રદર્શનકારીઓ સાથે ક્રિકેટ રમતા જોવા મળ્યા. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી છે કે તેઓ પરીક્ષા પછી પ્રદર્શનમાં પહોંચે.

આ પહેલા શનિવારે સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુક પણ પ્રદર્શનમાં જોડાયા. તેમણે કહ્યું કે જો ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે, તો તેઓ 27 જૂનથી અનશન શરૂ કરશે.

થાળી વગાડીને વિરોધ કર્યો: પ્રદર્શનકારીઓએ થાળી વગાડીને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વિરુદ્ધ ગો-પ્રધાન-ગો ના નારા લગાવ્યા. દીપકે કહ્યું કે જો થાળી વગાડવાથી કોરોના ખતમ થઈ શકે છે, તો શિક્ષણ મંત્રીને હટાવવા માટે પણ થાળી વગાડવી જોઈએ.

'જ્યાં સુધી ન્યાય નહીં મળે, આંદોલન ચાલુ રહેશે': દીપકે કહ્યું કે NEET વિદ્યાર્થીઓ સાથે અન્યાય થયો છે. જ્યાં સુધી વિદ્યાર્થીઓને ન્યાય નહીં મળે, આંદોલન ચાલુ રહેશે.

1-1 કરોડ વળતરની માગ: દીપકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને આત્મહત્યા કરનાર NEET વિદ્યાર્થીઓના પરિવારોને 1-1 કરોડ રૂપિયા વળતર આપવાની માગ કરી છે. સાથે જ ધર્મેન્દ્ર




પ્રધાનના રાજીનામાની પણ માગ કરી છે. રાહુલ ગાંધીને સમર્થન માટે અપીલ: દીપકે કહ્યું કે જે નેતાઓ વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને ચિંતિત છે, તેમણે આગળ આવીને વિદ્યાર્થીઓને સમર્થન આપવું જોઈએ. તેમણે કહ્યું કે આ મુદ્દે તેમની રાહુલ ગાંધી સાથે કોઈ વાતચીત થઈ નથી.

કોકરોચ જનતા પાર્ટી (CJP)ની શરૂઆત ચીફ જસ્ટિસ સૂર્યકાંતની એક ટિપ્પણી બાદ થઈ. 15 મેના રોજ એક કેસની સુનાવણી દરમિયાન તેમણે કહ્યું હતું કે કેટલાક બેરોજગાર યુવાનો કોકરોચ જેવા હોય છે, જેઓ પછીથી મીડિયા, સોશિયલ મીડિયા કે RTI એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરે છે.

આ ટિપ્પણીના બીજા દિવસે, 16 મેના રોજ અમેરિકામાં રહેતા અભિજીત દીપકે CJPની શરૂઆત કરી અને સોશિયલ મીડિયા પર પાર્ટીના એકાઉન્ટ બનાવ્યા. 22 મેના રોજ તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે એક ઓનલાઈન અરજી શરૂ કરી, જેને 8 લાખથી વધુ લોકોનું સમર્થન મળવાનો દાવો કરવામાં આવ્યો.

10 જૂન સુધીમાં CJPના ઈન્સ્ટાગ્રામ પર 2.27 કરોડ ફોલોઅર્સ હતા. હવે તેમાં બે લાખનો ઘટાડો થયો છે. તેમ છતાં આ સંખ્યા ભાજપના 94 લાખ અને કોંગ્રેસના 1.37 કરોડ ફોલોઅર્સ કરતાં વધુ છે. X પર CJPના 2.79 લાખ ફોલોઅર્સ છે.

30 વર્ષના અભિજીત મહારાષ્ટ્રના સંભાજી નગરના રહેવાસી ડિજિટલ મીડિયા સ્ટ્રેટેજિસ્ટ છે. અભિજીતે પુણેથી પત્રકારત્વનો અભ્યાસ કર્યો છે. હાલમાં, અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાં પબ્લિક રિલેશન્સમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહ્યા છે.



# રાજ્યમાં 24 અને 25 જૂને મીની વાવાઝોડાની આગાહી

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં ભારે પવન સાથે વરસાદ પડશે, ગુજરાતમાં 5 દિવસ ચોમાસું બેસવાના કોઈ એંધાણ નહીં

**અમદાવાદ, તા.21**

ગુજરાતમાં સતત ચોથા દિવસે પ્રે-મોનસૂન એક્ટિવિટીનો વરસાદ નોંધાયો છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 9 તાલુકામાં મેઘમહેર જોવા મળી છે, જેમાં સૌથી વધુ અમરેલીમાં 1.61 ઈંચ, જ્યારે સૌથી ઓછો થરાદમાં 1 મિમી વરસાદ નોંધાયો છે. તો બીજી તરફ તાપમાનમાં પણ સામાન્ય વધારો નોંધાયો છે. રાજ્યમાં 40C સાથે અમદાવાદ, રાજકોટ અને સુરેન્દ્રનગર સૌથી ગરમ રહ્યાં.

આજે સવારના 6થી 10 વાગ્યા સુધીમાં રાજ્યના 3 તાલુકામાં વરસાદ નોંધાયો છે. નવસારીના ચિખલીમાં 5 મિમી, સુરતના અંબિકામાં 3 મિમી અને નવસારીમાં 1 મિમી વરસાદ પડ્યો છે. નવસારી શહેર અને આજુબાજુના વિસ્તારોમાં સવારથી જ વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. શહેરના ઇટાળવા, જમાલપોર વિસ્તારમાં વરસાદી ઝાપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

દેશના મોટાભાગના વિસ્તારોમાં પ્રી-મોન્સુન સક્રિય છે. હવામાન વિભાગે આજે 20થી વધુ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ચોમાસું જે રાજ્યોને આવરી ચૂક્યું છે, ત્યાં ભારે વરસાદ ચાલુ છે. સિક્કિમના 6 જિલ્લાઓ અને હિમાલયની તળેટીમાં આવેલા બંગાળના 5 જિલ્લાઓમાં રવિવારે ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા MP-રાજસ્થાન સહિત 20 રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 3 કલાકમાં ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ અને હળવા પવન સાથે હળવો વરસાદ પડી શકે છે. જેમાં ખાસ કરીને અમરેલી, ભાવનગર, બોટાદ, અમદાવાદ, કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, પાટણ અને મહેસાણા જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં હળવો વરસાદ થવાની સંભાવના છે. આ વિસ્તારોમાં કલાકના 40 કિલોમીટરથી ઓછી ઝડપે પવન ફૂંકાઈ શકે છે અને વીજળી પડવાની સંભાવના ખૂબ જ ઓછી (30% થી ઓછી) સેવાઈ રહી છે. આ ઉપરાંત, દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પણ મેઘમહેર જોવા મળી શકે છે. ડાંગ, નવસારી, વલસાડ, દમણ તેમજ દાદરા અને નગર હવેલીના છૂટાછવાયા વિસ્તારોમાં પણ હળવા વરસાદની પૂરેપૂરી શક્યતા છે.

અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે પણ વરસાદી વાતાવરણ યથાવત રહ્યું છે, જેના ભાગરૂપે સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાં નોંધાયા હતા. તાલુકાના જાબાળ, દેતડ અને દોલતી સહિતના ગામોમાં અચાનક વરસાદી હેલી શરૂ થતાં સમગ્ર પંથકના વાતાવરણમાં સરસ ઠંડક પ્રસરી ગઈ હતી. લાંબા સમયના અસહ્ય ઉકળાટ બાદ પડેલા આ વરસાદને કારણે સ્થાનિક ખેડૂતોમાં હર્ષ અને આશાની લાગણી જોવા મળી છે. જોકે, જિલ્લામાં હજુ સુધી કોઈ જગ્યાએ સારો અને ભરપૂર વરસાદ નોંધાયો ન હોવાથી જગતનો તાત ચિંતાતુર પણ છે. હાલ માત્ર હળવા ઝાપટાં પડ્યા હોવાથી ધરતીપુત્રો હવે વહેલી તકે વાવણીલાયક ધોધમાર વરસાદ વરસે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે, જેથી ખેતીની પ્રક્રિયાને વેગ આપી શકાય.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિસ્ટમ સક્રિય છે જે ટ્રફના સ્વરૂપે સરેરાશ દરિયાઈ સપાટીથી 5.8 કિમીની ઊંચાઈ પર આવેલું છે. આ સાથે જ ઉત્તર ગુજરાતથી એક ટ્રફ લાઇન 5.8 km ઉપર સુધી વિસ્તરીને પશ્ચિમ અરબી સમુદ્ર તરફ ગઈ છે. આ સિસ્ટમના પ્રભાવને લીધે આગામી સાત દિવસો દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત રીજનના



છૂટાછવાયા સ્થળો પર હળવો કે મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર અને કચ્છના લગભગ તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ થઈ શકે છે, જ્યારે ગુજરાત રીજનમાં મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના ભાગો ઉપરાંત આણંદ, છોટાઉદેપુર અને અમદાવાદ જિલ્લામાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

આગામી દિવસોમાં વરસાદની સાથે વાવાઝોડાની સ્થિતિ પણ જોવા મળી શકે છે. પ્રથમ દિવસે કેટલાક સ્થળોએ 40થી 50ની ઝડપે પવન ફૂંકાવા સાથે વરસાદ પડી શકે છે, જેમાં અમરેલી, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, તેમજ દમણ અને દાદરા નગર હવેલી જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. તાપમાનની વાત કરીએ તો, છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાનમાં કોઈ વિશેષ ફેરફાર થયો નથી અને આગામી સાત દિવસમાં પણ કોઈ મોટા બદલાવની શક્યતા નથી. અગાઉ અમદાવાદ, સુરેન્દ્રનગર અને રાજકોટમાં સૌથી વધુ 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. વરસાદના આંકડા જોઈએ તો, સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં સૌથી વધુ 41 mm વરસાદ અને અમદાવાદ જિલ્લામાં 2 mm વરસાદ નોંધાયો હતો.

દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રેશર ગ્રેડિયન્ટને કારણે પવનની ગતિ સામાન્ય કરતાં વધુ રહેવાની આશંકા છે. ચોથા અને પાંચમા (24 અને 25 જૂન) દિવસે ઉત્તર ગુજરાતના દરિયાકાંઠે તીવ્ર પવન ફૂંકાઈ શકે છે, જેની ગતિ 45થી 55 km પ્રતિ કલાકની અને પવનના ઝાપટાંની ઝડપ 65 km/h સુધી પહોંચી શકે તેમ હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા માટે ખાસ ચેતવણી આપવામાં આવી છે.

23 જૂનની આસપાસ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું મહારાષ્ટ્રના કેટલાક વધુ ભાગો, તેલંગાણા, ઓડિશા, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢમાં આગળ વધશે. જો કે, ગુજરાતમાં આગામી ચાર-પાંચ દિવસમાં ચોમાસું આગળ વધવાના કોઈ સંકેતો નથી. નવી પરિસ્થિતિ સર્જાશે તે મુજબ આગળની અપડેટ જાહેર કરવામાં આવશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. આવતીકાલથી (22 જૂન) વરસાદનું જોર માત્ર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો પૂરતું સીમિત રહેશે.

21 અને 22 જૂન: ઉત્તર ગુજરાતના ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ અને દાહોદમાં; દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં અને સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાતના બાકીના જિલ્લાઓ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે.

24થી 26 જૂન: વરસાદી ગતિવિધિઓ ઘટશે. ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં હવામાન સૂકું થઈ જશે. માત્ર દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ (વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી)માં અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ તેમજ દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ ચાલુ રહેશે.

છેલ્લા 24 કલાકમાં ગુજરાતના વાતાવરણમાં મિશ્ર ઉતાર-ચડાવ જોવા મળ્યો છે. રાજ્યમાં ગરમીનો સૌથી મોટો વધારો ગાંધીનગરમાં 1.2Cનો નોંધાયો છે, જ્યાં પારો 38.6Cથી વધીને 39.8C પર પહોંચ્યો છે. આ જ રીતે વડોદરામાં તાપમાન 1.1C વધીને 37.6C, દીવમાં 0.9C વધીને 34.6C, રાજકોટમાં 0.5C વધીને 40.0C, કંડલામાં 0.5C વધીને 39.0C, ભુજમાં 0.3C વધીને 37.0C તેમજ સુરત અને અમદાવાદ બંનેમાં 0.2Cના વધારા સાથે અનુક્રમે 35.6C અને 40.2C તાપમાન નોંધાયું છે. આ વધારા સાથે 20 જૂને અમદાવાદ અને રાજકોટ બંને સંયુક્ત રીતે રાજ્યના સૌથી ગરમ શહેરો રહ્યા છે.

બીજી તરફ, રાજ્યના કેટલાક વિસ્તારોમાં ગરમીના પારામાં ઘટાડો પણ નોંધાયો છે. સૌથી મોટો ઘટાડો ભાવનગરમાં 1.6Cનો થયો છે, જ્યાં પારો 38Cથી ગગડીને 36.4C પર આવી ગયો છે. આ જ પ્રમાણે દમણમાં 1.2Cના ઘટાડા સાથે 36.2C, અમરેલીમાં 0.6Cના ઘટાડા સાથે 37.3C અને ડીસામાં 0.5Cના ઘટાડા સાથે 38.3C તાપમાન નોંધાયું છે. સુરેન્દ્રનગરમાં તાપમાન 0.3C ઘટીને 40.0C, પોરબંદરમાં 0.2C ઘટીને 34.5C તેમજ દ્વારકા અને વેરાવળ બંનેમાં 0.1Cના સામાન્ય ઘટાડા સાથે અનુક્રમે 34.7C અને 33.4C તાપમાન રહ્યું છે, જેમાં વેરાવળ સમગ્ર રાજ્યનું સૌથી ઓછું મહત્તમ તાપમાન ધરાવતું કેન્દ્ર બન્યું છે. આ સિવાય કંડલા એરપોર્ટ 39.0C અને નલિયા 35.0C પર સ્થિર રહીને પોતાના અગાઉના દિવસના તાપમાનને જાળવી રાખવામાં સફળ રહ્યા છે.

# રાધિકા જીમખાના હત્યાકાંડ અને પૂર્વ સાંસદની હત્યાનો દોષિત રાજસ્થાનથી ઝડપાયો

## આજીવન કેદની સજા બાદ 7 વર્ષથી પેરોલ જમ્પ કરી ફરાર થયો હતો, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઘૂંટણિયે પાડ્યો

**અમદાવાદ, તા.21**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક સફળ ઓપરેશન હાથ ધરીને અબ્દુલ લતીફ ગેંગના શૂટર, રાધિકા જીમખાના હત્યાકાંડ અને પૂર્વ સાંસદ રઉફ વલીઉલ્લાહની હત્યાના દોષિત મોહમ્મદ તસ્લીમ (મોહમ્મદ તસ્લીમ મોહમ્મદ ઉમર શેખ)ની રાજસ્થાનથી ધરપકડ કરી છે.

વર્ષ 2019માં કામચલાઉ પેરોલ રજા દરમિયાન કાનૂની કસ્ટડીમાંથી ભાગી ગયેલો આ આરોપી છેલ્લા 7 વર્ષથી ફરાર હતો. ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે આરોપી શૂટરને રાજસ્થાનથી પકડી પાડવામાં આવ્યો છે.

કુખ્યાત અંડરવર્લ્ડ ડોન અબ્દુલ લતીફના કમાન્ડ હેઠળ 1990ના દાયકામાં ગેંગ વોરની ચરમસીમા દરમિયાન મોહમ્મદ તસ્લીમ સૌથી ક્રૂર અને વિશ્વસનીય શાર્પ શૂટરોમાંનો એક હતો. વર્ષ 2019માં પેરોલ જમ્પ પછી તે પોલીસથી બચવા માટે સતત પોતાની ઓળખ, રહેઠાણના સ્થાનો અને સંદેશાવ્યવહારની પદ્ધતિઓ બદલીને અનેક રાજ્યોમાં આશ્રય લઈ રહ્યો હતો. હાલમાં તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને સાબરમતી સેન્ટ્રલ જેલમાં પરત મોકલવા માટેની જરૂરી કાનૂની પ્રક્રિયાઓ ગતિમાન કરવામાં આવી છે.

આરોપી મોહમ્મદ તસ્લીમ રાધિકા જીમખાના સામૂહિક હત્યાકાંડ અને રઉફ વલીઉલ્લાહ હત્યા કેસમાં અદાલત દ્વારા આજીવન કેદની સજા પામેલો ગુનેગાર છે. તેના મુખ્ય ગુનાહિત કૃત્યોની વિગતો નીચે મુજબ છે.

3 ઓગસ્ટ, 1992ના રોજ અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલી રાધિકા જીમખાના ક્લબ પર હરીફ બુટલેગર હંસરાજ ત્રિવેદીને ખતમ કરવાના ઈરાદે



ભારે સશસ્ત્ર હિટ સ્ક્વોડ સાથે તસ્લીમે હુમલો કર્યો હતો. જેમાં AK-47 અને ઓટોમેટિક હથિયારોથી આડેધડ ગોળીબાર કરીને 9 વ્યક્તિઓની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. ગુજરાતના ગેંગ વોરના ઈતિહાસમાં AK-47 હથિયારનો આ પ્રથમ રેકોર્ડેડ ઉપયોગ હતો.

9 ઓક્ટોબર 1992ના રોજ અમદાવાદના પાલડી વિસ્તારમાં ટાઉન હોલ રેલવે અંડરબ્રિજ નજીક કોંગ્રેસના પૂર્વ રાજ્યસભા સાંસદ રઉફ વલી ઉલ્લાહની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. અંડરવર્લ્ડ ડોન અબ્દુલ લતીફના ઈશારે શાર્પ શૂટર્સે આ ગુનાને અંજામ આપ્યો હતો, કારણ કે રઉફ વલી ઉલ્લાહ લતીફ ગેંગ, પોલીસ અને રાજકારણીઓની સાંઠગાંઠનો અહેવાલ તત્કાલીન વડાપ્રધાનને સોંપવાના હતા.

રઉફ વલી ઉલ્લાહ જ્યારે પાલડી ખાતે આવેલી એક ઝેરોક્ષની દુકાન પાસે ઊભા હતા, ત્યારે શૂટર્સે પોઈન્ટ બ્લેન્ક રેન્જ (એકદમ નજીકથી)થી અંધાધૂંધ ગોળીબાર કરીને તેમની હત્યા કરી દીધી હતી. આ હાઈ-પ્રોફાઈલ હત્યાની સોપારી દુબઈથી કુખ્યાત અંડરવર્લ્ડ ડોન અબ્દુલ લતીફ દ્વારા આપવામાં આવી હતી. આ ગુનાહિત કાવતરાનું સમગ્ર પ્લાનિંગ લતીફના ખાસ સાથીદારો રસૂલ પાર્ટી (રસૂલ ખાન પઠાણ) અને હસન લાલાએ ગોઠવ્યું હતું, જ્યારે મોહમ્મદ ફારુક, સાજીદ ઉર્ફે ડેની, અને મોહમ્મદ ઉમર ઉર્ફે ફાઈટર સહિતના સાત સભ્યોની ટોળકીએ શાર્પ શૂટર્સ તરીકે આ ઘટનાને અંજામ આપ્યો હતો.

વર્ષ 2007માં સ્પેશિયલ ટાડા (TADA) કોર્ટે આ કેસની સુનાવણી પૂરી કરીને મોહમ્મદ ઉમર ઉર્ફે ફાઈટર, સાજીદ ડેની, અને મોહમ્મદ ફારુક સહિત કુલ 7 આરોપીઓને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારબાદ, નવેમ્બર 2008માં સુપ્રીમ કોર્ટે પણ આ ચુકાદાને યોગ્ય ગણાવીને તમામ આરોપીઓની આજીવન કેદની સજા કાયમ રાખી હતી.

બીજી તરફ, મુખ્ય સૂત્રધાર અબ્દુલ લતીફ 1995માં દિલ્હીથી પકડાયો હતો અને 29 નવેમ્બર 1997ના રોજ અમદાવાદની સાબરમતી જેલ નજીક પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો. જો કે, આ કાવતરાના મુખ્ય સૂત્રધારો શરીફ ખાન અને રસૂલ પાર્ટી દેશ છોડીને ભાગી જવામાં સફળ રહ્યા હતા, જેઓ આજે પણ મોસ્ટ વોન્ટેડ ગુનેગાર તરીકે ફરાર છે.

# સલાબતપુરામાં આતંક મચાવનારા આસિફ ગાંડાની સાન ઠેકાણે આવી

**સુરત, તા.21**

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ડહોળવાનો પ્રયાસ કરનારા અસામાજિક તત્વો સામે સુરત પોલીસે લાલ આંખ કરી છે. શહેરના સલાબતપુરા વિસ્તારમાં ગતરાત્રિએ એક ફરિયાદીના ઘરમાં ઘૂસી, ચપ્પુ બતાવી, બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપનાર કુખ્યાત રીઢા ગુનેગાર આસીફ ઉર્ફે આસીફ ગાંડા અને તેની ટોળકીના અન્ય ત્રણ સાગરીતોને સલાબતપુરા પોલીસ ટીમે ગણતરીના કલાકોમાં જ દબોચી લીધા છે. પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, આ ઘટના 20 જૂન, 2026ના રોજ મોડી રાત્રે બની હતી. સલાબતપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા ફરિયાદી પોતાના ઘરે હાજર હતા, તે સમયે અચાનક જ તે વિસ્તારનો રીઢો ગુનેગાર આસીફ ગાંડો તેના ત્રણ સાગરીતો સાથે ફરિયાદીના ઘરે ધસી આવ્યો હતો. આરોપીઓએ કોઈ પણ કારણ વગર ફરિયાદીના ઘર પાસે આવી જાહેરમાં બિભત્સ ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. જ્યારે ફરિયાદીએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે આસીફ ગાંડાએ પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી ફરિયાદીને બતાવી, હવામાં લહેરાવી આતંક મચાવ્યો હતો. આરોપીઓએ ફરિયાદીને જાહેરમાં જાનથી મારી નાખવાની ગંભીર ધમકી આપી હતી. અડધી રાત્રે બનેલી આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં અને પરિવારમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો. આરોપીઓ ધમકી આપીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.આ ઘટના અંગે ભયભીત થયેલા ફરિયાદીએ તાત્કાલિક સલાબતપુરા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો અને સમગ્ર આપવીતી જણાવી ગુનાહિત ટોળકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ઉચ્ચ અધિકારીઓએ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું હતું.

# અસારવા સિવિલમાં યોગ દિવસની ભવ્ય ઉજવણી: 1200 બેડની હોસ્પિટલમાં ડૉક્ટર્સ

**અમદાવાદ, તા.21**

શહેરની અસારવા સ્થિત 1200 બેડની સિવિલ હોસ્પિટલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. "યોગઃ કર્મસુ કૌશલમ્" અને "યોગ ફોર વન અર્થ, વન હેલ્થ" ના વૈશ્વિક સંદેશ સાથે યોજાયેલા આ ખાસ કાર્યક્રમમાં સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી સહિત મોટી સંખ્યામાં ફેકલ્ટી ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને અન્ય આરોગ્યકર્મીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રોજેરોજ દર્દીઓની સેવામાં વ્યસ્ત રહેતા તબીબી જગતના આ લોકોએ આજે પોતાના સ્વાસ્થ્ય માટે સમય ફાળવીને યોગને જીવનમાં ઉતારવાનો શ્રેષ્ઠ સંદેશ આપ્યો હતો. યોગ નિષ્ણાત ડૉ. નમ્રતા શાહ અને સમતા પુંજવાણીએ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનની ક્રિયાઓનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે યોગને દૈનિક જીવનનો ભાગ બનાવી શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય જાળવવાના મહત્વ સમજાવ્યું હતું. યોગ સત્ર દરમિયાન ઉપસ્થિત તમામ આરોગ્યકર્મીઓએ એકસાથે યોગાભ્યાસ કરી "યોગ ફોર વન અર્થ, વન હેલ્થ"ના વૈશ્વિક સંદેશને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

યોગાભ્યાસ બાદ નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ રોમાંચ ઉપાધ્યાય અને નર્સિંગ અધિકારી જલ્પાબેન પરમારે ભજનની રજૂઆત કરી હતી. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોને આરોગ્યપ્રદ અને પૌષ્ટિક નાસ્તો પીરસવામાં આવ્યો હતો, જેમાં કેળા, ફણગાવેલા મગ અને લીંબુ પાણીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સાથે નિયમિત યોગ, સંતુલિત આહાર અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ, ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, યોગ માત્ર શરીરને તંદુરસ્ત રાખવાનું સાધન નથી, પરંતુ મનને શાંત, એકાગ્ર અને સકારાત્મક બનાવવાની શ્રેષ્ઠ જીવનપદ્ધતિ છે. આરોગ્યકર્મીઓ માટે યોગ તણાવમુક્તિ, કાર્યક્ષમતા અને માનસિક સંતુલન જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ

## ત્રણેય રથનું કલરકામ અને મજબૂતાઈ ચકાસવામાં આવી, રથયાત્રા પહેલા જેઠ સુદ પૂનમે જળયાત્રા યોજાશે

**અમદાવાદ, તા.21**

અમદાવાદના જમાલપુર સ્થિત ઐતિહાસિક જગન્નાથ મંદિરમાં આગામી જળયાત્રા અને રથયાત્રાને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અમદાવાદમાં અષાઢી બીજે નીકળનારી ભગવાન જગન્નાથજીની વિશ્વપ્રસિદ્ધ રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે મંદિર પરિસરમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રથયાત્રાના પૂર્વાર્ધ સમાન આગામી જળયાત્રા અને ત્યારપછી યોજાનારી 149મી રથયાત્રાને ભવ્ય અને સુરક્ષિત બનાવવા માટે મંદિર પ્રશાસન અને તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે.



અમદાવાદનું જમાલપુર જગન્નાથ મંદિર અત્યારે ભક્તિના રંગે રંગાયું છે. અષાઢી બીજના પવિત્ર દિવસે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજી નગરચર્યાએ નીકળવાના છે. પરંતુ તે પહેલાં જેઠ સુદ પૂનમના દિવસે યોજાનારી પરંપરાગત જળયાત્રાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સાબરમતી નદી કિનારે વૈદિક મંત્રોચ્ચાર સાથે સોનાના કળશમાં જળ લાવી ભગવાનનો જળાભિષેક કરવામાં આવશે.

બીજી તરફ, મહાપ્રભુજીના ત્રણેય પવિત્ર રથો–નંદીઘોષ, તાલધ્વજ અને પદ્મધ્વજને નવો ઓપ આપવાનું કામ ધોરણે ચાલી રહ્યું છે. રથના પૈડાંથી લઈને તેના શિખર સુધી કલરકામ અને મજબૂતીની ચકાસણી કરવામાં આવી રહી છે. ભગવાનના પોશાક અને ઘરેણાંને પણ ખાસ આકર્ષક લુક આપવામાં આવી રહ્યો છે. આ વર્ષે રથયાત્રામાં લાખો ભક્તો ઉમટી પડવાના હોવાથી મંદિર ટ્રસ્ટ અને પોલીસ પ્રશાસન વચ્ચે સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે.

અમદાવાદની ઓળખ સમાન જગન્નાથજીની રથયાત્રાને લઈને ભક્તોમાં ભારે ઉત્સુકતા છે. કોમી એકતાના પ્રતીક સમાન આ યાત્રા શાંતિપૂર્ણ અને ભક્તિમય માહોલમાં સંપન્ન થાય તે માટે માત્ર મંદિર જ નહીં, પરંતુ ગૃહ વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશન પણ સજ્જ બન્યું છે. આગામી દિવસોમાં યોજાનારી જળયાત્રા બાદ ભગવાન પંદર દિવસ માટે મોસાળ સરસપુર જશે અને ત્યારબાદ અષાઢી બીજે નગરચર્યાએ નીકળશે, જેના સ્વાગત માટે અત્યારથી જ આખું અમદાવાદ 'જય જગન્નાથ'ના નારા સાથે ગુંજી રહ્યું છે.

# કતારગામમાં રિક્ષામાંથી 5.5 કિલો ગાંજો ઝડપાયો: પ્રમુખ સ્વામી ઓવરબ્રિજ પર રિક્ષાને આંતરી બિહારી શખસને દબોચી લેવાયો

**સુરત, તા.21**

સુરત શહેરમાં નશાના ગેરકાયદેસર કારોબાર સામે પોલીસે વધુ એક મોટી સફળતા મેળવી છે. કતારગામથી વરાછા તરફ જતા પ્રમુખ સ્વામી ઓવરબ્રિજ પરથી એક ઓટો રિક્ષામાંથી લાખો રૂપિયાની કિંમતનો માદક પદાર્થ ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ મામલે પોલીસે એક રિક્ષા ચાલકની ધરપકડ કરી છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, સુરત શહેરમાં નાર્કોટિક્સ પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ થતું અટકાવવા માટે પોલીસ સતત પેટ્રોલિંગ અને વોચમાં હતી. આ દરમિયાન પોલીસને એક ચોક્કસ બાતમી મળી હતી કે કતારગામથી વરાછા તરફ જતા રોડ પર આવેલા પ્રમુખ સ્વામી ઓવરબ્રિજ પરથી એક રિક્ષામાં માદક પદાર્થનો મોટો જથ્થો પસાર થવાનો છે.

આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક પ્રમુખ સ્વામી ઓવરબ્રિજ પર વોચ ગોઠવી દીધી હતી. બાતમીમાં જણાવ્યા મુજબની એક પીળા-લીલા રંગની ઓટો રિક્ષા ત્યાંથી પસાર થતાં જ પોલીસે તેને કોર્ડન કરીને અટકાવી લીધી હતી.

પોલીસે અટકાવેલી ઓટો રિક્ષા નંબર: GJ-05-CZ-2171ની કાયદેસરની પ્રક્રિયા સાથે સઘન તલાશી લીધી હતી. તપાસ દરમિયાન રિક્ષામાંથી ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે ઘટનાસ્થળેથી જ રિક્ષા ચલાવતા આરોપી મોહમ્મદ અહેસાન અલી સ ન / ઓ મુખ્તાર શાહ ઉંમર વર્ષ 29ની ધરપકડ કરી લીધી હતી.



પકડાયેલો આરોપી મૂળ બિહારના ખાગડીયા જિલ્લાના જમાલપુરનો વતની છે અને હાલમાં તે સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલા દિનદયાલ નગરમાં સાઈબાબા મંદિરની સામે ભાડેથી રહેતો હતો. તે સુરત શહેરમાં રિક્ષા ચલાવવાની આડમાં આ નશાનો કાળો કારોબાર કરતો હોવાનું સામે આવ્યું છે.

પોલીસે ઘટનાસ્થળેથી નશાના વેપારમાં ઉપયોગમાં લેવાયેલી તમામ વસ્તુઓ અને માદક પદાર્થ કબજે લીધો છે. જેમાં પોલીસે રિક્ષામાંથી કુલ 5 કિલો 500 ગ્રામ ગાંજો ઝડપી પાડ્યો છે, જેની અંદાજિત કિંમત રૂ. 2,75,500 થાય છે. ગુનામાં વાહન તરીકે ઉપયોગમાં લેવાયેલી પીળા-લીલા રંગની ઓટો રિક્ષા પણ જપ્ત કરાઈ છે, જેની કિંમત રૂ. 1,50,000 અંકાયા છે. આરોપી પાસેથી ઓપ્પો કંપનીનો ૧ નંગ સ્માર્ટફોન મળી આવ્યો છે, જેની કિંમત રૂ. 5,000 છે. આમ પોલીસે આ ઓપરેશન દરમિયાન કુલ રૂ. 4,30,500નો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાયદેસરની તજવીજ શરૂ કરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછ અને તપાસ દરમિયાન આ ગુનામાં અન્ય બે સ્થાનિક શખ્સોની સંડોવણી પણ સામે આવી છે. જેમાં નિલુ પાંડી ઉર્ફે સાનુ અને ગોરા પિલ્લા નામના બે શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ બંને આરોપીઓ નશાના આ નેટવર્કના મુખ્ય સૂત્રધારો હોવાની શંકા છે, જેમને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

આ સમગ્ર મામલે પકડાયેલા રિક્ષા ચાલક અને વોન્ટેડ આરોપીઓ વિરૂદ્ધ સુરત શહેરના કતારગામ પોલીસ સ્ટેશન ખાતે એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. આ ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને સુરતમાં કોને-કોને સપ્લાય કરવાનો હતો, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૦. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૨૦ 33, ૯૯૯૮

# ટ્રમ્પની ઈરાનને ચેતવણી- હિઝબુલ્લાહને નહીં રોકે તો ફરી હુમલો કરશે

## સ્વિટ્ઝર્લેન્ડમાં US-ઈરાન વાતચીત શરૂ, વેન્સ બોલ્યા- બંને દેશો મળીને શાંતિ માટે કામ કરશે

**વોશિંગ્ટન, તા.21**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી કે તે લેબનોનમાં પોતાના સમર્થક સંગઠન હિઝબુલ્લાહની ગતિવિધિઓ પર રોક લગાવે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે જો ઈરાને હિઝબુલ્લાહને ન રોક્યો, તો અમેરિકા તેના પર ગયા અઠવાડિયા કરતાં પણ મોટો હુમલો કરશે.

આ દરમિયાન સ્વિટ્ઝર્લેન્ડના બુર્ગેનસ્ટોકમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીત શરૂ થઈ ગઈ છે. અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે વાર્તા દરમિયાન કહ્યું કે છેલ્લા કેટલાક કલાકોમાં સારી પ્રગતિ થઈ છે. તેમણે કહ્યું કે અમેરિકા અને ઈરાન મળીને શાંતિ અને સમૃદ્ધિ માટે કામ કરી શકે છે.

વેન્સના મતે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છે છે કે બંને દેશોના સંબંધોમાં નવો અધ્યાય શરૂ થાય અને આગામી 10 વર્ષમાં પશ્ચિમ એશિયાની તસવીર બદલાઈ જાય. પાકિસ્તાન અને કતારની મધ્યસ્થીમાં ચાલી રહેલી આ વાતચીતનો હેતુ ક્ષેત્રમાં તણાવ ઓછો કરવો અને સ્થાયી શાંતિની દિશામાં આગળ વધવાનો છે.

ઈરાન દ્વારા જહાજોને ચેતવણી: ઈરાનની રિવોલ્યુશનરી ફોર્સ (IRGC) એ જહાજોને હોર્મુઝ પાસેથી પસાર ન થવાની ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે જો તેઓ તેમ કરશે તો તેમની સુરક્ષાની કોઈ ગેરંટી રહેશે નહીં.

ઈરાની ટીમ સ્વિટ્ઝર્લેન્ડ રવાના: અમેરિકા સાથે વાતચીત કરવા માટે ઈરાનની ટીમ સ્વિટ્ઝર્લેન્ડ રવાના થઈ ગઈ છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે.

ભારત સાથે સંકળાયેલા 3 તેલ ટેન્કરોએ હોર્મુઝ પાર કર્યું: ભારતીય ધ્વજવાળા ત્રણ તેલ ટેન્કરો શનિવારે સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરીને ભારત માટે રવાના થયા. આ જહાજોમાં 8.6 લાખ મેટ્રિક ટનથી વધુ ક્રૂડ ઓઈલ અને 94 ભારતીય ક્રૂ મેમ્બર સામેલ છે.

નેતન્યાહુ બોલ્યા- હુમલા ચાલુ રાખીશું: ઇઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે ઇઝરાયલ પોતાની સુરક્ષા સાથે કોઈ સમાધાન નહીં કરે, અને દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહ પર હુમલા ચાલુ રાખશે.

ટ્રમ્પ બોલ્યા- પાકિસ્તાને ઘણી મદદ કરી: અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથે થયેલા કરાર (MoU) માં પાકિસ્તાને અમેરિકાને ઘણી મદદ કરી.

ઇઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં લેબનોનમાં મૃત્યુઆંક વધીને 4,106 થયો છે. લેબનોનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, 2 માર્ચથી અત્યાર



સુધીમાં 12,153 લોકો ઘાયલ થયા છે.

મંત્રાલયે જણાવ્યું કે મૃતકોમાં 383 મહિલાઓ, 251 બાળકો અને 135 આરોગ્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે.

ઇઝરાયલી સેના પ્રમુખ ઈયાલ ઝમીરે કહ્યું છે કે લેબનોનમાં યુદ્ધવિરામ અત્યંત નાજુક છે અને હિઝબુલ્લાહ સાથે લડાઈ ફરી શરૂ થઈ શકે છે. તેમણે સૈનિકોને કોઈપણ પરિસ્થિતિ માટે સંપૂર્ણપણે તૈયાર રહેવા જણાવ્યું.

ઝમીરે કહ્યું કે હિઝબુલ્લાહને મોટું નુકસાન થયું છે અને સેના તેને ફરીથી મજબૂત થવા દેશે નહીં. તેમના મતે, હિઝબુલ્લાહ હાલમાં ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું છે.

હોર્મુઝ સ્ટ્રેટ બંધ રહેવાના સમાચારો વચ્ચે ખાડી દેશોના શેરબજારોમાં ઘટાડો જોવા મળ્યો. રોકાણકારોની ચિંતા વધવાને કારણે સાઉદી અરેબિયા અને કતારના મુખ્ય સૂચકાંકો લાલ નિશાનમાં રહ્યા.

સાઉદી અરેબિયાનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ 0.4% ઘટ્યો. સાઉદી અરેબિયન માઈનિંગ કંપનીના શેર 2% તૂટ્યા, જ્યારે દેશની સૌથી મોટી બેંક સાઉદી નેશનલ બેંકના શેર 0.6% નીચે રહ્યા.

કતારનો મુખ્ય સૂચકાંક પણ 0.3% ઘટ્યો. ખાડી ક્ષેત્રની સૌથી મોટી બેંક કતાર નેશનલ બેંકના શેરોમાં 0.8%નો ઘટાડો નોંધાયો.

જ્યારે, ઈજિપ્તનો બ્લુ-ચિપ ઈન્ડેક્સ 0.1%ના નજીવા વધારા સાથે કારોબાર કરતો જોવા મળ્યો. રોકાણકારોની નજર હવે હોર્મુઝ સ્ટ્રેટ અને અમેરિકા-ઈરાન વાટાઘાટોના પરિણામો પર ટકેલી છે.

ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે તે લેબનોનમાં હિઝબુલ્લાહની ગતિવિધિઓ તરત રોકે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે જો ઈરાને આવું ન કર્યું, તો અમેરિકા તેના પર ફરીથી કડક કાર્યવાહી કરશે.

વેન્સે કહ્યું કે તાજેતરના કલાકોમાં વાતચીતમાં સારી પ્રગતિ થઈ છે. તેમણે કહ્યું કે અમેરિકા અને ઈરાન હવે એવું ભવિષ્ય જોઈ રહ્યા છે, જ્યાં બંને દેશો મળીને શાંતિ અને સમૃદ્ધિ માટે કામ કરી શકે.

વેન્સે ઈરાનને પ્રાદેશિક અસ્થિરતાનું કારણ ગણાવ્યું, પરંતુ કહ્યું કે વાતચીત સાચી દિશામાં આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છે છે કે ઈરાની જનતા સાથેના સંબંધોમાં નવો અધ્યાય શરૂ થાય. તેમના મતે, બંને દેશો સામે હવે સાથે મળીને શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાની તક છે.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે કહ્યું છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ અને તેમની વિચારસરણીએ પશ્ચિમ એશિયામાં રાજદ્વારી ઉકેલનો માર્ગ ખોલ્યો છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ એવું પશ્ચિમ એશિયા જોવા માંગે છે, જે આગામી 10 વર્ષમાં 10 વર્ષ પહેલાંની સરખામણીમાં સંપૂર્ણપણે અલગ હોય.

ઈજિપ્તની રાજધાની કૈરોમાં પાકિસ્તાન, સાઉદી અરેબિયા, તુર્કીયે અને ઈજિપ્તના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ X પર જણાવ્યું કે ચારેય દેશોના વિદેશ મંત્રીઓએ બેઠક કરીને પ્રાદેશિક પરિસ્થિતિઓ અને ઈસ્લામાબાદ સમજૂતી કરાર (MoU) પર ચર્ચા કરી.

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારને લઈને ઇઝરાયલમાં થયેલા એક સર્વેમાં 92% લોકોએ માન્યું કે આ ડીલથી ઈરાનને વધુ ફાયદો થયો છે.

સર્વે મુજબ, મોટી સંખ્યામાં ઇઝરાયલી નાગરિકોનું માનવું છે કે યુદ્ધ પછી થયેલા કરારમાં તેહરાનને આર્થિક અને રાજદ્વારી લાભ મળ્યો, જ્યારે ઇઝરાયલને અપેક્ષિત રાજકીય લાભ મળી શક્યો નહીં.

સર્વેમાં સામેલ 78% લોકોએ એ પણ માન્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ મુદ્દે ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને પાછળ છોડી દીધા અને અંતિમ કરારની દિશા નક્કી કરવામાં વોશિંગ્ટનની ભૂમિકા વધુ પ્રભાવી રહી.

કતારના વિદેશ મંત્રાલયે જાહેરાત કરી છે કે સ્વિટ્ઝર્લેન્ડમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટો શરૂ થઈ ગઈ છે. આ વાતચીત કતાર અને પાકિસ્તાનની મધ્યસ્થીમાં થઈ રહી છે.

કતારના વિદેશ મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે તેને આશા છે કે આ બેઠકો સમજૂતી કરાર (MoU) માં સમાવિષ્ટ તમામ મુદ્દાઓ પર એક વ્યાપક અને કાયમી કરાર સુધી પહોંચવામાં મદદ કરશે.

ઈરાન સાથેની વાતચીત પહેલાં અમેરિકા અને પાકિસ્તાનના નેતાઓએ રવિવારે સ્વિટ્ઝર્લેન્ડના બુર્ગેનસ્ટોકમાં મુલાકાત કરી.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, વિશેષ દૂત સ્ટીવ વિટકૉફ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ અને સેના પ્રમુખ આસિમ મુનીર સાથે વાતચીત કરી.

અમેરિકા સાથે થનારી વાતચીત પહેલાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્વિટ્ઝર્લેન્ડના વિદેશ મંત્રી ઈગ્નાઝિયો કેસિસ સાથે મુલાકાત કરી. બંને નેતાઓ વચ્ચે આ મુલાકાત બુર્ગેનસ્ટોકમાં થઈ, જ્યાં અમેરિકા અને ઈરાન વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત થવાની છે.

# ભારતે કહ્યું- PAK રાષ્ટ્રપતિનું નિવેદન નફરત ફેલાવનારું: અમારા મામલાઓમાં દખલ ન આપો

**ઈસ્લામાબાદ, તા.21**

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ભારતમાં મસ્જિદોને લઈને આપેલા ઉશ્કેરણીજનક નિવેદન પર ભારતે પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, પાકિસ્તાનને ભારતના આંતરિક મામલાઓમાં ટિપ્પણી કરવાનો કોઈ અધિકાર નથી.

વિદેશ મંત્રાલય દ્વારા શનિવારે જારી કરાયેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે માનવાધિકારના મામલામાં પાકિસ્તાનનો પોતાનો રેકોર્ડ ખૂબ જ ખરાબ રહ્યો છે, જેના પર દુનિયાભરમાં ચર્ચા થાય છે.

આવા સંજોગોમાં પાકિસ્તાન તરફથી આવા નિવેદનો વાહિયાત લાગે છે. અલગ-અલગ ધર્મોના લઘુમતીઓને સુનિયોજિત રીતે નિશાન બનાવવા અને તેમનું ઉત્પીડન કરવાનો પાકિસ્તાનનો લાંબો ઈતિહાસ જગજાહેર છે.

હકીકતમાં ઝરદારીએ કહ્યું હતું કે ભારતમાં ઘણા ઐતિહાસિક મુસ્લિમ ધાર્મિક સ્થળો ખતરામાં છે. તેમણે ખાસ કરીને વારાણસીની ગંજ શહીદા મસ્જિદનો ઉલ્લેખ કર્યો, જેને રેલવેએ ગેરકાયદેસર બાંધકામની નોટિસ ફટકારી છે.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ કાર્યાલયે શનિવારે એક પ્રેસ નોટ જાહેર કરી. જેમાં ઝરદારીએ કહ્યું



કે ભારતમાં ઘણા ઐતિહાસિક મુસ્લિમ ધાર્મિક સ્થળો જોખમમાં છે. તેમણે ખાસ કરીને વારાણસીની ગંજ શહીદા મસ્જિદનો ઉલ્લેખ કર્યો, જેને તેમણે લગભગ 1000 વર્ષ જૂની મસ્જિદ ગણાવી.

ઝરદારીએ ભારતને અપીલ કરી કે આવા ધાર્મિક સ્થળો વિરુદ્ધ કોઈપણ કાર્યવાહીને તરત રોકવામાં આવે. તેમનું કહેવું છે કે તેનાથી સામાજિક તણાવ વધી શકે છે અને દેશમાં અસ્થિરતા પેદા થઈ શકે છે.

તેમણે એમ પણ કહ્યું કે ભારતે લઘુમતીઓના અધિકારો અને સહિયારી સાંસ્કૃતિક વિરાસતનું રક્ષણ કરવું જોઈએ.

વારાણસીના કાશી રેલવે સ્ટેશનના પુનર્વિકાસ અને મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ પરિયોજના હેઠળ રેલવે પ્રશાસને સ્ટેશન પાસે આવેલી ગંજ શહીદા મસ્જિદને નોટિસ જારી કરીને 20 જૂન સુધીમાં પરિસર ખાલી કરવા જણાવ્યું હતું. રેલવેનું કહેવું છે કે મસ્જિદ રેલવેની જમીન પર બનેલું ગેરકાયદેસર માળખું છે અને 1991માં દાખલ કરાયેલા એક દીવાની મુકદમામાં ઓગસ્ટ 2024માં આવેલા નિર્ણય બાદ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રેલવેનું કહેવું છે કે 1991માં દાખલ કરાયેલો મુકદ્દમો 28 ઓગસ્ટ 2024ના રોજ રદ થયા બાદ મસ્જિદ હટાવવાનો રસ્તો સાફ થઈ ગયો. જ્યારે, મસ્જિદ પ્રબંધન સમિતિનો દાવો છે કે મામલો મસ્જિદના અસ્તિત્વ સાથે નહીં, પરંતુ તેના પૂર્વીય ભાગની જમીન સાથે જોડાયેલો હતો અને રેલવે અદાલતના નિર્ણયનું ખોટું અર્થઘટન કરી રહ્યું છે.

# દુનિયાની સૌથી લાંબી ઉડાનમાં 9 ટાઈમ ઝોન આવશે: પ્લેનમાં કૃત્રિમ સૂર્યોદય-સૂર્યાસ્ત

**સિડની, તા.21**

કલ્પના કરો કે તમે એક વિમાનમાં બેસો છો અને ક્યાંય રોકાયા વિના, આખો એક દિવસ એટલે કે લગભગ 20 થી 22 કલાક સુધી સતત આકાશમાં મુસાફરી કરો છો. સાતથી નવ ટાઈમ ઝોનને એકસાથે પાર કરવાની આ મુસાફરી કોઈપણ મનુષ્યના શરીર અને મગજને થકવવા માટે પૂરતી છે. પરંતુ વિજ્ઞાનની મદદથી હવે આ થકવી નાખનારી મુસાફરીને આરામદાયક અને સ્વસ્થ બનાવવા માટે એક મોટો પ્રયોગ થવા જઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયન એવિએશન કંપની 'ક્વોન્ટાસ એરવેઝ'એ 'સનરાઈઝ' પ્રોજેક્ટમાં વિશ્વની સૌથી લાંબી નોન-સ્ટોપ ફ્લાઈટ (સિડનીથી લંડન) માટે ખાસ બનાવેલું એરબસ A350-1000ULR વિમાન રજૂ કર્યું છે. ફ્લાઈટ્સ આવતા વર્ષે શરૂ થશે. દાવા મુજબ, તેમાં મુસાફરોને જેટલેગ (થાક અને અનિદ્રા) થી બચાવવા માટે વિમાનમાં કૃત્રિમ સૂર્યોદય-સૂર્યાસ્ત, વિશેષ ભોજન અને ફરવા માટે 'વેલનેસ ઝોન' છે.

આટલી લાંબી મુસાફરીમાં મનુષ્યના જૈવિક ચક્ર (બાયોલોજિકલ ક્લોક) ને સંતુલિત રાખવું વૈજ્ઞાનિકો માટે સૌથી મોટો પડકાર છે. પ્રોજેક્ટના વૈજ્ઞાનિક સંશોધનમાં સામેલ રહેલા સિડની યુનિવર્સિટીમાં નિદ્રા વિજ્ઞાનના પ્રોફેસર પીટર સિસ્ટુલી કહે છે, 'નવ ટાઈમ ઝોનને એકસાથે પાર



કરવું એક મોટો જૈવિક સંકટ હોય છે. તેનો સામનો કરવા માટે અમે વિમાનની અંદર દરેક નાની વિગત પર કામ કર્યું છે. ટેકઓફના તરત જ પછી ભારે ભોજન આપવાનું ટાળવામાં આવશે અને શરીરની કુદરતી જૈવિક ઘડિયાળ અનુસાર 'પ્રોટેક્ટિવ સ્લીપ વિન્ડો' નક્કી થશે. તેમાં વિમાનની ખાસ એનિમેટેડ લાઈટિંગની મોટી ભૂમિકા હશે.' વિમાનના કેબિન ડિઝાઈનર ડેવિડ કોને જણાવ્યું, 'વિમાનમાં ઓસ્ટ્રેલિયાના કુદરતી દૃશ્યોથી પ્રેરિત 14 અલગ-અલગ લાઈટ 'સિનેરિયો' પ્રોગ્રામ કર્યા છે, જે સવાર કે સાંજ હોવાનો અહેસાસ કરાવશે. વિમાનમાં પથરાયેલી, ઝગમગતી રોશની હશે, જે મુસાફરોને કોઈ સ્વિમિંગ પૂલના કિનારે આરામ કરવા જેવો અનુભવ કરાવશે, જ્યાં તેઓ ઊભા રહીને સ્ટ્રેચિંગ કરી શકશે અને શરીરને આરામ આપી શકશે. વજનની મર્યાદાઓને કારણે આ મોટા વિમાનમાં ફક્ત 238 મુસાફરો જ મુસાફરી કરશે, જેનાથી સામાન્ય ઈકોનોમી ક્લાસમાં પણ પગ ફેલાવવા માટે 33 થી 34 ઈંચની વધારાની જગ્યા મળશે.

# દાવો-બ્રિટનના વડાપ્રધાન રાજીનામું આપી શકે છે: પાર્ટીના 100 સાંસદ બળવાખોર બન્યા

**લંડન, તા.21**

બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર સોમવારે રાજીનામાની જાહેરાત કરી શકે છે અને પોતાનું પદ છોડવાનો રોડમેપ પણ જણાવી શકે છે. આ દાવો બ્રિટનના અખબાર 'ધ ઓબ્ઝર્વર'ના એક રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.

રિપોર્ટ મુજબ, સ્ટાર્મરે કેબિનેટ મંત્રીઓ, સલાહકારો અને ટ્રેડ યુનિયન નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ નક્કી કર્યું કે તેમનું પદ પર ટકી રહેવું હવે મુશ્કેલ બની ગયું છે. જોકે, રોયટર્સ મુજબ, સરકારી સૂત્રોએ આ દાવાને નકારી કાઢતા કહ્યું કે સ્ટાર્મર હજુ પણ વડાપ્રધાન તરીકે પોતાનું કામ કરવા પર ધ્યાન આપી રહ્યા છે.

રોયટર્સ મુજબ, સ્ટાર્મરની લેબર પાર્ટીના 100થી વધુ સાંસદો જાહેરમાં કહી ચૂક્યા છે કે તેમણે રાજીનામું આપવું જોઈએ અથવા પોતાનું પદ છોડવાની સમયમર્યાદા જાહેર કરવી જોઈએ. આ બળવાખોર સાંસદો હાઉસ ઓફ કોમન્સમાં પાર્ટીના કુલ સાંસદોના લગભગ એક ચતુર્થાંશ છે.

જો સ્ટાર્મર રાજીનામું આપે તો પણ, બ્રિટનના 10 વર્ષના ઈતિહાસમાં તેઓ છઠ્ઠા એવા વડાપ્રધાન હશે જેમણે આ પદ છોડવું પડ્યું હોય. આ પહેલા ડેવિડ કેમરન, થેરેસા મે, બોરિસ જોન્સન, લિઝ ટ્રસ અને ઋષિ સુનક પોતાનો કાર્યકાળ પૂરો કરતા પહેલા



જ પીએમ પદ છોડી ચૂક્યા છે.

સ્ટાર્મરે 2024માં લેબર પાર્ટીને મોટી ચૂંટણી જીત અપાવી હતી, પરંતુ તે પછી તેમની લોકપ્રિયતા સતત ઘટી છે. ઘણા વિવાદો, નીતિગત યુ-ટર્ન અને જીવનધોરણ સુધારવાના વચનો પૂરા ન કરી શકવાને કારણે તેમની છબીને નુકસાન થયું છે.

સ્ટાર્મરની મુશ્કેલીઓ વધુ વધી ગઈ, જ્યારે તેમના વિરોધી એન્ડી બર્નહેમે શુક્રવારે પેટાચૂંટણી જીતી લીધી. આ જીત પછી બર્નહેમ પાર્ટીની કમાન સંભાળવાની દાવેદારી રજૂ કરી શકે છે. જીત પછી તેમણે કહ્યું કે તેઓ દેશને નવી દિશા આપવા માંગે છે. ત્યાં જ, તેમના સહયોગી નેતાઓ સ્ટાર્મર પાસેથી પોતે રાજીનામું આપવાની માંગ કરી રહ્યા છે.

પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી વેસ સ્ટ્રીટિંગે પણ સંકેત આપ્યો છે કે તેઓ જરૂર પડ્યે સ્ટાર્મરને નેતૃત્વ માટે પડકારી શકે છે. જોકે, સ્ટાર્મરે શુક્રવારે સ્પષ્ટ કહ્યું હતું કે તેઓ પોતાના નેતૃત્વ વિરુદ્ધ આવનારી કોઈપણ પડકારનો સામનો કરશે અને લેબર પાર્ટીના નેતાઓને પરસ્પર ખેંચતાણથી બચવા અપીલ કરી હતી.

એક્સપર્ટના મતે, બ્રિટનમાં વડાપ્રધાન વારંવાર બદલાવવાનું મુખ્ય કારણ ત્યાંની સંસદીય વ્યવસ્થા છે. ત્યાં વડાપ્રધાનને લોકો સીધા ચૂંટતા નથી, પરંતુ તેમની પાર્ટીના સાંસદો તેમનું સમર્થન કરે છે. વડાપ્રધાન ત્યાં સુધી પદ પર રહે છે જ્યાં સુધી પાર્ટીના સાંસદો તેમની સાથે ઊભા હોય. જો સાંસદોને લાગવા માંડે કે કોઈ નેતાની ઘટતી લોકપ્રિયતાથી આગામી ચૂંટણીમાં પાર્ટીને નુકસાન થઈ શકે છે, તો તેઓ સામાન્ય ચૂંટણી કરાવ્યા વિના પણ નવા નેતા પસંદ કરવાની પ્રક્રિયા શરૂ કરી શકે છે. આ જ કારણ છે કે બ્રિટનમાં પાર્ટીનું સમર્થન નબળું પડતાં જ વડાપ્રધાન બદલવાની જરૂરિયાત ઝડપથી ઊભી થાય છે. બ્રિટનની મોટી પાર્ટીઓના નિયમો પણ નેતાઓને હટાવવાનો રસ્તો સરળ બનાવે છે. કન્ઝર્વેટિવ પાર્ટીમાં જો 15% સાંસદો કોઈ નેતા વિરુદ્ધ પત્ર લખે, તો તેની વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકાય છે. જ્યારે, લેબર પાર્ટીમાં કોઈ અન્ય નેતા ત્યારે દાવેદારી રજૂ કરી શકે છે જ્યારે તેને પાર્ટીના 20%થી વધુ સાંસદો અને સભ્યોનું સમર્થન મળી જાય. 2011માં 'ફિક્સ્ડ-ટર્મ પાર્લિયામેન્ટ્સ એક્ટ' લાવવામાં આવ્યો હતો. તેનો હેતુ સંસદનો કાર્યકાળ નક્કી રાખવાનો અને સરકારોને સમય પહેલાં પડતી અટકાવવાનો હતો.

# કર્ણાટકની વિધાન પરિષદ ચૂંટણીમાં ક્રોસ વોટીંગથી ભાજપ ટેન્શનમાં

**નવી દિલ્હી, તા.21**

કર્ણાટકમાં વિધાન પરિષદ ચૂંટણી દરમિયાન થયેલા ક્રોસ વોટીંગને કારણે ભાજપ પ્રમુખ નીતિન નવીનએ કર્ણાટકના ભાજપ પ્રમુખ બીવાય વિજયેન્દ્ર અને બીજા કેટલાક નેતાઓને દિલ્હી બોલાવ્યા છે. ક્રોસ વોટીંગને કારણે ભાજપના દિલ્હીના નેતાઓને આઘાત લાગ્યો છે. ભાજપ જે બીજા રાજ્યોમાં કરે છે એ કર્ણાટકમાં ભાજપ સાથે થઈ ગયું છે. આ ક્રોસ વોટીંગથી નીતિન નવીન ખુબ નારાજ છે. કર્ણાટકમાં ડી કે શિવકુમાર મુખ્યમંત્રી બન્યા પછી સરકાર ઉત્સાહમાં છે. ભાજપની જેમ જ ડી કે શિવકુમાર પણ રાજકીય ચાલબાજીમાં નિષ્ણાંત છે. ભાજપ હાઈકમાન્ડ હવે નક્કી કરી રહ્યું છે કે ભૂલ કોની હતી. લાંબા પ્લાનીંગ પછી પણ ભાજપના ધારાસભ્યો તૂટી ગયા હોય એવું ઘણા સમય પછી બન્યું છે. નીતિન નવીનએ આડકતરી રીતે કર્ણાટક ભાજપના નેતાઓને સંદેશો આપી દીધો છે કે, વિશ્વાસઘાત કરનાર ધારાસભ્યો સામે કડક કાર્યવાહી કરો.

અયોધ્યાના રામ મંદિરમાં ચઢાવાયેલી કેટલીક અતિ કિંમતી વસ્તુઓની ચોરી થઈ હોવાનો વિવાદ ચાલી રહ્યો છે. આ બાબતે મંદિરના ટ્રસ્ટીઓ ઉપર માછલા ધોવાઈ રહ્યા છે. સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવએ આક્ષેપ કર્યો છે કે, મંદિરના ટ્રસ્ટીઓના નાકની નીચે કિંમતી વસ્તુઓની હેરફેર થઈ ગઈ અને કરોડો રૂપિયા ગાયબ થઈ ગયા છે. સૌથી વધુ ટીકા મંદિર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયની થઈ રહી છે. ચંપત રાય હમણા રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી અને વિશ્વ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટમાં ૧૫ સભ્યો ટ્રસ્ટી તરીકે કામ કરે છે. ચંપત રાય મંદિરના રોજબરોજના વ્યવહારનું ધ્યાન રાખે છે. મંદિર નિર્માણની દેખરેખ, દાન અને ભેટ મળનાર વસ્તુઓની વ્યવસ્થા, વિવિધ અધિકારીઓ સાથે વાતચીત, તેમજ વિવિધ એજન્સીઓ સાથે સંવાદની જવાબદારી ચંપત રાયની છે.

રાજ્યસભાની ચૂંટણી પછી હવે એનડીએ રાજ્યસભામાં વધુ શક્તિશાળી દેખાઈ રહી છે. જોકે હજી પણ એનડીએ ૨/૩ બહુમતિથી દુર છે. ચૂંટણી પછી હવે એનડીએની બેઠકોમાં ખાસ્સો વધારો થયો છે. ૧૮મી જૂન સુધી ૧૦ રાજ્યોની ૨૭ બેઠકો પર ચૂંટણી થઈ હતી. હમણા તૃણમુલ કોંગ્રેસના રાજીનામા પછી એનડીએની સંખ્યા વધુ વધી શકે એમ છે. રાજ્યસભામાં એનડીએની બેઠકો ૧૫૨ સુધી પહોંચી ગઈ છે. સૌથી પહેલા ૨૪ બેઠકો પર સાંસદ વિરોધ વગર ચૂંટાઈ ગયા એમાંથી ૧૯ એનડીએના હતા. ઝારખંડમાં પરીમલ નથવાણીની જીત પછી એનડીએના સાંસદોની સંખ્યા ૨૦ સુધી પહોંચી ગઈ છે. હવે એનડીએ બહુમતીથી ફક્ત ૧૧ બેઠકો દુર છે. હમણા જ તૃણમુલ કોંગ્રેસના ચાર રાજ્યસભા સાંસદોએ રાજીનામા આપ્યા છે. આ તમામ બેઠકો એનડીએ મેળવી શકે એમ છે.

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીને સરકારી નિવાસ્થાન ખાલી કરાવવા માટે ઘણી નોટીસો આપવામાં આવી હતી. થોડા દિવસો પહેલા તો પોલીસ સુરક્ષા



સાથે અધિકારીઓ એમના ઘરે પહોંચ્યા હતા. જોકે રાબડી દેવી કોઈપણ સંજોગોમાં સરકારી મકાન ખાલી કરવા માંગતા નહોતા. હવે એકાએક ૧૦ સરક્યુલર રોડ પર આવેલા એમના મકાનમાંથી સામાન બીજા સ્થળે જઈ રહ્યો છે. બે દિવસ પહેલા ફર્નિચર, એરકન્ડીશન અને રસોડાનો સામાન એક પીકઅપ વાનમાં ભરાઈને તેજસ્વી યાદવના ૧ પોલો રોડ ખાતે આવેલા સરકારી મકાનમાં શીફ્ટ કરવામાં આવ્યો હતો. બીજો કેટલોક સામાન બીજા કેટલાક સ્થળે ખસેડવામાં આવી રહ્યો છે. લાલુ પરિવારના બીજા રહેઠાણોમાં ગોલા રોડ સ્થિત ગૌશાળા અને કૌટીલ્યનગર સ્થિત ખાનગી આવાસ છે.

તામિલનાડુ વિધાનસભાના વિરોધપક્ષના નેતા ઉદય નીધિ સ્ટાલીનએ આક્ષેપ કર્યો છે કે, ગૃહમાં રાજ્યપાલ બીઆર આર્લેકર દ્વારા પુરુ ભાષણ સંબોધીત કરવા ઉપરાંત બે વાર રાષ્ટ્રગીત વગાડવાથી એવંર લાગે છે કે, તમિલગા વેતરી કઝગમ (ટીવીકે) અને ભાજપ વચ્ચે સંબંધ ગાઢ થઈ રહ્યા છે. રાજ્યપાલના સંબોધન પછી એમણે ગૃહની બહાર કહ્યું હતું કે, 'અમે સત્તામાં હતા ત્યારે રાજ્યપાલે કદી પુરુ ભાષણ વાચ્યું નહોતું. હવે નવાઈ લાગે એ રીતે રાજ્યપાલે કોઈપણ ફેરફાર કર્યા વગર પુરુ ભાષણ વાચ્યુ છે. આ કારણે દરેકના મનમાં એક શંકા ઉત્પન્ન થઈ છે કે શું સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે કોઈ ખાસ સમજુતી થઈ છે? સ્ટાલીનના કહેવા પ્રમાણે રાજ્યપાલનું ભાષણ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલો એક દસ્તાવેજ હોય છે. આ ભાષણમાં ટીવીકેની પ્રશંસા સિવાય બીજુ કઈ નહોતું.

ચારે તરફથી ઘેરાયેલા પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીને વધુ એક ફટકો પડયો છે. પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મંત્રી જ્યોતિ પ્રિયા મલ્લીકએ એવી જાહેરાત કરી છે કે ખરાબ તબિયતને કારણે તેઓ ટીએમસીના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપે છે. રાજીનામું આપ્યા પછી એમણે કહ્યું હતું કે, પોતાના નિર્ણયની જાણ એમણે પક્ષને પહેલા જ કરી દીધી હતી. જ્યોતિ પ્રિયા મલ્લીક ભલે એમ કહેતા હોય કે ખરાબ તબિયતને કારણે તેઓ રાજીનામું આપી રહ્યા છે, પરંતુ ટીએમસીના કેટલાક નજીકના સુત્રોના કહેવા પ્રમાણે મમતાની ડુબતી હોડીમાં તેઓ સવાર થવા તૈયાર નથી. નવાઈની વાત એ છે કે ટીએમસીએ મલ્લીકને થોડા દિવસો પહેલા જ નવી વર્કિંગ કમીટીમાં લીધા હતા. મલ્લીક મમતા બેનર્જીની ખુબ નજીકના હોવાનું મનાય છે. ૧૦ વર્ષ સુધી તેઓ મમતા સરકારમાં અગત્યના મંત્રી પદ પર રહ્યા હતા.

ભારત - બાંગ્લાદેશ સીમા પર એક કુટુંબ પાંચ દિવસથી 'નો મેન્સ લેન્ડ' પર ફસાયું હતું. આ કુટુંબ ખુબ જ મુશ્કેલીમાં હતું. બીએસએફએ એમને પરત બાંગ્લાદેશ મોકલવાની કોશિષ કરી હતી, પરંતુ બાંગ્લાદેશની બોર્ડર ફોર્સે એમનો સ્વીકાર કર્યો નહોતો. આ બધા બાંગ્લાદેશી નાગરીક હોવાથી બીએસએફ એમને પરત બાંગ્લાદેશ મોકલવા માંગતું હતું. આ કુટુંબના વેરીફિકેશનમાં બાંગ્લાદેશના અધિકારીઓએ પાંચ દિવસ પસાર કરી દીધા હતા. કુટુંબમાં પતિ-પત્ની ઉપરાંત એમના નાના બાળકો હતા જેઓ ઝીરો લાઈનના વિસ્તારમાં ખુબ મુશ્કેલ પરિસ્થિતિમાં રહ્યા હતા. લાંબી વાતચીત પછી બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડએ કબુલ કર્યું હતું કે, આ પરિવારના સભ્યો બાંગ્લાદેશના નાગરીકો છે. આ સિવાય પણ કેટલાક લોકો હજી 'નો મેન્સ લેન્ડ'માં ફસાયા છે. થોડા દિવસો પહેલા તો પોલીસ સુરક્ષા સાથે અધિકારીઓ એમના ઘરે પહોંચ્યા હતા. જોકે રાબડી દેવી કોઈપણ સંજોગોમાં સરકારી મકાન ખાલી કરવા માંગતા નહોતા. હવે એકાએક ૧૦ સરક્યુલર રોડ પર આવેલા એમના મકાનમાંથી સામાન બીજા સ્થળે જઈ રહ્યો છે. બે દિવસ પહેલા ફર્નિચર, એરકન્ડીશન અને રસોડાનો સામાન એક પીકઅપ વાનમાં ભરાઈને તેજસ્વી યાદવના ૧ પોલો રોડ ખાતે આવેલા સરકારી મકાનમાં શીફ્ટ કરવામાં આવ્યો હતો. બીજો કેટલોક સામાન બીજા કેટલાક સ્થળે ખસેડવામાં આવી રહ્યો છે.

## તંત્રી લેખ

# નિતિન નવીન હજી પોતાની ટીમ બનાવી શક્યા નથી

નિતિન નવીન રાષ્ટ્રીય ભાજપ પ્રમુખ બન્યાને પાંચ મહિના થઈ ગયા છે. જોકે એમણે હજી સુધી પોતાની ટીમ બનાવી નથી. સંગઠનમાં ફેરફારની વાતો થતી હતી, પરંતુ હજી સુધી કંઈ થયું નથી. કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફારની વાતો પણ અધ્ધર રહી. નિતિન નવીન હજી સુધી જેપી નડ્ડાની ટીમ મારફતે જ કામ કરી રહ્યા છે. પાર્ટીના એક મહામંત્રી તરૂણ ચૂગને મધ્યપ્રદેશથી રાજ્યસભામાં મોકલવામાં આવ્યા છે અને એમને કેન્દ્રમાં મંત્રી બનાવવાની ચર્ચા છે. પંજાબમાં આગલા વર્ષે વિધાનસભાની ચૂંટણી છે. ચૂગ પંજાબના પ્રભારી છે. એ જ રીતે વીનોદ તાવડે પણ કેન્દ્રમાં મંત્રી બની શકે એમ છે. મહામંત્રીઓમાંથી રાધામોહન દાસ અગ્રવાલને બદલવાની પણ વાત છે, પરંતુ નિતિન નવીન પ્રોએક્ટીવ થતા નથી.

જ્યારે રાજ્યસભાની ચૂંટણી યોજાઈ રહી હતી ત્યારે રાહુલ ગાંધી ક્વોટા જઈને વિદ્યાર્થીઓને સંબોધન કરતા હતા. દેશની ભ્રષ્ટ વ્યવસ્થાને ઉઘાડી પાડવાનું રાહુલ ગાંધીનું કામ યોગ્ય જ હતું, પરંતુ એ વખતે કેટલાક રાજ્યોમાં રાજ્યસભાની ચૂંટણી થઈ રહી હતી એના આયોજન તરફ એમણે ધ્યાન આપ્યું નહોતું. મધ્યપ્રદેશમાં મિનાક્ષી નટરાજનની નાની ભૂલને કારણે કોંગ્રેસે એક બેઠક ગુમાવી હતી. એ વખતે કોઈ ટ્રબલ શૂટર પણ એમની સાથે નહોતા કે જે યોગ્ય નિર્ણય લઈ શકે. ત્યાર પછી ઝારખંડમાં પણ પક્ષે બેઠક ગુમાવવી પડી, કારણ કે ગઠબંધનના પક્ષોમાં એકતા હતી નહીં. આરજેડી અને ભાકપાના ધારાસભ્યોએ ક્રોસ વોટીંગ કરવાથી અપક્ષ ઉમેદવાર પરીમલ નથવાણી જીતી ગયા. હેંમત સોરેનએ પણ કોંગ્રેસના પ્રણવ ઝાને જીતાડવા માટે મહેનત કરી નહોતી.

તૃણમુલ કોંગ્રેસએ લોકસભાના ૨૦ બળવાખોર સાંસદોની માન્યતા રદ કરવા માંગણી કરી છે. આ ૨૦ સાંસદો ટીએમસી છોડીને નેશનાલીસ્ટ સીટીઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા એટલે કે એનસીપીઆઈમાં જોડાયા હતા. આ જોડાણ યોગ્ય છે કે અયોગ્ય એ ચોમાસા સત્ર પહેલા નક્કી થશે. લોકસભામાં તૃણમુલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જીએ પક્ષના સિનિયર નેતાઓ સાથે સ્પિકર ઓમ બીરલાને મળ્યા હતા. પક્ષ પલ્ટા વિરોધી કાયદાનો ઉપયોગ કરીને આ તમામ સાંસદોને અયોગ્ય ઠેરવવાની માંગણી ૨૦ અલગ અલગ અરજીઓમાં કરવામાં આવી છે. બળવાખોર સાંસદોનું પ્રતિનિધિ મંડળ સ્પિકરને પહેલા જ મળી ચૂક્યું છે. બળવાખોર સાંસદો એનસીપીઆઈ સાથે જોડાઈ ગયા, એ વિરુદ્ધ ૧૪મી જૂને તૃણમુલ કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો હતો એ સંદર્ભમાં સ્પિકરે પક્ષના નેતાઓને મળવા બોલાવ્યા હતા. તામિલનાડુમાં મુખ્યમંત્રી વિજયએ ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનની ખૂબ ચર્ચા થઈ રહી છે. વિજય તામિલ ફિલ્મોના જાણીતા અભિનેતા છે. અભિનેતા તરીકે એમણે લોકોની નાડ બરાબર પારખી છે. ૧૯૮૦માં જે રીતે આંધ્રપ્રદેશમાં ફિલ્મસ્ટારમાંથી નેતા બનેલા એનટી રામારાવ લોકપ્રિય થયા હતા એજ દીશામાં વિજય જઈ રહ્યા છે. ચૂંટણી પહેલા વિજયએ વચન આપ્યું હતું કે તેઓ ભ્રષ્ટાચાર કાબુમા લાવશે. વિજયની સરકારે ભ્રષ્ટ સરકારી અધિકારીઓને વહેલાસર નિવૃત્ત કરી દેવાની ઘોષણા કરી છે. ભ્રષ્ટાચારને બહાર પાડનારને ઈનામ પણ આપવામાં આવી રહ્યા છે. ભ્રષ્ટ સરકારી અધિકારીનો વિડિયો બહાર પાડનારને ૧ લાખ રૂપિયાનું ઈનામ સરકાર આપી રહી છે. વાયકો જેવા કદાવર નેતાઓ પણ વિજયની પ્રશંસા કરી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે હોય કે બિહારમાં નિતિશકુમાર અને ચિરાગ પાસવાન, આંધ્રપ્રદેશમાં ચંદ્રાબાબુ નાયડુ હોય કે ઉત્તર પ્રદેશમાં જયંત ચૌધરી, બધાએ એનડીએમાં રહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુણગાન ગાવા પડશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી ભાજપની પરિસ્થિતિ નબળી હોવાને કારણે સાથી પક્ષોનું મહત્ત્વ વધી ગયું હતું. જોકે ભાજપે બે વર્ષની અંદર રાજકીય તસવીર બદલી નાખી છે. મમતા બેનર્જીના ૨૦ લોકસભા સાંસદો તૂટયા પછી ભાજપનો આત્મવિશ્વાસ વધ્યો છે. જોકે ભાજપના સાથી પક્ષોની અસલામતી વધી ગઈ છે.

**દેશમાં પાંચ વર્ષથી નીચેની ઉંમરના 35 ટકા બાળકો કુપોષિત છે, 67 ટકા એનિમિયાથી પીડાય છે અને 3 ટકા બાળકો ઓવરવેઈટ છે. ઝારખંડમાં અંડરવેઈટ બાળકોની સંખ્યા 41.1 ટકા જેટલી છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશમાં ઓછું વજન ધરાવતા બાળકોની સંખ્યા પણ વધીને 34.5 ટકા થઈ ગઈ છે : દેશમાં જ્યાં 67 ટકા બાળકો એનિમિયાથી પીડાય છે, દેશની વસતીની અડધાથી વધારે મહિલાઓ એનિમિયાથી પીડાય છે ત્યાં આ સ્થિતિના આંકડા જ જાહેર કરવામાં આવ્યા હતા. ગત સર્વે કરતા આ સર્વેમાં ઘણી બાબતો જાહેર કરાઈ જ નથી. સરકાર માત્ર ગુલાબી ચિત્રો અને વિકાસના પોસ્ટરો બનાવવા જાતભાતના સંકલ્પો કરે છે પણ કામગીરી થતી નથી**

# કુંઠિત વિકાસ : ભારતમાં દર પાંચમું બાળક કુપોષિત!

## રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણનો આઘાતજનક અહેવાલ, પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો વિકાસ રૂંધાયો, ઉંમર પ્રમાણે ઉંચાઈ-વજન હોતા નથી



15 થી 24 વર્ષના લોકોમાં મેદસ્વિતાનું પ્રમાણ ભયાનક રીતે વધ્યું છે. તે ઉપરાંત મહિલાઓમાં પણ મેદસ્વિતાનો દર 30 ટકા પહોંચી ગયો છે. શહેરોમાં મહિલાઓમાં મેદસ્વિતાનો દર 43 ટકા જ્યારે પુરુષોમાં 27.3 ટકા પહોંચી ગયો છે

દેશમાં જે રીતે યુવા ભારત, થનગનતું ભારત, નવી પેઢીનું ભારત અને વિકસિત ભારતની બાંગો પોકારવામાં આવે છે તે ખરેખર વાસ્તવિકતામાં દેખાતા નથી. બાળકો અને નવજાતોમાં તથા તેમની માતાઓમાં કુપોષણનું જે ચક્ર છે તે હજી અકબંધ છે. લાખો લોકો કુપોષણના ચક્રવ્યૂહમાં ફસાયેલા છે અને તેમને માત્ર સરકારના વાહવાહીના પોસ્ટરોમાં જ પોષણ મળે છે. તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પરિવાર સર્વેક્ષણ-૬ના અહેવાલો જારી કરવામાં આવ્યા હતા. તેમાં બાળપોષણની પોસ્ટરોમાં દેખાતી આંકડાકીય ફુલગુલાબ વાતો વચ્ચે કેટલીક વરવી વાસ્તવિકતાઓ પણ છતી થઈ હતી.

આ સર્વેના અહેવાલો જણાવે છે કે, જે મોરચે અને મુદ્દે સરકારી યોજનાઓમાં દેશભરમાં કાગળ ઉપર અને આંકડાઓમાં પ્રગતિ અને અસરકારકતા જોવા મળે છે તે વાસ્તવિકત ધરતી ઉપર જોવા મળતા નથી. પોષણ સૂચકાંકમાં જે વાસ્તવિકતા સામે આવી છે તે ચિંતાજનક છે. દેશમાં આ પહેલાં થયેલા પાંચમાં રાષ્ટ્રીય પરિવાર સર્વેક્ષણની સરખામણીએ કહેવાતી કેટલીક બાબતો સુધરી છે બાકી પોષણ મુદ્દે જે લાચારી અને અવગણના છે તે હાલ પણ જોવા મળે છે. દેશમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં કુપોષણનું પ્રમાણ ચિંતાજનક છે. તેમનો વિકાસ રૂંધાયો છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ગત સર્વેની સરખામણીએ ઉંચાઈ અને વજન ઓછા રહેવાની સમસ્યા વધારે વકરી ગઈ છે. દેશમાં દર ત્રીજું બાળક પોતાની ઉંમર પ્રમાણે યોગ્ય વજન અને ઉંચાઈ મેળવી શકતું નથી. દેશમાં દર પાંચમું બાળક કુપોષિત છે.

ચિંતાજનક બાબત એવી છે કે, આ બાળકોમાં ઉંચાઈની સરખામણીએ તેમના વજનની સ્થિતિ પણ વિકટ છે. રાષ્ટ્રીય સ્તરે દર પાંચમાંથી એક બાળકમાં આવી સ્થિતિ છે અને કેટલાક રાજ્યોમાં તો દર પાંચમાંથી ચાર અને ત્રણ બાળકો આવી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે. ઓછા વજન ધરાવતા બાળકોના આંકડામાં અને તેમની વાસ્તવિક સ્થિતિમાં ખાસ ફેર પડયો નથી. કુપોષિત બાળકોની રાષ્ટ્રીય સરેરાશ પણ યથાવત્ સ્થિતિમાં જ છે. બાળકોમાં કુપોષણનું જે ચિત્ર સામે આવ્યું છે તે સ્પષ્ટ રીતે જણાવે છે કે, બાળકોનો પૂરતું ભોજન મળતું નથી, તે બિમાર રહે છે, તેને સારવાર પણ પૂરતી મળતી નથી, તેના શરીરની જરૂર પ્રમાણે ભોજન મળતું નથી અને સરેરાશ તેનું શરીર ખરાબ થઈ જાય છે.

ઉલ્લેખનીય છે કે, બાળકો જ્યાં અંડર વેઈટ છે તે સ્થિતિમાં ખાસ સુધારો થયો નથી. ગત અહેવાલમાં આ પ્રમાણ ૩૨.૧ ટકા હતું જે આ અહેવાલમાં ૩૧.૮ ટકા આવ્યું છે. તેમાં નહીવત્ ઘટાડો જોવા મળ્યો છે. તેનો સીધો અર્થ એવો છે કે, દેશમાં હજી પણ દર ત્રણમાંથી એક બાળક અંડરવેઈટ છે. ઘણા રાજ્યોમાં તો આ સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. ઝારખંડમાં અંડરવેઈટ બાળકોની સંખ્યા ૪૧.૧ ટકા જેટલી છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશમાં વેસ્ટિંગ એટલે કે ઉંચાઈના પ્રમાણમાં ઓછા વજન ધરાવતા બાળકોનો આંકડો વધીને ૧૯.૨ ટકા જતો રહ્યો છે. બીજી તરફ ઓછું વજન ધરાવતા બાળકોની સંખ્યા પણ વધીને ૩૪.૫ ટકા થઈ ગઈ છે. રાજસ્થાનમાં પણ વેસ્ટિંગનો દર ૧૯.૮ ટકા જ્યારે ઓછું વજન ધરાવતા બાળકોનું પ્રમાણ ૩૩.૩ ટકા થઈ ગયું છે. તેનો સીધો અર્થ એવો છે કે, કેટલાક રાજ્યોમાં કુપોષણની સ્થિતિ ખરાબ છે અને ઘણા રાજ્યોમાં વધારે ખરાબ થઈ રહી છે.

દેશમાં કુપોષણનું જે ચક્ર છે તે અત્યંત ચિંતાજનક છે. ભારતમાં બાળકો એનિમિયાથી પણ વધારે પીડાઈ રહ્યા છે. તેમનો આંકડો પણ ભયાવહ છે. ગત વર્ષના અહેવાલની વાત કરીએ તો દેશના પાંચ વર્ષથી ઓછી ઉંમરના બે તૃતિયાંશથી વધારે બાળકો અને અડધાથી વધારે મહિલાઓ એનિમિયાનો ભોગ બનેલી છે. એનિમિયા મુક્ત ભારત જેવી જે નામ માત્રની યોજનાઓની શું અસર થઈ છે તે આ આંકડા દ્વારા સમજી શકાય છે. ગત વર્ષનો સર્વે જણાવતો હતો કે, પાંચ વર્ષથી નીચેની ઉંમરના ૩૫ ટકા બાળકો કુપોષિત છે, ૬૭ ટકા એનિમિયાથી પીડાય છે અને ૩ ટકા બાળકો ઓવરવેઈટ છે. તેઓ મેદસ્વિતાથી પણ પીડાય છે.

ચિંતાજનક સ્થિતિ એવી છે કે, જન્મથી બે વર્ષ સુધીનો સમય બાળકના પોષણ માટે ખૂબ જ મહત્ત્વનો હોય છે. બાળકના શારીરિક અને માનસિક વિકાસની દ્રષ્ટીએ આ સમય અત્યંત નિર્ણાયક હોય છે.

આ દરમિયાન જો બાળકોને યોગ્ય પોષણ ન મળે તો તેની ખામી આજીવન તેના શરીર ઉપર દેખાતી હોય છે. આ કુપોષણ સમગ્ર દેશમાં એક સરખી રીતે નથી વધતું. ગામડા અને શહેરોમાં તેનું પ્રમાણ જુદું છે. વધુ આવક ધરાવતા અને ઓછી આવક ધરાવતા લોકોની વચ્ચે તથા જાતીગત વિવિધતા ધરાવતા લોકો વચ્ચે પણ કુપોષણનું પ્રમાણ અલગ અલગ છે. ગરીબી, પછાત વિસ્તારો, તંગી, મોંઘવારી અને આવકની અસમાનતાના કારણે કુપોષણની સ્થિતિ વધારે કફોડી થઈ રહી છે.

વિકાસની વાતો થાય છે પણ હકિકતે આ વિકાસના લાભ સમાજના નીચલા વર્ગ કે પછાત લોકો સુધી પહોંચતા નથી. ગામડાઓમાં પણ વિકાસની વાતો થાય છે પણ લાભ પહોંચતા નથી. કુપોષણ માત્ર સ્વાસ્થ્ય વિભાગના અહેવાલનો એક ભાગ નથી પણ દેશની વસતીના જિંદગીનો સૌથી મોટો પ્રશ્ન છે. બાળકો કુપોષિત રહેશે તો તેમના મગજનો વિકાસ થશે નહીં. તેના દ્વારા તેને જે માનસિક અને શારીરિક સમસ્યાઓ આવશે તે આજીવન સહન કરવી પડશે. આ તરફ કોઈનું ધ્યાન જ જતું નથી.

ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાની સુંવાળી જાહેરાતો કરવામાં આવે છે પણ કંટાળી વાસ્તવિકતા બતાવવામાં જ આવતી નથી.

જાણકારોના મતે એનિમિયા અને અન્ય કુપોષણના માપદંડોના આંકડા જ જાહેર કરવામાં આવ્યા નથી. દેશમાં જ્યાં ૬૭ ટકા બાળકો એનિમિયાથી પીડાય છે, દેશની વસતીની અડધાથી વધારે મહિલાઓ એનિમિયાથી પીડાય છે ત્યાં આ સ્થિતિના આંકડા જ જાહેર કરવામાં આવ્યા હતા. ગત સર્વે કરતા આ સર્વેમાં ઘણી બાબતો જાહેર કરાઈ જ નથી. સરકાર માત્ર ગુલાબી ચિત્રો અને વિકાસના પોસ્ટરો બનાવવા જાતભાતના સંકલ્પો કરે છે પણ કામગીરી થતી નથી. સામાજિક ન્યાય અને રાષ્ટ્રીય નૈતિકતાના નામે સાવ મિંડુ છે.

આ માત્ર સામાજિક સમસ્યા નથી. તેનાથી દેશને લાંબાગાળે મોટો આર્થિક ફટકો પડે તેમ છે. સરકારનો આત્મશ્લાઘા સિવાય કોઈના ઉપર કાબુ નથી. મોંઘવારીને પગલે ગરીબોની થાળીમાંથી દાળ, શાકભાજી, દૂધ દૂર થઈ રહ્યા છે.

બજારોમાં પણ સરકાર દ્વારા જે મદદના નામે વસ્તુઓ મોકલાવવામાં આવે છે તેમાં પોષણ જેવું કશું જ હોતું નથી. બજારમાં ફાસ્ટફૂડ, જંકફુડનું ચલણ વધી ગયું છે તેના કારણે મેદસ્વિતાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. હાલમાં સામાજિક સ્થિતિ એવી થઈ ગઈ છે કે, ગરીબો કુપોષિત થઈ રહ્યા છે અને મધ્યમવર્ગથી ઉપરના તમામ વર્ગના લોકો મેદસ્વિતા તરફ આગળ વધી રહ્યા છે. તેના કારણે લાઈફસ્ટાઈલ ડિસિઝમાં મોટાપાયે વધારો થઈ રહ્યો છે. ૧૫ થી ૨૪ વર્ષના લોકોમાં મેદસ્વિતાનું પ્રમાણ ભયાનક રીતે વધ્યું છે. તે ઉપરાંત મહિલાઓમાં પણ મેદસ્વિતાનો દર ૩૦ ટકા પહોંચી ગયો છે. શહેરોમાં મહિલાઓમાં મેદસ્વિતાનો દર ૪૩ ટકા જ્યારે પુરુષોમાં ૨૭.૩ ટકા પહોંચી ગયો છે. તેના કારણે નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે. એકંદરે કુપોષણ અને ખોટા ભોજનના કારણે લોકોનું સ્વાસ્થ્ય કથળી રહ્યું છે.

દેશના સ્વાસ્થ્ય અને પારિવારિક સ્વાસ્થ્ય અંગે થયેલો આ અભ્યાસ જણાવે છે કે, બાળકોની પરિસ્થિતિ અત્યંત ખરાબ છે. દેશમાં ૬ મહિનાથી ૨૩ મહિના સુધીના બાળકો એટલે કે નવજાતોને ખૂબ જ ઓછું પોષણ મળે છે. આ ઉંમરના બાળકોમાંથી માત્ર ૧૫.૩ ટકા બાળકોને જ તેમની જરૂરિયાત પ્રમાણેનું પોષણ મળે છે. તેમાં એક હકારાત્મક બાબત એટલી છે કે, ગત અહેવાલમાં આ આંકડો ૧૧ ટકા હતો જે આ વખતે ૧૫ ટકા પહોંચ્યો છે. આ આંકડો હજી પણ સારો નથી. આ આંકડા પ્રમાણે દેશનો ચીતાર લેવામાં આવે તો હજી પણ દેશમાં આ ઉંમરના દર ૧૦માંથી ૮ બાળકો કુપોષણનો શિકાર છે. રાજસ્થાનમાં તો માત્ર ૮.૭ ટકા બાળકો જ્યારે બિહારમાં ૧૧.૯ ટકા બાળકોને જ પૂરતું પોષણ મળે છે. જાણકારો માને છે કે, આ બાળકોનું વજન વધતું નથી છતાં હાઈટ વધે છે. ક્યારેક આ બાળકોમાં ઉંચાઈ વધારે હોતી નથી અને વજન વધવા લાગે છે. તેના પગલે તેમનામાં વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થવાની શક્યતો રહેલી છે. અહેવાલમાં એવું જણાવાયું છે કે, આ ઉંમરના બાળકોમાં કુપોષણનું સૌથી મોટું કારણ માતાઓની અવગણના છે. આ બાળકોને બ્રેસ્ટ ફિડિંગ કરાવતી માતાઓનો દર સતત ઘટી રહ્યો છે.

છ મહિના કે તેનાથી નાના બાળકોમાં સ્તનપાનનો દર ૬૪ ટકાથી ઘટીને ૫૯.૭ ટકા જતો રહ્યો છે. આ સ્થિતિમાં ઉત્તર પ્રદેશ સૌથી ખાબર સ્થાને છે. અહીંયા પહેલાં આ પ્રમાણ ૬૦ ટકા હતું પણ હાલમાં તે ઘટીને ૩૪.૬ ટકા થઈ ગયું છે. તેમાં મોટો ઘટાડો આવ્યો છે. ઝારખંડ અને રાજસ્થાનમાં પણ ઉલ્લેખનીય ઘટાડો આવ્યો છે. જાણકારો માને છે કે, સ્તનપાન અંગે મહિલાઓમાં ફેલાયેલી ગેરમાન્યતાઓ, વૈજ્ઞાનિક માહિતીનો અભાવ વગેરેને પગલે નવજાત બાળકોને પૂરતું પોષણ મળી રહ્યું નથી.

# જીવનને ઊંચે લઈ જવા કે નીચે પાડવા માટે ત્રણ દ્વાર સંગ, સંસ્કાર અને પર્યાવરણ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માણસ જન્મે છે ત્યારે બે વસ્તુ સાથે જન્મે છે: એક શ્વાસ, અને બીજું સ્વતંત્રતા.શ્વાસ શરીરને ચલાવે છે, સ્વતંત્રતા આત્માને ઘડે છે. આખી સૃષ્ટિમાં એક માત્ર મનુષ્ય એવું પ્રાણી છે જેને પરમાત્માએ પોતાનું ભાગ્ય પોતે લખવાની કલમ આપી છે.વાઘ વાઘ જ રહેશે,સાપ સાપ જ રહેશે.તેમના જન્મ સાથે જ તેમનો સ્વભાવ, આહાર અને આયુષ્યનો નકશો નક્કી થઈ જાય છે. પણ માણસ?તે રાવણ પણ બની શકે અને રામ પણ. તે વાલ્મિકી લૂંટારામાંથી ઋષિ વાલ્મિકી બની શકે.પરિવર્તનની આ શક્યતા કોઈ ઉંમરની ગુલામ નથી. તે નિવૃત્તિ પછી પણ જાગે છે,જેલના સળિયા પાછળ પણ ફૂટે છે, અને ક્યારેક તો અંતિમ શ્વાસ પહેલાની ક્ષણે પણ દીવો પેટાવી દે છે. અંગુલિમાલનું હૃદય એક ક્ષણમાં બદલાયું. રત્નાકર ડાકુનું નામ વાલ્મિકી થયું. કારણ કે માનવ જીવનમાં, પરિવર્તનની શક્યતા છેલ્લી ક્ષણ સુધી ખુલ્લી રહે છે.

*ત્રણ દ્વાર:સંગ,સંસ્કાર અને પર્યાવરણ આપણા શાસ્ત્રો કહે છે કે જીવનને ઊંચે લઈ જવા કે નીચે પાડવા માટે ત્રણ દ્વાર છે.

*સંગ: કહેવત છે કે 'જેવો સંગ તેવો રંગ'. કાદવમાં પડેલું કમળ કાદવનું થતું નથી, પણ કાદવમાં પડેલો સફેદ મોતી કાળો પડી જાય. ખરાબ સંગતનો એક વિચાર જ બુદ્ધિને ડંખ મારે, અને સત્સંગનો એક શબ્દ જ આખી દિશા બદલી નાખે. અર્જુનને ગીતાનો ઉપદેશ

## છેલ્લી ક્ષણ સુધી ખુલ્લું આકાશ:માનવ જીવનમાં ઉત્કર્ષની અનંત શક્યતા

યુદ્ધભૂમિ પર મળ્યો, કારણ કે ત્યાં શ્રીકૃષ્ણનો સંગ હતો. દુર્યોધન પાસે શકુનિનો સંગ હતો. પરિણામ જગજાહેર છે.

*સંસ્કાર: આ આપણા મૂળ છે. બાળપણમાં પડેલી ટેવ, ઘરમાંથી મળેલું વાતાવરણ, વારંવાર કરેલા કર્મો ભેગા થઈને સંસ્કાર બને છે. તે અદૃશ્ય સોફ્ટવેર છે જે આપણા નિર્ણયો ચલાવે છે. સારા સંસ્કાર એટલે અંદરનો દીવો. બહાર ગમે તેટલું અંધારું હોય, તે રસ્તો બતાવે. અને જો સંસ્કાર કાચા હોય, તો બહારની નાની લાલચ પણ મોટું વાવાઝોડું બની જાય.

*પર્યાવરણ: આપણે જે હવા શ્વાસમાં લઈએ છીએ તે માત્ર ઓક્સિજન નથી. તે વિચારો છે, વાતો છે, દૃશ્યો છે. મોબાઈલમાં ૨૪ કલાક શું જોઈએ છીએ, કોની સાથે ઉઠીએ-બેસીએ છીએ, ઘરમાં કેવી ચર્ચા થાય છે, આ બધું આપણું પર્યાવરણ છે. બીજને ફૂટવા માટે માટી, પાણી અને સૂર્યપ્રકાશ જોઈએ. માણસને ખીલવા માટે સારું પર્યાવરણ જોઈએ.

*૨૨મી જૂન: પ્રકૃતિનો અને પુરુષાર્થનો સંદેશ રસપ્રદ વાત એ છે કે જે દિવસે આપણે માનવ પરિવર્તનની વાત કરીએ છીએ, એ જ ૨૨મી જૂન પ્રકૃતિના પરિવર્તનનો પણ દિવસ છે. આ દિવસ *વિશ્વ વર્ષાવન દિવસ તરીકે ઉજવાય છે. વર્ષાવન એ પૃથ્વીના ફેફસાં છે. તે આપણને શ્વાસ આપે છે, વરસાદ લાવે છે, કરોડો જીવોને આશરો આપે છે. પણ જ્યારે આપણે લોભથી જંગલ કાપીએ છીએ, ત્યારે આપણે આપણા જ શ્વાસની નળી કાપીએ છીએ. વર્ષાવનનો નાશ એ પ્રકૃતિનું અધ:પતન છે. તેનું સંરક્ષણ એ ઉત્કર્ષ છે. બરાબર માણસની જેમ.ખગોળીય રીતે પણ ૨૧મી જૂન *સમર સોલ્સટિસ એટલે વર્ષનો સૌથી લાંબો દિવસ છે. ૨૨મી જૂન બીજો સૌથી લાંબો દિવસ. સૌથી વધુ પ્રકાશ. સૌથી લાંબો સમય કર્મ કરવા માટે. પ્રકૃતિ જાણે કહે છે: 'ઉઠ, જાગ, તારી પાસે પ્રકાશ છે. અંધારાને દોષ ન દે. જે કરવું હોય તે કરી લે.' સૂર્ય પોતાનું કામ પૂરું કરીને જ આથમે છે. શું આપણે આપણું કામ પૂરું કર્યું?

ઉન્નતિનો માર્ગ:સર્વશક્તિ માનની ભેટનું ઋણ આપણને આ માનવ દેહ સહેલાઈથી મળ્યો નથી.૮૪ લાખ યોનિઓ પછી મળેલું આ તીર્થ છે. ભગવાને કૃપા કરીને આપણને બુદ્ધિ આપી, વિવેક આપ્યો, પસંદગીની શક્તિ આપી. આ ભેટ મફતની નથી. તેનું ઋણ ચૂકવવાનું છે.

ઋણ કેવી રીતે ચૂકવાય?એક ઉમદા માર્ગને અનુસરીને અને સદગુણી વિચારો કેળવીને.ઉમદા માર્ગ એટલે શું?જે માર્ગે ચાલવા થી રાત્રે નિરાંતની ઊંઘ આવે. જે માર્ગે ચાલવાથી આપણા કારણે કોઈની આંખમાં આંસુ ન આવે. તે માર્ગ સત્યનો હોઈ શકે,સેવા નો હોઈ શકે, પ્રામાણિકતાનો હોઈ શકે. માર્ગ અલગ હશે, પણ મંઝિલ એક: મનની શાંતિ.

સદગુણી વિચાર એટલે મનના ખેતરમાં વાવેલા બીજ. ઈર્ષ્યા, નફરત, વાસના એ કાંટાળા છોડ છે. પ્રેમ, કરુણા, ક્ષમા એ ફળ આપતા વૃક્ષો છે. રોજ સવારે ઊઠીને આપણે નક્કી કરવાનું છે કે આજે મનના ખેતરમાં શું વાવવું છે. કારણ કે જે વાવીશું, એ જ લણીશું.

*છેલ્લી ક્ષણનો સિદ્ધાંત: હવેથી જ શરૂઆત ઘણીવાર આપણને થાય કે 'હવે બહુ મોડું થઈ ગયું'.૪૦ની ઉંમરે નવી શરૂઆત?૬૦ના વર્ષે ટેવ બદલવી? આ બધું મનનો ભ્રમ છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે જે છેલ્લી ક્ષણે મને યાદ કરે છે, તે મને પામે છે. છેલ્લી ક્ષણ સુધી દરવાજો ખુલ્લો છે.

તો રાહ શેની જુઓ છો? જો જીવન બદલવું હોય તો મુહૂર્ત જોવાની જરૂર નથી. જે ક્ષણે નક્કી કરો, એ જ શુભ મુહૂર્ત. આજે ૨૨મી જૂન છે.સૌથી લાંબો દિવસ.વર્ષાવન દિવસ. પ્રકૃતિ પોતે સંકેત આપે છે કે સંરક્ષણ કરો, સંવર્ધન કરો. બહારના જંગલનું પણ, અને અંદરના જંગલનું પણ.તમારી પાસે બે રસ્તા છે. એક નીચે લઈ જાય છે,બીજો ઉપર.નીચે જવાનો રસ્તો સહેલો છે, લપસણો છે. ઉપર જવાનો રસ્તો અઘરો છે, ચઢાણવાળો છે. પણ યાદ રાખજો, કુદરતે બીજા બધા જીવોને માત્ર નીચે જવાનો જ રસ્તો આપ્યો છે. ઉપર જવાની સીડી ફક્ત માણસ પાસે છે.

સર્વશક્તિમાને આપણને આ માનવ સ્વરૂપ ઉન્નત બનવા માટે આપ્યું છે. તેને વેડફી ન દઈએ. સંગ સારો રાખીએ, સંસ્કાર દૃઢ કરીએ, પર્યાવરણ શુદ્ધ રાખીએ. કારણ કે છેલ્લો શ્વાસ આવે તે પહેલા, છેલ્લી ક્ષણ સુધી, આપણે ખરેખર ઉત્કૃષ્ટ કંઈક બની શકીએ છીએ. આકાશ હજુ ખુલ્લું છે. ઉડાન ભરવાની બાકી છે.

# ધર્મરાજ યુધિષ્ઠિરનાં ચરિત્ર પરથી ધર્મ એવંમ સત્યનાં લેખાંજોખાં કરીએ!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાંપ્રત સમયનો સમાજ ઘણાં બધાં સવાલોનાં જવાબ શોધી રહ્યો છે! અને એમાં ખાસ કરીને ધર્મ વિશે!: સાચો ધર્મ ક્યો? અને એમાં શું કરવાનું હોય! અથવા તો એને અનુસરવાથી શું સાચે જીવન પ્રસન્નતાનો પમરાટ અનુભવે! કોણે નક્કી કર્યો આ ધર્મને? અને એની મુખ્ય ધરોહર શું છે? કારણ કે સંપ્રદાયોના રાફડા ફાટી નીકળ્યાં હોય એમ સમાજમાં ધર્મ અને એનાં અનુયાયીઓનું વર્ચસ્વ વધતું જાય છે. આશ્રમો મહંતો, અને ઠગ સાધુઓની બોલબાલા હોય એમ ધર્મએ અત્યારે વ્યક્તિ પૂજાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે! એટલે એવું પણ નથી કે સાચાં સાધુ સંતોની કમી છે! પણ સમાજમાં સૌથી વધુ કોઈ બાબતે દેખાડો હોય તો એ ધર્મ અને ધાર્મિક કહેવડાવવા માટેનો છે! એ પણ એક નિતાંત સત્ય છે. ધર્મ એ વોટ બેંકનો સૌથી મોટો વાવટો પણ છે, અને દેશમાં અને દેશ બહારના કોમી રમખાણ પણ આ ધર્મ નામનાં કોયડાને ન સમજી શકવાને કારણે થાય છે.'નો ડાઉટ' હિન્દુ સનાતન સંસ્કૃતિની વિશ્વભરમાં પોતાની એક આગવી ઓળખ છે, પરંતુ એને કારણે જ ધર્મમાં અંધશ્રદ્ધા અને રુઢિચુસ્તતા પણ પ્રવેશી છે, એ સત્ય પણ નકારી શકાય એમ નથી! ભલે વ્યક્તિનાં પોતાનાં વિચારોની પરિપક્વતા પણ એમાં મહત્વનો ફાળો ભજવે છે. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! અને હમણાં આપણે મહાભારતનાં ચરિત્ર પર ચિંતન કરી રહ્યા છીએ! તો પાંડવોનાં જ્યેષ્ઠ ભ્રાતા એવાં યુધિષ્ઠિર કે જેની આગળ ધર્મરાજ લાગે છે, એની પર ચિંતન કરીશું.

યુધિષ્ઠિર હસ્તિનાપુરના રાજા વિચિત્ર વીર્યનાં પુત્ર પાંડુ અને એમની પત્ની કુંતીના જ્યેષ્ઠ પુત્ર હતાં! કુંતી એ પ્રથમ યમ (ધર્મ)ને પુત્ર માટે આહવાન કર્યું, આથી એ ધર્મનાં પુત્ર તેમજ ધર્મ પ્રત્યેની એમની નિષ્ઠાને કારણે ધર્મરાજ કહેવાયા. રાજા પાંડુને શ્રાપ હતો, અને એનાં પશ્ચાતાપ માટે એણે વનગમન કર્યું હતું. એટલે પાંચેય પાંડવોનો જન્મ તથા ઉછેર વનમાં થયો! પરંતુ પિતામહ ભીષ્મે વનમાંથી કુંતી તથા પાંડવોને શોધવાનું કાર્ય વિદૂરને સોંપ્યું! અને એ રીતે પાંચ પાંડવો હસ્તિનાપુર આવ્યાં! યુધિષ્ઠિરનું નિશાન અચૂક હતું અને તેઓ ભાલા ચલાવવામાં નિપુણ હતાં. પરંતુ ધૃત ક્રિડા તેની કમજોરી હતી અને એટલે શકુનીના કાવતરાને કારણે તેઓ દુર્યોધન સામે જુગારમાં પોતાનું રાજ્ય અને દ્રૌપદીને હારી ગયા હતા. પાંડવોએ 12 વર્ષનો વનવાસ અને 1 વર્ષનો અજ્ઞાતવાસ ભોગવવો પડ્યો હતો. આ વનવાસ દરમિયાન એક સરોવર પર યક્ષ બનીને સ્વયં ધર્મ એ તેમના ભાઈઓની પરીક્ષા લીધી હતી. યુધિષ્ઠિરે પોતાની બુદ્ધિ અને જ્ઞાનથી બધા જ સવાલોના સાચા જવાબ આપીને પોતાના ભાઈઓના પ્રાણ બચાવી પોતાની યોગ્યતા સિદ્ધ કરી હતી. અંતે જ્યારે શ્રીકૃષ્ણના કહેવાં છતાં દુર્યોધન માન્યો નહીં, અને યુદ્ધ અનિવાર્ય બન્યું, ત્યારે મહાભારતના યુદ્ધમાં તેમણે સેનાપતિની ભૂમિકા ભજવી હતી. તેમનામાં વડીલોની આમન્યા અને આદરનાં ઉચ્ચ સંસ્કાર હતાં, તેથી જ યુદ્ધ શરૂ થતાં પહેલાં તેઓ દુશ્મન પક્ષના વડીલ ભીષ્મ પિતામહના આશીર્વાદ લેવા પગપાળા ગયા હતાં. યુદ્ધમાં થયેલા ભારે નરસંહારને કારણે તેમનું મન ખૂબ વ્યથિત થયું હતું, અને તેઓ રાજગાદી છોડીને સન્યાસ લેવા ઈચ્છતા હતાં. બાદમાં શ્રીકૃષ્ણ અને ભીષ્મના ઉપદેશથી તેમણે રાજ્ય સંભાળ્યુ. બાણ શૈયા પર મૃત્યુની પ્રતીક્ષા કરતાં ભીષ્મ પાસેથી રાજનીતિનું જ્ઞાન મેળવી 35 વર્ષ સુધી સફળ રાજ કર્યા પછી પરિક્ષિતને રાજ્યભાર સોંપી, અને તેઓ અન્ય અનુજ અને દ્રૌપદી સાથે હિમાલય પ્રયાણ કર્યું! પરંતુ એ એકમાત્ર એવા માનવ હતા જે પોતાનાં શરીર સાથે સ્વર્ગમાં પહોંચ્યાં હતાં. અંતિમ યાત્રા મહાપ્રસ્થાન દરમિયાન તેમના સત્ય અને ધર્મ પાલનને કારણે સ્વર્ગનાં દેવતાઓએ તેમને સદેહે સ્વર્ગમાં સ્થાન આપ્યું હતું, જ્યાં એમનો કૂતરો! એટલે કે સ્વયં ધર્મ પણ સાથે હતો! યુગો યુગોથી રાજગાદીનાં વારસદાર માટે ખેંચતાણ થતી જ આવી છે, એમ આમાં પણ ખેંચતાણ હતી, અને કૌરવોનો જ્યેષ્ઠ ભ્રાતા દુર્યોધન પાંડવોને એનાં શત્રુ માનતો હતો! એનું કારણ નાનપણથી એનાં મનમાં રાજ સિંહાસન પર પોતે જ બેસવાનો છે, એવું ભરાયેલું હતું, બીજું મામા શકુનિ એ પણ એનાં કાનમાં પાંડવો વિશે ઝેર નાખ્યું હતું. એ સમયનાં સૌથી સમૃદ્ધ એવાં રાજ ઘરાનામાં જન્મ થયો હોવા છતાં પાંડવોની જીવન યાત્રા ઘણી કઠીન રહી! અને બહુ બધાં ષડયંત્રનો ભોગ બન્યા. યુધિષ્ઠિર વિશે તો હજી લાક્ષાઘર ની ઘટના, અજ્ઞાતવાસ તેમજ યક્ષ પ્રશ્નોના જવાબોની વિસ્તૃત છણાવટ! પણ યુધિષ્ઠિર શરીરે સોનેરી ગૌર વર્ણનાં, ઊંચા પાતળા અને વિશાળ છાતી અને ઉદાર દ્રષ્ટિ વાળાં હતાં. સ્વભાવે પ્રેમાળ દયાળું તેમજ ઉદાર હતા. સજ્જન હોવાની સાથે ધર્મ, નીતિ અને ન્યાયથી ચાલનારા હતા. એકમાત્ર દ્યૂત રમવાના વ્યસનને કારણે હેરાન થયાં, અને અશ્વત્થામાના મૃત્યુની બાબતમાં એ અર્ધસત્ય બોલ્યાં, એ બે તેમની બાબતમાં દારૂણ ઘટનાઓ છે. યુદ્ધ પહેલાં હસ્તિનાપુર નહીં તો અન્ય રાજ્યની માંગ થઈ, ત્યારે પાંડવોને ખાંડવ પ્રસ્થની વિરાન અને ઉજ્જડ ભૂમિ મળી, જેમણે પાંડવોએ કઠિન શ્રમથી અતિ સમૃદ્ધ ઈન્દ્રપ્રસ્થમાં ફેરવી. યુધિષ્ઠિર એ રાજસૂય યજ્ઞ કર્યો, અને દુર્યોધનને ઈન્દ્રપ્રસ્થમનું અતિ ઐશ્વર્ય જોઈ ઈર્ષા થઈ, અને માટે ધૃત ક્રિડાનું આયોજન થયું! એની હારથી કુરુક્ષેત્રનું ભીષણ યુદ્ધ થયું! આમાં જવાબદાર કોને ગણીશું? દુર્યોધનને કે યુધિષ્ઠિર ને? આપણે જ્યારે યુધિષ્ઠિર એવંમ ધર્મની વાત કરી રહ્યાં છીએ તો કહેવાય છે કે, યુધિષ્ઠિર ઉચ્ચ ધર્મનું પૂર્ણ પાલન કરનારાં હતાં અને એટલે એમનો રથ જમીનથી થોડો ઉંચો ચાલતો હતો. પરંતુ રામચરિત માનસમાં તુલસી લખે છે કે 'ધર્મ ન દૂસર સત્ય સમાના' એટલે કે સત્યથી મહાન કોઈ ધર્મ નથી. અશ્વસ્થામા એટલે કે દ્રોણાચાર્ય ના દિકરો એ મરાયો ત્યારે 'નરો વા કુંજરો વા ' એ અર્ધ સત્ય શ્રીકૃષ્ણનાં કહેવાથી બોલ્યા, પણ દ્રૌપદી એક પત્ની કે સ્ત્રીને ધૃતમાં રમવું એ શું સત્ય હતું! શું પત્ની પતિની પ્રોપર્ટી છે? અને એ પણ યુધિષ્ઠિર માટે! યુદ્ધ તો દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું ત્યારે જ થવું જોઈતું હતું! અને એ પણ જે સ્ત્રીનાં એક નહીં પાંચ પતિ હોય!

# વિશ્વમાં પ્રથમ વખત ચાલતી ટ્રેનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી








**અમદાવાદ, તા. 21**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં 21 જૂન 2026ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના કુશળ માર્ગદર્શન હેઠળ 12મો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. આ અવસરે મંડળના વિવિધ મુખ્ય સ્થળો ઉપરાંત ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં પણ વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું. ભારતીય રેલવેના ઈતિહાસમાં પ્રથમ વખત ચાલતી ટ્રેનોમાં મુસાફરોને યોગ સાથે જોડવાની આ નવીન પહેલ અમદાવાદ મંડળ દ્વારા કરવામાં આવી હતી.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે અમદાવાદ મંડળ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી છે. સૌપ્રથમ અમે અમારા તમામ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને યોગ સાથે જોડવાનો પ્રયાસ કર્યો. વિડિયો કોન્ફરન્સિંગ (VC)ના માધ્યમથી અમારા વિવિધ કેન્દ્રો તથા રેલવે સંસ્થાઓમાં મોટી સંખ્યામાં લોકોએ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે બીજી વિશેષ પહેલ તરીકે આજે અમે વંદે ભારત જેવી આધુનિક ટ્રેનોમાં મુસાફરી કરી રહેલા મુસાફરોને યોગ સાથે જોડવાની એક અનોખી પહેલ કરી છે. આ અભિયાન અંતર્ગત ટ્રેનોની 'પાઈપ્ડ મ્યુઝિક' (ઓડિયો સિસ્ટમ) દ્વારા યોગ ગુરુઓના માર્ગદર્શનનું પ્રસારણ કરવામાં આવ્યું હતું તથા દરેક કોચમાં હાજર સ્વયંસેવકોએ મુસાફરોને પોતાની બેઠક પર બેઠા-બેઠા 'સૂક્ષ્મ યોગ' કરવામાં સહયોગ આપ્યો હતો.

મુસાફરોએ 10 થી 20 મિનિટ સુધી ગળા, હાથ, કળાઈ અને ખભાના રોટેશન, 'ૐ'ના ઉચ્ચારણ તથા ધ્યાન જેવા સરળ યોગાભ્યાસો કર્યા. યોગ મન, વચન, કર્મ અને કાયા વચ્ચે સમન્વય સ્થાપિત કરે છે. વ્યક્તિના સર્વાંગી વિકાસ સાથે સાથે સ્વસ્થ સમાજ, સશક્ત રાષ્ટ્ર અને વધુ સારા વિશ્વના નિર્માણ માટે યોગ અત્યંત આવશ્યક છે. યોગ આપણને સંતુલન, અનુશાસન અને સકારાત્મક જીવન જીવવાની પ્રેરણા આપે છે.

સાબરમતી સ્થિત સામુદાયિક ભવનમાં આયોજિત મુખ્ય કાર્યક્રમમાં યોગગુરૂ શ્રી અલ્પેશ ત્રિવેદી અને શ્રીમતી હંસા ચાગે રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, આરપીએફ સ્ટાફ, સ્કાઉટ અને ગાઈડ તેમજ નાગરિક સુરક્ષા સંગઠન (સિવિલ ડિફેન્સ)ના સભ્યોને કોમન યોગ પ્રોટોકોલ અંતર્ગત વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાન સંબંધિત અભ્યાસોની તાલીમ આપી હતી.

આ ઉપરાંત ઓલ્ડ રેલવે ઈન્સ્ટિટ્યૂટ-સાબરમતી, રેલવે ઈન્સ્ટિટ્યૂટ-કાંકરિયા, સામુદાયિક ભવન-ગાંધીધામ તથા સામુદાયિક ભવન-વીરમગામ ખાતે પણ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચાલતી વંદે ભારત ટ્રેનોમાં વિશેષ યોગ સત્ર

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને વધુ જનસુલભ અને વ્યાપક બનાવવા માટે નીચે દર્શાવેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં વિશેષ યોગ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રોમાં મુસાફરોએ પોતાની બેઠક પર બેસીને કરી શકાય તેવા સરળ યોગાભ્યાસો અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો હતો.:

1. ગાડી નંબર 20902 ગાંધીનગર કેપિટલ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ
2. ગાડી નંબર 12462 સાબરમતી - જોધપુર વંદે ભારત એક્સપ્રેસ
3. ગાડી નંબર 26964 અસારવા - ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ
4. ગાડી નંબર 22925 અમદાવાદ -ઓખા વંદે ભારત એક્સપ્રેસ

અમદાવાદ મંડળ દ્વારા અગાઉ પણ અમદાવાદ, મહેસાણા, પાલનપુર તથા ગાંધીધામ સહિત વિવિધ મુખ્ય સ્ટેશનો પર યોગ શિબિરોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રેલ કર્મચારીઓ તથા મુસાફરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2026ની થીમ "Yoga for Healthy Ageing" અનુસાર પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ સ્વસ્થ જીવનશૈલી અને સામૂહિક કલ્યાણના સંદેશને જન-જન સુધી પહોંચાડવા માટે પ્રતિબદ્ધ છે.

પશ્ચિમ રેલવે પોતાના તમામ માનનીય રેલ મુસાફરો તથા રેલ કર્મચારીઓને અપીલ કરે છે કે તેઓ યોગને દૈનિક જીવનનો ભાગ બનાવી સ્વસ્થ અને સંતુલિત જીવનની દિશામાં આગળ વધે તથા આ વૈશ્વિક અભિયાન સાથે જોડાય.

# ઘોડદોડ રોડ પર ક્રોમા શો-રૂમમાં ફિલ્મી ઢબે ચોરી: પથ્થરથી કાચ તોડી તસ્કર સવા કલાકમાં 11.33 લાખના આઈફોન-લેપટોપ લઈ ફરાર

**સુરત, તા. 21**

શહેરના પોશ ગણાતા ઘોડદોડ રોડ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતી એક સનસનાટીભરી ચોરીની ઘટના સામે આવી છે. રામચોક નજીક આવેલા જાણીતા 'ક્રોમા' ઈલેક્ટ્રોનિક્સ શો-રૂમમાં શુક્રવારે વહેલી સવારે એક શાતિર તસ્કરે ફિલ્મી ઢબે ત્રાટકીને માત્ર સવા કલાકમાં જ 11.33 લાખથી વધુની કિંમતના આઈફોન, લેપટોપ અને અન્ય પ્રીમિયમ એસેસરીઝ પર હાથ સાફ કરી દીધો હતો. ચોરીની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના આધારે ઉમરા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



આ ચકચારી ઘટના અંગે ભેસ્તાનની સપ્ન સૃષ્ટિ રેજીડેન્સીમાં રહેતા અને શો-રૂમના સ્ટોર મેનેજર મૃત્યુંજય શિવપ્રતાપ સિંહે ઉમરા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. શુક્રવારે વહેલી સવારે આશરે 6.30 વાગ્યે મોલના કેરટેકર ધનરાજે સ્ટોર મેનેજરને ફોન કરીને જાણ કરી હતી કે શો-રૂમનો મુખ્ય કાચ તૂટેલો પડ્યો છે. મેનેજર સ્ટાફ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા ત્યારે મુખ્ય કાચનો મોટો દરવાજો પથ્થર મારીને તોડી નાખવામાં આવ્યો હતો અને તેના ટુકડા જમીન પર વેરવિખેર હતા. પ્રવેશદ્વારની આસપાસ લોહીના કેટલાક ટીપાં પણ જોવા મળ્યાં હતાં, જેના પરથી અનુમાન છે કે કાચ તોડતી વખતે તસ્કર પોતે પણ ઈજાગ્રસ્ત થયો છે.

માહિતી મળતાં જ ઉમરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. શો-રૂમના સીસીટીવી ફૂટેજ તપાસતા માલૂમ પડ્યું કે, વહેલી સવારે 3 વાગ્યાથી લઈને 4.15 વાગ્યા સુધી એક અજાણ્યો શખ્સ બહાર આંટાફેરા મારી રહ્યો હતો. આ શખ્સે શરૂઆતમાં પોતાના હાથથી દરવાજો તોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ નિષ્ફળ જતાં તે નજીકમાંથી એક મોટો પથ્થર ઉપાડી લાવ્યો અને તેના વડે જોરદાર ફટકો મારીને કાચના ભુક્કા બોલાવી દીધા હતા.

અંદર ઘૂસ્યા બાદ, તસ્કરે સામાન ભરવા માટે શો-રૂમમાંથી જ કાળા કલરની 3 મોટી બેગ શોધી કાઢી હતી. ફૂટેજમાં તે ખૂબ જ ઝડપથી ડિસ્પ્લે કાઉન્ટર્સ અને રેકમાંથી સામાન બેગમાં ભરતો દેખાય છે. સવા કલાકમાં નીચેનો આખો ભાગ ફંફોસીને તે ત્રણેય બેગ સાથે બહાર નીકળ્યો અને પોતાની બાઈક પર બેસીને અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયો હતો.

ક્રોમા શો-રૂમના ઓડિટ રિપોર્ટ અનુસાર, તસ્કરે માત્ર મોંઘી અને બ્રાન્ડેડ પ્રોડક્ટ્સને જ નિશાન બનાવી હતી. કુલ 123 નંગ વસ્તુઓની ચોરી થઈ છે, જેની વિગત નીચે મુજબ છે: આટલી મોટી રકમની હાઈટેક ચોરી થતાં સુરત શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે દોડી આવ્યા હતા. ઉમરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસે કાયદેસરનો ગુનો નોંધીને તપાસ તેજ કરી છે. ઘોડદોડ રોડ અને રામચોક વિસ્તાર તરફ આવતા-જતા તમામ રસ્તાઓ પર લાગેલા સરકારી અને ખાનગી સીસીટીવી કેમેરાના ફૂટેજ એકત્રિત કરીને બાઈક સવાર ચોરની કડી મેળવવા પોલીસ રાત-દિવસ એક કરી રહી છે.

# કરજણમાં 1.23 કરોડના વિદેશી દારૂ પર બુલડોઝર ફરી વળ્યું: ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં 24 હજારથી વધુ બોટલોનો બામણગામ પાસે નાશ કરાયો

**વડોદરા, તા. 21**

વડોદરા જિલ્લા કરજણ પોલીસ ડિવિઝન હેઠળ આવતા કરજણ અને વલણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા કેટલાક સમય દરમિયાન જપ્ત કરવામાં આવેલા 1 કરોડ ઉપરાંતના વિદેશી દારૂના જથ્થાનો બામણગામ પાસે બુલડોઝર ફેરવીને સંપૂર્ણ નાશ કરવામાં આવ્યો છે. નામદાર કોર્ટમાંથી કાયદેસરની મંજૂરી મેળવ્યા બાદ ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં આ નિકાલની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.



આ અંગે વિગતો આપતા ડીવાયએસપી (DySP) પી. એન. પટેલે જણાવ્યું હતું કે, 1 માર્ચ, 2026થી લઈને 21 જૂન, 2026 સુધીના ટૂંકા સમયગાળા દરમિયાન કરજણ ડિવિઝન પોલીસ દ્વારા વિદેશી દારૂના કુલ 7 જેટલા મોટા ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. આ સફળ દરોડાઓ દરમિયાન પોલીસ દ્વારા જુદી-જુદી બ્રાન્ડની નાની-મોટી કુલ 24,210 બોટલો જપ્ત કરવામાં આવી હતી. આ જપ્ત કરાયેલા ગેરકાયદેસર મુદ્દામાલની કુલ કિંમત 1,23,18,300 જેટલી થવા જાય છે.

નિયમ અનુસાર જપ્ત કરાયેલા દારૂના જથ્થાનો નિકાલ કરવા માટે નામદાર કોર્ટમાંથી જરૂરી મંજૂરી મેળવવામાં આવી હતી. કોર્ટનો આદેશ મળતાની સાથે જ આજે બામણગામ ખાતે નિયત કરવામાં આવેલી ખુલ્લી જગ્યા પર આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યાં તમામ બોટલો રોડ પર ગોઠવી તેના પર ભારે વજનદાર બુલડોઝર ફેરવી દેવાયું હતું.

સરકારના નીતિ-નિયમો અને ચુસ્ત પારદર્શિતા સાથે દારૂના આ મસમોટા જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન કરજણ પ્રાંતના SDM, નશાબંધી અને આબકારી વિભાગના અધિકારીઓ તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ જવાબદાર અધિકારીઓની પ્રત્યક્ષ હાજરીમાં અને સુપરવિઝન હેઠળ કાયદેસરની કાર્યવાહી આટોપી લેવાઈ હતી. વડોદરા ગ્રામ્ય પોલીસની આ કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ અંગે વિગતો આપતા ડીવાયએસપી (DySP) પી. એન. પટેલે જણાવ્યું હતું કે, 1 માર્ચ, 2026થી લઈને 21 જૂન, 2026 સુધીના ટૂંકા સમયગાળા દરમિયાન કરજણ ડિવિઝન પોલીસ દ્વારા વિદેશી દારૂના કુલ 7 જેટલા મોટા ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. આ સફળ દરોડાઓ દરમિયાન પોલીસ દ્વારા જુદી-જુદી બ્રાન્ડની નાની-મોટી કુલ 24,210 બોટલો જપ્ત કરવામાં આવી હતી. આ જપ્ત કરાયેલા ગેરકાયદેસર મુદ્દામાલની કુલ કિંમત 1,23,18,300 જેટલી થવા જાય છે. નિયમ અનુસાર જપ્ત કરાયેલા દારૂના જથ્થાનો નિકાલ કરવા માટે નામદાર કોર્ટમાંથી જરૂરી મંજૂરી મેળવવામાં આવી હતી. કોર્ટનો આદેશ મળતાની સાથે જ આજે બામણગામ ખાતે નિયત કરવામાં આવેલી ખુલ્લી જગ્યા પર આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યાં તમામ બોટલો રોડ પર ગોઠવી તેના પર ભારે વજનદાર બુલડોઝર ફેરવી દેવાયું હતું.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે "યોગા ફોર હેલ્થી એજિંગ" થીમ આધારિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

**અમદાવાદ, તા. 21**

ગુજરાત સાયન્સ સિટી ખાતે આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. "Yoga for Healthy Ageing" થીમ આધારિત આ કાર્યક્રમ યોજાયો હતો.



વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં યોગ દ્વારા સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલીનો સંદેશ આપવામાં આવ્યો હતો. પોતાના સંબોધનમાં શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, "આ વર્ષની થીમ 'Yoga for Healthy Ageing' આજના સમયમાં અત્યંત પ્રાસંગિક છે. લાંબું અને સ્વસ્થ જીવન જીવવા માટે યોગ શારીરિક તંદુરસ્તી, માનસિક સુખાકારી અને ભાવનાત્મક સંતુલન જાળવવાનો સર્વોત્તમ માર્ગ છે. યોગ માત્ર વ્યાયામ નથી, પરંતુ શરીર, મન અને આત્મા વચ્ચે સમન્વય સ્થાપિત કરતું જીવનદર્શન છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતે વિશ્વને યોગ જેવી અમૂલ્ય પરંપરા ભેટ સ્વરૂપે આપી છે અને આજે સમગ્ર વિશ્વ યોગને આરોગ્ય અને સુખાકારી માટેની અસરકારક પદ્ધતિ તરીકે સ્વીકારી રહ્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવા માટે હાથ ધરાતી વિવિધ પહેલોની પણ તેમણે પ્રશંસા કરી હતી. તેમણે ઉપસ્થિત સૌને દૈનિક જીવનમાં યોગને જીવનશૈલી તરીકે અપનાવવાનો સંદેશ આપ્યો હતો.

આ અવસરે ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, "યોગ માત્ર શારીરિક કસરત નહીં પરંતુ સ્વસ્થ, સક્રિય અને સંતુલિત જીવન જીવવાનો માર્ગ છે. ગુજરાત સાયન્સ સિટી હંમેશા વિજ્ઞાન સાથે સ્વાસ્થ્ય, સુખાકારી અને જનજાગૃતિ સંબંધિત કાર્યક્રમો દ્વારા સમાજને પ્રેરિત કરવા માટે પ્રતિબદ્ધ રહી છે.

કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અનુભવી યોગ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વિવિધ યોગાસનો, પ્રાણાયામ તથા ધ્યાનની ક્રિયાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન યોગના શારીરિક, માનસિક અને ભાવનાત્મક આરોગ્ય પર થતા સકારાત્મક પ્રભાવ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. ખાસ કરીને વધતી ઉંમર સાથે આરોગ્ય, સ્ફૂર્તિ અને માનસિક શાંતિ જાળવવામાં યોગની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે ઉપસ્થિતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટના અધિકારીઓ, ગુજરાત સાયન્સ સિટીના અધિકારીઓ, કર્મચારીઓ, સહયોગીઓ, વિદ્યાર્થીઓ, યોગપ્રેમીઓ તેમજ ઉત્સાહી નાગરિકો સહિત 500થી વધુ લોકોએ ઉપસ્થિત રહી યોગાભ્યાસ કર્યો હતો.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે 'પીએમ કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી અંતર્ગત ખેડૂતોને મળ્યું આધુનિક કૃષિ માર્ગદર્શન

**અમદાવાદ, તા. 21**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે પીએમ કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાણંદ અને ધોળકા તાલુકાના મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




ઉપસ્થિત તમામ ખેડૂત ભાઈઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'ખેડૂત સન્માન નિધિ' અંતર્ગતના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું અને દેશના કૃષિ કલ્યાણના અભિગમમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. વી. એસ. પરમાર દ્વારા ખેડૂતોને જૈવિક ખાતરના ઉપયોગ તેમજ બિયારણને પટ આપવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ત્યારબાદ સંસ્થાના નિષ્ણાત ડૉ. હર્ષ દેસાઈએ ખેડૂતોને બાયોગેસ પ્લાન્ટની ઉપયોગિતા અને તેનાથી મળતા સેન્દ્રીય ખાતરના ફાયદાઓ વિશે વિસ્તૃત સમજ આપી હતી, જે ખેતીના ખર્ચને ઘટાડવામાં ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે.

કાર્યક્રમને વધુ વ્યવહારુ બનાવતા ડૉ. નીતિન પટેલ દ્વારા ખેડૂતો સમક્ષ લીલા પડવાશનું જીવંત નિદર્શન યોજવામાં આવ્યું હતું, જેથી જમીનની ફળદ્રુપતા કેવી રીતે વધારવી તેની પ્રત્યક્ષ માહિતી ખેડૂતોને મળી શકે.

આ સાથે જ, વિસ્તારના પ્રગતિશીલ ખેડૂત શ્રી કાશીરામભાઈએ મિલેટ્સ પાકોના મૂલ્ય વર્ધન વિશે પોતાના જાતઅનુભવો અને મહત્વના અભિપ્રાયો રજૂ કરીને અન્ય ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા. ખેડૂતો માટે આ સમગ્ર આયોજન ખૂબ જ માહિતીસભર અને માર્ગદર્શક રહ્યું હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગાંધીનગરના માણસા ખાતે ૧૨મા વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ભવ્ય ઉજવણી

**ગાંધીનગર, તા. 21**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ગાંધીનગરના માણસા ખાતે ૧૨મા વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યના સૌ નાગરિકોને આહ્વાન કરતાં કહ્યું કે યોગ એ માત્ર એક દિવસનો કાર્યક્રમ ન રહેતાં આપણી રોજિંદી જીવનશૈલીનો ભાગ બનવો જોઈએ. આ સાથે જ સમગ્ર રાજ્યમાં એક સાથે આશરે સવા કરોડથી વધુ બાળકો, યુવાનો અને વડીલોએ અલગ અલગ સ્થળેથી આ ઉજવણીમાં જોડાઈને યોગાભ્યાસ કર્યો હતો. રાજ્યના સૌ નાગરિકોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શુભેચ્છાઓ પાઠવતાં મુખ્યમંત્રીભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી આપણી સનાતન પ્રાચીન યોગ સંસ્કૃતિને આજે વિશ્વભરમાં સ્વીકૃતિ મળી છે. તેમણે કહ્યું કે ૧૨મા વિશ્વ યોગ દિવસની ઉજવણી એ રીતે પણ વિશેષ છે કે વડાપ્રધાનના સુશાસનનાં પણ ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે. મુખ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાનએ લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે 'ફિટ ઈન્ડિયા' અને 'વિશ્વ યોગ દિવસ' જેવી મોટી ભેટ આપી છે. જેના પરિણામે યોગ આજે પ્રિવેન્ટિવ હેલ્થ કેરનું મહત્ત્વનું માધ્યમ બની ગયો છે. આ સાથે જ પર્યાવરણ સુરક્ષા માટે 'એક પેડ માઁ કે નામ', 'કેચ ધ રેઈન' અને સોલાર એનર્જી દ્વારા ગ્રીન-ક્લીન ઊર્જાનો અભિગમ તેમજ રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતી તેમજ 'મિશન લાઈફ' દ્વારા પર્યાવરણ સાથે સંતુલિત જીવન જીવવાનો માર્ગ પણ વડાપ્રધાનએ બતાવ્યો છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજના તણાવપૂર્ણ જીવનમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવા ગંભીર રોગો સામે યોગ એ સ્વાસ્થ્યપ્રદ જીવનનો સૌથી સરળ અને સચોટ માર્ગ છે.

પટેલે જણાવ્યું કે આ વર્ષની થીમ 'યોગ ફોર હેલ્થી એજિંગ' (Yoga for Healthy Aging) છે. રાજ્યમાં વિવિધ સ્થળે આજના ૧૨મા વિશ્વ યોગ દિવસે સમગ્ર ગુજરાતમાં ૩૩૦થી વધુ સ્થળોએ સવા કરોડથી પણ વધુ લોકો સામૂહિક યોગમાં જોડાયા છે. મુખ્યમંત્રીએ ગૌરવપૂર્વક જણાવ્યું કે ગુજરાત યોગ ક્ષેત્રે હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧.૫ લાખ યોગ ટ્રેનર તૈયાર કરી દેશમાં સૌથી વધુ ટ્રેનર બનાવવાની સિદ્ધિ મેળવી છે. રાજ્યમાં ૫૦૦૦થી વધુ નિઃશુલ્ક યોગ ક્લાસ દ્વારા એક વર્ષમાં ૮ લાખથી વધુ લોકોને યોગ સાથે જોડવામાં આવ્યા છે. એટલું જ નહીં, રાજકોટ મહાનગરપાલિકાએ યોગ બોર્ડ સાથે વિશેષ એમઓયુ કરીને '૧૫ મિનિટ યોગ સિટી'નો નવતર અભિગમ અપનાવ્યો છે, જેમાં શહેરના કોઈ પણ સ્થળેથી ૧૫ મિનિટના અંતરે યોગ સેન્ટર ઉપલબ્ધ થાય તેવું આયોજન છે. મુખ્યમંત્રીએ કહ્યું કે વ્યક્તિગત સ્વાસ્થ્યની સાથે યોગને રાષ્ટ્ર નિર્માણની શક્તિ બનાવીને સૌને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭'ના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવાના કાર્યમાં જોડાઈ જવા આહ્વાન કર્યું હતું.રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શીશપાલ રાજપૂતે સૌનું સ્વાગત કરી, દૈનિક જીવનમાં યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે યોગને સનાતન ઋષિ પરંપરાની અદ્વિતીય ભેટ ગણાવી, ૩૬૫ દિવસ માટે યોગને અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે કોમન યોગ પ્રોટોકોલ સાથે સૌને યોગાભ્યાસ પણ કરાવ્યો હતો. આ પ્રસંગે સૌએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં પશ્ચિમ બંગાળ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશ પટેલ, ધારાસભ્ય જયંતીભાઈ પટેલ તેમજ પ્રકાશભાઈ વરમોરા, માણસા નગરપાલિકા પ્રમુખ મતી જ્યોત્સનાબેન વાઘેલા, તાલુકા પંચાયત પ્રમુખ ભરતસિંહ રાઠોડ, સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. વી.એન. શાહ,જિલ્લા કલેક્ટર રવીન્દ્ર ખતાલે તથા જિલ્લા વિકાસ અધિકારી સુહસરત જાસ્મીન તથા બહોળી સંખ્યામાં યોગ કોચ, યોગ ટ્રેનર્સ અને યોગકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વૈભવે મેદાન ધ્રૂજાવ્યું: એક પણ સિંગલ વિના અર્ધ સદી, 10 ચોગ્ગા, 8 છગ્ગા... 20 વર્ષ જૂનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

**નવી દિલ્હી, તા.21**



21 જૂનનો દિવસ ક્રિકેટ પ્રેમીઓ માટે રોમાંચક બની ગયો છે. રંગીરી દાંબુલા ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ભારત-એ અને શ્રીલંકા-એ વચ્ચે ટ્રાઈ સિરીઝની ફાઈનલ જંગ ખેલાઈ રહી છે. આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ટોસ જીતીને શ્રીલંકા-એ એ પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે દબાણ સૌથી વધુ હોય, ત્યારે જ સાચો હીરો બહાર આવે છે. ટ્રાઈ-સિરીઝની ફાઈનલ મેચમાં કંઈક આવો જ નજારો જોવા મળ્યો છે.

ભારતીય ટીમની શરૂઆત એટલી આક્રમક રહી કે ટીમે માત્ર 3 ઓવરમાં જ 50 રનનો આંકડો પાર કરી લીધો હતો. વૈભવ સૂર્યવંશીએ મેદાનના ચારેય ખૂણે ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કર્યો હતો. મેચની ત્રીજી ઓવરમાં શ્રીલંકન બોલર મોહમ્મદ શિરાજ સામે વૈભવે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું અને 3 છગ્ગા તથા 2 ચોગ્ગાની મદદથી એક જ ઓવરમાં 26 રન ઝૂડી કાઢ્યા હતા.

વૈભવની આ આક્રમક બેટિંગ અહીં જ ન અટકી, તેણે માત્ર 11 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી લીધી હતી, જેમાં 5 છગ્ગા અને 5 ચોગ્ગા સામેલ હતા. વૈભવ સૂર્યવંશી કમનસીબે પોતાની સદી ચૂકી ગયો હતો અને 29 બોલમાં 94 રનની વિસ્ફોટક ઈનિંગ રમીને આઉટ થયો હતો. આ ઈનિંગ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ 324નો હતો અને તેણે કુલ 10 ચોગ્ગા તથા 8 છગ્ગા ફટકાર્યા હતા. તેને શ્રીલંકન કેપ્ટન સહાન અરાચિગેએ આઉટ કર્યો હતો. વૈભવ જ્યારે આઉટ થયો ત્યાં સુધીમાં ભારત-એ ટીમના 2 વિકેટ પડી ચૂકી હતી.

ટ્રાઈ સિરીઝની વાત કરીએ તો, ભારતીય ટીમ 4 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં બીજા ક્રમે રહીને ફાઈનલમાં પ્રવેશી હતી, જ્યારે શ્રીલંકા-એ 6 પોઈન્ટ સાથે ટેબલ ટોપર તરીકે ફાઈનલમાં પહોંચી હતી. આ ટુર્નામેન્ટમાં બંને ટીમો ત્રીજીવાર સામસામે છે. આ પહેલા રમાયેલી બે મેચોમાં બંને ટીમો 1-1 થી બરાબરી પર હતી.

આ મેચમાં વૈભવ સૂર્યવંશી અલગ જ મૂડમાં મેદાન પર ઉતર્યો હતો. તેણે શ્રીલંકન બોલરોની લાઈન અને લેન્થ સંપૂર્ણપણે બગાડી નાખી હતી. વૈભવે માત્ર 11 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી લીધી હતી. સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે, અડધા સદીના આંકડા સુધી પહોંચવા માટે તેણે એક પણ સિંગલ રન લીધો ન હતો!

વૈભવ સૂર્યવંશી હવે લિસ્ટ-એ (List-A) ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ બેટર બની ગયો છે. આ સાથે જ તેણે શ્રીલંકાના કૌશલ્યા વીરારત્નેનો 20 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વીરારત્નેએ 1 નવેમ્બર 2005ના રોજ રાગામા ક્રિકેટ ક્લબ તરફથી રમતા કુરુનેગલા યુથ ક્રિકેટ ક્લબ સામે માત્ર 12 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. વૈભવે આ રેકોર્ડ તોડીને માત્ર 11 બોલમાં કારનામો કરી બતાવ્યો છે. આ ઉપરાંત, વૈભવે મુંબઈના સ્ટાર બેટર સરફરાઝ ખાનના નામે રહેલો ભારતીય રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. સરફરાઝ ખાને વિજય હઝારે ટ્રોફીની ગત સીઝનમાં પંજાબ સામે માત્ર 15 બોલમાં અડધી સદી ફટકારી હતી, જેને વૈભવે આસાનીથી પાછળ છોડી દીધી છે.

વૈભવ સૂર્યવંશી આ મેચમાં થોડો અનલકી પણ રહ્યો હતો અને શતકથી માત્ર 6 રન દૂર રહી ગયો હતો. તેણે માત્ર 29 બોલનો સામનો કરીને 324.14ના વિસ્ફોટક સ્ટ્રાઈક રેટ સાથે 94 રન બનાવ્યા હતા, જેમાં 10 ચોગ્ગા અને 8 છગ્ગા સામેલ હતા. વૈભવ જો સદી પૂરી કરી લેત, તો તે લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી સદીના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી લેત.

હાલમાં લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મેકગર્કના નામે છે, જેણે ઓક્ટોબર 2023માં સાઉથ ઓસ્ટ્રેલિયા તરફથી રમતા તાસ્માનિયા સામે માત્ર 29 બોલમાં સદી ફટકારી હતી.

આ ટ્રાઈ-સિરીઝમાં તમામ ક્રિકેટ ફેન્સની નજર વૈભવ સૂર્યવંશી પર ટકેલી હતી. ટૂર્નામેન્ટની શરૂઆતની 4 મેચોમાં તે ખાસ કમાલ નહોતો કરી શક્યો અને કુલ 117 રન જ બનાવી શક્યો હતો. પરંતુ ફાઈનલ જેવા મોટા મુકાબલામાં તેણે અસલી ક્લાસ બતાવ્યો. આ શાનદાર પ્રદર્શન બાદ હવે વૈભવ ભારતની આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ ટૂર પર જવાનો છે, જ્યાં તેનું ઈન્ટરનેશનલ ડેબ્યૂ લગભગ પાક્કું માનવામાં આવી રહ્યું છે.

# બુમરાહની વાપસી, વિરાટ કોહલીની ફિટનેસ પર સસ્પેન્સ: ઈંગ્લેન્ડ વનડે સીરિઝ માટે ટીમ ઈન્ડિયા જાહેર

**નવી દિલ્હી, તા.21**




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી ત્રણ મેચોની વનડે સીરિઝ માટે BCCIએ 15 ખેલાડીઓની મજબૂત ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. ઈંગ્લેન્ડ પ્રવાસ પર ભારતીય ટીમે 5 ટી20 આંતરરાષ્ટ્રીય મેચો ઉપરાંત ત્રણ વનડે મેચોની સીરિઝ પણ રમવાની છે. ટી20 સીરિઝ માટેની ટીમ અગાઉથી જ જાહેર કરી દેવામાં આવી હતી, અને હવે ફેન્સ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે વનડે ટીમનું લિસ્ટ પણ સામે આવી ગયું છે.

આ ટીમ સિલેક્શનની સૌથી મોટી અને ચર્ચાસ્પદ વાત એ છે કે સ્ટાર બેટર વિરાટ કોહલીને આ સ્ક્વોડમાં સામેલ કરવામાં આવ્યો છે. જોકે, કોહલી હાલમાં સંપૂર્ણ રીતે ફિટ નથી. ચીફ સિલેક્ટર્સે સ્પષ્ટ કર્યું છે કે વિરાટ કોહલીની ઉપલબ્ધતા તેની 'ફિટનેસ ક્લિયરન્સ' પર આધારિત રહેશે. એટલે કે, આગામી સમયમાં યોજાનારા ફિટનેસ ટેસ્ટમાં પાસ થયા બાદ જ કિંગ કોહલી આ વનડે સીરિઝમાં મેદાન પર રમી શકશે.

ક્રિકેટ ફેન્સ માટે સૌથી મોટા અને રાહતના સમાચાર એ છે કે ઘાતક ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહની વનડે સેટઅપમાં વાપસી થઈ ગઈ છે. બુમરાહ છેલ્લે વર્ષ 2023ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ મેચમાં ભારતીય ટીમ માટે 50 ઓવર્સ ક્રિકેટ રમ્યો હતો, જે બાદ તે વનડે ફોર્મેટથી દૂર હતો.

આ સિવાય ઓલરાઉન્ડર અક્ષર પટેલ પણ વનડે ટીમમાં પાછો ફર્યો છે, જે અગાઉ અફઘાનિસ્તાન સામેની વનડે સીરિઝમાં ટીમનો હિસ્સો નહોતો.

જોકે, પસંદગીકારોએ યશસ્વી જયસ્વાલ, પ્રિન્સ યાદવ અને હર્ષ દુબેને આ વનડે સ્ક્વોડમાં સ્થાન આપ્યું નથી.

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી* (ફિટનેસ ક્લિયરન્સને આધીન), શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કે.એલ. રાહુલ (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ ક્રિષ્ના, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને ગુરનૂર બ્રાર.

# ભારતીય યુવતીના પ્રેમમાં ગાંડો થયો ઈંગ્લેન્ડનો સ્ટાર ક્રિકેટર, ગુપચુપ ડેટ કરી રહ્યો હોવાની ચર્ચા

**નવી દિલ્હી, તા.21**



ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી જેકબ બેથલ (Jacob Bethell) એક ભારતીય યુવતીને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. સોશિયલ મીડિયા પર એક યુવતી સાથે તેમનો ફોટો પણ વાયરલ થઈ રહ્યો છે. જો કે, ક્રિકેટરની રિલેશનશિપના સમાચારો પર સસ્પેન્સ હજુ પણ યથાવત છે. અહેવાલો અનુસાર, જેકબ એક ભારતીય મેકઅપ આર્ટિસ્ટને ડેટ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર જેકબનો એક યુવતી સાથેનો રોમેન્ટિક ફોટો વાયરલ થયા બાદ તેમની લવ લાઈફ હેડલાઈન્સમાં આવી ગઈ છે. વાયરલ ફોટોમાં ક્રિકેટર જેકબ બેથલ એક યુવતી સાથે રોમેન્ટિક અંદાજમાં પોઝ આપતા જોવા મળી રહ્યા છે. જો કે, આ તસવીરમાં યુવતીનો ચહેરો સ્પષ્ટ દેખાતો નથી. આ વાયરલ ફોટોએ ફેન્સ વચ્ચે ભારે ઉત્તેજના જગાવી છે, અને ફેન્સ એ જાણવા આતુર છે કે, તસવીરમાં જેકબ સાથે દેખાતી યુવતી કોણ છે? સોશિયલ મીડિયા યુઝર્સ દાવો કરી રહ્યા છે કે, જેકબ બેથલ ભારતીય યુવતીના પ્રેમમાં પાગલ છે. ઘણા લોકોનું માનવું છે કે, તસવીરમાં દેખાતી યુવતી મુંબઈની જાણીતી સેલિબ્રિટી મેકઅપ આર્ટિસ્ટ અંકિતા પટેલ (Ankita Patel) છે. અંકિતા શિલ્પા શેટ્ટી, પલક તિવારી અને હિના ખાન જેવી સેલિબ્રિટીઝ સાથે કામ કરી ચૂકી છે. આ 22 વર્ષીય ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડરે IPLમાં RCB માટે અને તાજેતરમાં T20 વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

# વર્લ્ડ કપમાં મેથ્યુઝ કુન્હાનો તરખાટ, બ્રાઝિલનો શાનદાર વિજય

**ફિલાડેલ્ફિયા, તા.21**

ફિફા વર્લ્ડ કપ ફૂટબોલમાં પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલે શનિવારે હૈતી સામે 3-0થી એકતરફી વિજય હાંસલ કરીને પોતાની શક્તિનો પરચો આપતાં લગભગ નોકઆઉટમાં પ્રવેશ કરી લીધો હતો અને ટુર્નામેન્ટમાં પોતાની દાવેદારી મજબૂત કરી દીધી હતી. જ્યારે હૈતીની ટીમ નોકઆઉટ રાઉન્ડની રેસમાંથી બહાર થઈ ગઈ હતી.

માન્ચેસ્ટર યુનાઈટેડનો સ્ટાર ખેલાડી મેથ્યુસ કુન્હા આ મેચના હીરો રહ્યો હતો. મોરોક્કો સામેની નિરસ ડ્રો મેચમાં સબસ્ટિટ્યૂટ તરીકે રમ્યા બાદ આ મેચમાં કોચ કાર્લો એન્સેલોટીએ કુન્હાને શરૂઆતની લાઈનઅપમાં સ્થાન આપ્યું હતું. તેણે બે ગોલ કરીને આ નિર્ણયને સાચો ઠેરવી દીધો હતો.



68,324 પ્રેક્ષકોની હાજરીમાં રમાયેલી આ મેચમાં કુન્હાએ રિબાઉન્ડ પર પોતાનો પ્રથમ વર્લ્ડ કપ ગોલ કર્યો હતો ત્યારબાદ લેફ્ટ કિકથી શાનદાર શૉટ દ્વારા બીજો ગોલ નોંધાવ્યો હતો.

વિનિસિયસ જુનિયરે આ મેચમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પ્રથમ ગોલ માટે તેણે કરેલા શૉટને ગોલકીપરે રોક્યો હતો, જેનો ફાયદો કુન્હાને મળ્યો હતો. ત્યારબાદ, વિનિસિયસે કુન્હાને આપેલા ચોક્કસ પાસ પર કુન્હાએ બીજો ગોલ કર્યો હતો. આમ બે મેચમાં ગોલ આસિસ્ટ કર્યા બાદ વિનિસિયસ પણ આક્રમક બન્યો હતો જેનું તેને મેચના અંતિમ તબક્કામાં વળતર મળી ગયું હતું કેમ કે તે સમયે તેણે પોતે પણ ગોલ સ્કોરરમાં નામ નોંધાવવામાં સફળતા મેળવી હતી. ફિલાડેલ્ફિયાના લિંકન ફાઈનાન્શિયલ ફિલ્ડમાં વાતાવરણ ખૂબ જ ઉત્સાહપૂર્ણ હતું. જ્યાં હૈતીના ચાહકો તેમના પરંપરાગત સૂત્ર "ગ્રેનાડિયર અલસો" સાથે ઉત્સાહ વધારી રહ્યા હતા, ત્યાં બ્રાઝિલના સમર્થકો પેલેના નારા અને 'થાઉઝન્ડ ગોલ્સ'ના ગીતો સાથે સ્ટેડિયમ ગુંજાવી રહ્યા હતા. કુન્હાના 'સર્ફિંગ' સેલિબ્રેશન અને તેના બાદ તરવાની નકલ કરતા સેલિબ્રેશને ચાહકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

બ્રાઝિલનો સ્ટાર ખેલાડી નેઈમાર હજી પણ પગના સ્નાયુઓની ઈજાને કારણે મેચ રમી શક્યો ન હતો. જ્યારે ફોરવર્ડ રાફિન્હાને પ્રથમ હાફમાં ઈજા થતાં મેદાનની બહાર જવું પડ્યું હતું. બ્રાઝિલ 2002 બાદ પોતાનો પ્રથમ વર્લ્ડ કપ જીતવા માટે પ્રયત્નશીલ છે. તે હવે બુધવારે માયામી ગાર્ડન્સ ખાતે ગ્રૂપ સીની પોતાની અંતિમ મેચમાં સ્કોટલેન્ડ સામે રમશે.

# કરીના અને પૃથ્વીરાજ સુકુમારનની 'દાયરા' 18 સપ્ટેમ્બરે રિલીઝ થશે



**મુંબઈ, તા.21**

મેઘના ગુલઝાર હવે પોતાની આગામી થ્રિલર ફિલ્મ 'દાયરા' સાથે દર્શકો સમક્ષ આવવા તૈયાર છે. ફિલ્મમાં પ્રથમ વખત કરીના કપૂર ખાન અને પૃથ્વીરાજ સુકુમારનની નવી જોડી મોટા પડદા પર જોવા મળશે. મેકર્સે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે આ ફિલ્મ 18 સપ્ટેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. રિલીઝ ડેટની જાહેરાત સાથે ફિલ્મના સેટ પરથી કેટલીક ખાસ બિહાઈન્ડ ધ સીન ઝલકો પણ શેર કરવામાં આવી છે, જેને સોશિયલ મીડિયા પર સારો પ્રતિસાદ મળી રહ્યો છે. 'દાયરા'ને એક તીવ્ર અને વિચારપ્રેરક થ્રિલર તરીકે રજૂ કરવામાં આવી રહી છે. ફિલ્મ સત્ય ઘટનાઓથી પ્રેરિત હોવાનું કહેવાય છે અને તેમાં અપરાધ, ન્યાય અને સજા જેવા ગંભીર વિષયો પર પ્રકાશ પાડવામાં આવશે. મેઘના ગુલઝાર અગાઉ 'રાઝી', 'તલવાર' અને 'છપાક' જેવી વાસ્તવિકતા આધારિત ફિલ્મો માટે જાણીતાં છે. 'દાયરા'માં પણ તેમની એ જ વાસ્તવિક અને સંવેદનશીલ વાર્તાકથનની શૈલી જોવા મળશે તેવી અપેક્ષા છે. ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરતાં કરીનાએ પોતાનાં સોશિયલ મીડિયા હેન્ડલ પર એક BTS વીડિયો શેર કર્યો હતો. વીડિયો સાથે તેણે લખ્યું, "આ ફિલ્મ ખરેખર યાદગાર બનવાની છે... 'દાયરા'ના સેટ પાછળની કેટલીક અનદેખી અને ખાસ ક્ષણોની ઝલક. દાયરા 18 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં આવી રહી છે." વીડિયોમાં ફિલ્મનાં સેટનું વાતાવરણ અને પાત્રોની ગંભીરતા જોવા મળે છે, જે ફિલ્મના ડાર્ક અને રિયલિસ્ટિક ટોનનો સંકેત આપે છે. અભિનેતા પૃથ્વીરાજ સુકુમારને પણ પોતાના સોશિયલ મીડિયા પર ફિલ્મની પોસ્ટ શેર કરી હતી. તેણે પોતાની પોસ્ટમાં લખ્યું, "કેટલીક રેખાઓ દોરવામાં આવે છે, કેટલીક પાર કરવામાં આવે છે. હવે એક પસંદગી તમારી રાહ જોઈ રહી છે... માત્ર ત્રણ મહિના બાકી. દાયરા 18 સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં." પૃથ્વીરાજની આ પોસ્ટ ફિલ્મના કેન્દ્રમાં રહેલા નૈતિક સંઘર્ષ અને મુશ્કેલ નિર્ણયો તરફ સંકેત આપે છે, જે ફિલ્મનાં થ્રિલર એલિમેન્ટને વધુ રસપ્રદ બનાવે છે. હાલ મેકર્સે ફિલ્મની વાર્તા વિશે વધુ વિગતો જાહેર કરી નથી, પરંતુ BTS ફૂટેજ અને કલાકારોના સંકેતોને જોતા એવું લાગી રહ્યું છે કે 'દાયરા' માત્ર એક ક્રાઈમ થ્રિલર નહીં, પરંતુ ન્યાય અને જવાબદારી જેવા મુદ્દાઓ પર ગંભીર પ્રશ્ન ઉઠાવનારી ફિલ્મ સાબિત થશે.

# રિષભ શેટ્ટીની 'છત્રપતિ શિવાજી મહારાજ' ફિલ્મ હવે બે ભાગમાં બનશે

## કંતારા પછી આ ફિલ્મનું બજેટ હવે 500 કરોડ રૂપિયાથી વધુ હોવાનો અહેવાલ

**મુંબઈ, તા.21**



નેશનલ એવોર્ડ વિજેતા અભિનેતા રિષભ શેટ્ટી હવે ભારતીય ઈતિહાસના સૌથી પ્રેરણાદાયી અને મહાન શાસકોમાંના એક છત્રપતિ શિવાજી મહારાજના જીવનને ભવ્ય ફિલ્મી સ્વરૂપ આપવા તૈયાર છે. તેમની આગામી ઐતિહાસિક ફિલ્મ 'ધ પ્રાઈડ ઓફ ભારત: છત્રપતિ શિવાજી મહારાજ' અંગે એક મોટી અપડેટ સામે આવ્યું છે. તે અંગેના અહેવાલો અનુસાર, શરૂઆતમાં એક જ ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવેલો આ પ્રોજેક્ટ હવે બે ભાગમાં રજૂ કરવામાં આવશે. નિર્માતાઓએ આ મહાકાય કથાને વધુ વિસ્તૃત રીતે રજૂ કરવા માટે તેને બે ફિલ્મોમાં વહેંચવાનો નિર્ણય લીધો છે.

માહિતી મુજબ, ફિલ્મનો પ્રથમ ભાગ વર્ષ 2028માં સિનેમાઘરોમાં રિલીઝ થશે, જ્યારે બીજો ભાગ 2029માં દર્શકો સમક્ષ આવશે.

અહેવાલો અનુસાર, આ પ્રોજેક્ટનું અંદાજિત બજેટ 500 કરોડ રૂપિયાથી પણ વધુ છે, જે ભારતીય સિનેમાના સૌથી મોંઘા અને ભવ્ય ઐતિહાસિક પ્રોજેક્ટ્સમાં સ્થાન મેળવી શકે છે.

ફિલ્મનું મોટા પ્રમાણમાં શૂટિંગ મહારાષ્ટ્રમાં કરવામાં આવશે, જ્યાં છત્રપતિ શિવાજી મહારાજે પોતાના સ્વરાજ્યની સ્થાપના કરી હતી અને તેમના જીવનની અનેક ઐતિહાસિક ઘટનાઓ બની હતી.

આ ફિલ્મ અંગેના અહેવાલો મુજબ, રીષભ શેટ્ટી હાલ દિગ્દર્શક પ્રશાંત વર્માની ફિલ્મ 'જય હનુમાન'માં ભગવાન હનુમાનની ભૂમિકા ભજવી રહ્યા છે. આ ફિલ્મનું કામ પૂર્ણ થયા બાદ તે 'છત્રપતિ શિવાજી મહારાજ'ના શૂટિંગમાં જોડાશે. રીષભ શેટ્ટી માટે આગામી વર્ષોમાં ખૂબ વ્યસ્ત રહેવાના છે. 'કાંતારા' માટે શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યા બાદ તેમની લોકપ્રિયતા સતત વધી રહી છે. હવે 2027માં 'જય હનુમાન' અને ત્યારબાદ 2028 તથા 2029માં 'છત્રપતિ શિવાજી મહારાજ'ના બંને ભાગો રિલીઝ થવાના છે.

ફિલ્મમાં રીષભ શેટ્ટી છત્રપતિ શિવાજી મહારાજની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. તેની સાથે વિવેક ઓબેરોય મુઘલ બાદશાહ ઔરંગઝેબના પાત્રમાં જોવા મળશે, જ્યારે શેફાલી શાહ રાજમાતા જિજાબાઈની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત આશા ભોંસલેની પૌત્રી ઝનાઈ ભોસલે ફિલ્મમાં મહારાણી સાઈ ભોસલેના પાત્રમાં જોવા મળશે. ફિલ્મની ટેક્નિકલ ટીમ પણ ખૂબ મજબૂત છે. જાણીતા સિનેમેટોગ્રાફર રવિ વર્મન, સંગીતકાર પ્રીતમ ચક્રવર્તી, ગીતકાર પ્રસૂન જોશી, ઓસ્કાર વિજેતા સાઉન્ડ ડિઝાઈનર રસૂલ પૂકુટ્ટી, એક્શન ડિરેક્ટર ક્રેગ મેક્રે અને એડિટર ફિલોમિન રાજ જેવા દિગ્ગજો આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. તે ઉપરાંત નિર્માતાઓ આ ફિલ્મને માત્ર ભારત પૂરતી મર્યાદિત રાખવા માંગતા નથી. 'ધ પ્રાઈડ ઓફ ભારત: છત્રપતિ શિવાજી મહારાજ'ને સાત ભાષાઓમાં વૈશ્વિક સ્તરે રિલીઝ કરવાની યોજના છે.

થોડા સમય પહેલા રીષભ શેટ્ટીનો છત્રપતિ શિવાજી મહારાજના અવતારમાં ફર્સ્ટ લુક જાહેર કરવામાં આવ્યો હતો, જેને સોશિયલ મીડિયા પર જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

# શ્રદ્ધાની 'ઈથા'નું ટીઝર ઓનલાઈન લીક: વિઠાબાઈનાં પ્રસૂતિનાં દૃશ્યએ ચાહકોમાં વધારી ઉત્સુકતા

**મુંબઈ, તા.21**



શ્રદ્ધા કપૂરની બાયોપિક ફિલ્મ 'ઈથા'ની સત્તાવાર રિલીઝ પહેલાં જ એક ટીઝર ક્લિપ ઓનલાઈન લીક થઈ જતાં સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. ફિલ્મના નિર્માતાઓએ હજુ સુધી ડિજિટલ પ્લેટફોર્મ પર ટીઝર જાહેર કર્યું નથી, છતાં સિનેમાઘરમાંથી રેકોર્ડ કરાયેલી એક ઝલક વાયરલ થઈ રહી છે અને ચાહકોમાં ફિલ્મને લઈને ઉત્સાહ વધી ગયો છે. અહેવાલો મુજબ, 'ઈથા'નો પ્રથમ લૂક ફિલ્મ 'કોકટેલ 2'ના થિયેટર શો દરમિયાન દર્શાવવામાં આવ્યો હતો. આ દરમિયાન કોઈ દર્શકે રેકોર્ડ કરેલી ક્લિપ સોશિયલ મીડિયા પર શેર કરી દીધી, જેના કારણે ફિલ્મનું મહત્વનું દૃશ્ય હવે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

લીક થયેલી ક્લિપમાં શ્રદ્ધા કપૂર મહારાષ્ટ્રનાં દિગ્ગજ તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરના પાત્રમાં જોવા મળે છે. દૃશ્યમાં તે ગર્ભવતી હાલતમાં સ્ટેજ પરફોર્મન્સ માટે તૈયારી કરતી જોવા મળે છે. ટીઝરમાં દર્શાવવામાં આવે છે કે વિઠાબાઈ પ્રસૂતિની પીડા વચ્ચે પણ પોતાનું કલા માટેનું સમર્પણ જાળવી રાખીને મંચ પર જવા આતુર છે. સંવાદો પરથી એવું સ્પષ્ટ થાય છે કે બાળકના જન્મ પછી તરત જ સ્ટેજ પર પરત ફરવા અંગે ચર્ચા અને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાય છે.

વિઠાબાઈના વાસ્તવિક જીવનમાં પણ એવી ઘટના બની હતી, જ્યાં તેમણે વ્યક્તિગત મુશ્કેલીઓ છતાં કલાકાર તરીકેની જવાબદારીને પ્રાથમિકતા આપી હતી. ફિલ્મમાં આ ઘટનાને ભાવનાત્મક રીતે રજૂ કરવામાં આવી હોવાનું લાગી રહ્યું છે.

માત્ર થોડા સેકન્ડની આ ઝલકે પણ ચાહકો પર ઉંડી અસર છોડી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં સિનેમાઘરમાં દર્શકો તરફથી જોરદાર તાળીઓ, સીટીઓ અને ઉત્સાહભર્યો પ્રતિસાદ સાંભળવા મળે છે. ઘણા ચાહકોએ શ્રદ્ધા કપૂરના નવા લૂક, ગર્ભવતી મહિલાના પાત્રમાં તેની અભિવ્યક્તિ અને ભાવનાત્મક અભિનયની પ્રશંસા કરી છે. કેટલાકે તો તેને તેનાં કેરિયરની અત્યાર સુધીની સૌથી પડકારજનક અને શક્તિશાળી ભૂમિકા ગણાવી છે. ફિલ્મનું દિગ્દર્શન જાણીતા ફિલ્મમેકર લક્ષ્મણ ઉટેકર કરી રહ્યા છે. 'ઈથા' મહારાષ્ટ્રની લોકકલાની દુનિયામાં અનોખું સ્થાન ધરાવતી વિઠાબાઈ નારાયણગાંવકરના જીવન અને સંઘર્ષની કહાની રજૂ કરશે.

ફિલ્મમાં શ્રદ્ધા કપૂર ઉપરાંત રણદીપ હૂડા અને મોહમ્મદ ઝીશાન અય્યુબ પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે. 'ઈથા' 28 ઓગસ્ટે રક્ષાબંધનના તહેવારના સમયગાળા દરમિયાન સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

## 31 જુલાઈ સુધીમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરી દો

# જો આવક 2.50 લાખથી વધુ હોય તો ભરવું જરૂરી

**નવી દિલ્હી, તા.21**

નાણાકીય વર્ષ 2025-26 માટે ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની પ્રક્રિયા હવે સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે, જેના કારણે દેશભરના કરદાતાઓએ પોતાના નાણાકીય દસ્તાવેજો એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય કરદાતાઓ, ખાસ કરીને પગારદાર વર્ગ માટે રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ 2026 નક્કી કરવામાં આવી છે, જ્યારે બિઝનેસ ક્લાસ તેમજ ITR-3 અને ITR-4 ફોર્મ ભરનારા કેટલાક ચોક્કસ લોકો માટે આ સમયસીમા 31 ઓગસ્ટ 2026 સુધી લંબાવવામાં આવી છે. જો કોઈ કરદાતા આ નિયત સમયસીમા ચૂકવી જાય છે, તો તેઓ આ વર્ષના અંત સુધી એટલે કે 31 ડિસેમ્બર 2026 સુધી જરૂરી દંડ અને પેનલ્ટી ભરીને પોતાનું 'બિલેટેડ રિટર્ન' ફાઈલ કરી શકે છે. જો કે, સમયસર રિટર્ન ભરવું હંમેશા હિતાવહ રહે છે કારણ કે ITR એ માત્ર એક કાનૂની પ્રક્રિયા નથી, પરંતુ તે તમારી વર્ષભરની સંપૂર્ણ આવક, વિવિધ રોકાણો અને તમામ મોટા નાણાકીય લેણદેણનો એક સત્તાવાર કાનૂની રેકોર્ડ પ્રદાન કરે છે.

વર્તમાન સમયમાં ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ અત્યંત આધુનિક ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને એડવાન્સ ડેટા એનાલિટિક્સનો વ્યાપક ઉપયોગ કરી રહ્યું છે. વિવિધ સરકારી અને નાણાકીય પોર્ટલો દ્વારા ટેક્સ વિભાગ તમારા બેંક ખાતાઓ, કપાયેલા TDS, શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં થયેલા વ્યવહારો, મોટી પ્રોપર્ટીની ખરીદી-વેચાણ અને વિદેશ યાત્રા સુધીની તમામ નાની-મોટી માહિતી ખૂબ જ સરળતાથી એકત્ર કરી લે છે. ત્યારબાદ આ તમામ માહિતીને તમે રિટર્નમાં દર્શાવેલી વિગતો સાથે મેળવવામાં આવે છે. આવી ડિજિટલ સક્રિયતા વચ્ચે ટેક્સ ફાઈલ કરતી વખતે થતી નાની સરખી ભૂલ અથવા કોઈ માહિતી છુપાવવાનો પ્રયાસ પણ તમને મુશ્કેલીમાં મૂકી શકે છે અને તેના કારણે ટેક્સ વિભાગ તરફથી નોટિસ, વધારાની ટેક્સ ડિમાન્ડ, ભારે વ્યાજ અથવા મોટી પેનલ્ટી આવી શકે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને કરદાતાઓએ ખૂબ જ સાવચેતી રાખવી જરૂરી બને છે.




ટેક્સ નિષ્ણાતો અને ઈન્દોરના સીએ આનંદ જૈન આ સંદર્ભમાં કેટલીક અત્યંત મહત્વપૂર્ણ બાબતો પર પ્રકાશ પાડે છે જે દરેક કરદાતાએ જાણવી જોઈએ. સામાન્ય રીતે ઘણા પગારદાર કર્મચારીઓ માત્ર અને માત્ર પોતાના ફોર્મ 16 પર જ સંપૂર્ણ ભરોસો રાખીને બેસી રહે છે. તેઓ માને છે કે આ ફોર્મમાં જે વિગતો છે તે રિટર્ન ભરવા માટે પૂરતી છે, પરંતુ વાસ્તવમાં ફોર્મ 16 માત્ર કંપની દ્વારા ચૂકવાયેલા પગાર અને તેના પર કાપવામાં આવેલા TDSની માહિતી આપે છે. તેનાથી અલગ જો તમને ફિક્સ ડિપોઝિટ (FD), રિકરિંગ ડિપોઝિટ (RD), બચત ખાતાનું વ્યાજ, કંપનીઓ તરફથી મળતું ડિવિડન્ડ, ઘરનું ભાડું, કોઈ ફ્રીલાન્સ કામમાંથી થયેલી આવક, શેર કે મ્યુચ્યુઅલ ફંડના વેચાણમાંથી મળેલો નફો અથવા કોઈ વિદેશી સ્રોતમાંથી આવક થઈ હોય, તો તેને પણ તમારા ITRમાં સામેલ કરવી કાનૂની રીતે ફરજિયાત છે. આ પ્રકારની વધારાની આવક છુપાવવાથી ભવિષ્યમાં વ્યાજ સાથે મોટો ટેક્સ ચૂકવવાનો વારો આવી શકે છે.

આ ઉપરાંત, ટેક્સ રિટર્ન સબમિટ કરતી વખતે સાચા ITR ફોર્મની પસંદગી કરવી એ સૌથી પ્રાથમિક અને મહત્વનું પગલું છે. જો તમે તમારી આવકના સ્રોત પ્રમાણે ખોટું ફોર્મ પસંદ કરશો, તો ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા તમારા રિટર્નને 'ડિફેક્ટિવ' એટલે કે ખામીયુક્ત જાહેર કરવામાં આવી શકે છે, જેનો સીધો અર્થ એ થાય કે કાયદાની નજરમાં તમે રિટર્ન ફાઈલ જ નથી કર્યું. સામાન્ય રીતે પગાર, પેન્શન અને સામાન્ય વ્યાજની આવક ધરાવતા લોકો માટે ITR-1 હોય છે, જ્યારે કેપિટલ ગેઈન, એકથી વધુ મકાન, વિદેશી સંપત્તિ કે વિદેશી આવક ધરાવતા લોકો માટે ITR-2 નિર્ધારિત છે. તે જ રીતે, બિઝનેસ, ફ્રીલાન્સિંગ, ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (F&O) અથવા શેર ટ્રેડિંગ કરતા લોકોએ ITR-3 ભરવું પડે છે, અને નાના ઉદ્યોગપતિઓ તેમજ પ્રોફેશનલ્સ માટે ITR-4 ફોર્મ બનાવવામાં આવ્યું છે.

ભૂલોથી બચવા માટે રિટર્ન ભરતા પહેલા તમારા પર્સનલ દસ્તાવેજોની સાથે સાથે સરકારી પોર્ટલ પર ઉપલબ્ધ ફોર્મ 26AS, એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS) અને ટેક્સપેયર ઈન્ફોર્મેશન સમરી (TIS) ને ખૂબ જ બારીકાઈથી તપાસવા જોઈએ અને તેનો પરસ્પર મેળ કરવો જોઈએ. જો આ સરકારી સ્ટેટમેન્ટ્સમાં દેખાતી આવક તમારા વાસ્તવિક રિટર્ન સાથે મેચ નહીં થાય, તો ટેક્સ ડિપાર્ટમેન્ટ તાત્કાલિક તમારી પાસે સ્પષ્ટતા માંગી શકે છે. જો તમને આ પોર્ટલ પર કોઈ ખોટી માહિતી દર્શાવવામાં આવી રહી હોય તેવું લાગે, તો રિટર્ન ભરતા પહેલા જ પોર્ટલ પર તેના સુધારા માટે ફીડબેક અથવા ફરિયાદ નોંધાવવી જરૂરી છે. આ બાબત એવા લોકો માટે પણ ખાસ લાગુ પડે છે જેમણે સંબંધિત નાણાકીય વર્ષ દરમિયાન પોતાની નોકરી બદલી હોય. નોકરી બદલવાના કિસ્સામાં કરદાતાએ જૂની અને નવી બંને કંપનીઓ તરફથી મળેલા પગાર અને વિગતોને જોડીને જ કુલ આવકની ગણતરી કરવી જોઈએ. જો આમ કરવામાં ન આવે, તો ડ્યુઅલ સ્લેબ બેનિફિટના કારણે ઓછો TDS કપાયો હોઈ શકે છે અને અંતે મોટો ટેક્સ ભરવો પડી શકે છે.

નાણાકીય વ્યવહારોની ચોકસાઈની સાથે સાથે બેંક ખાતાઓની સાચી વિગતો આપવી પણ એટલી જ અનિવાર્ય છે. કરદાતાએ પોતાના તમામ સક્રિય બેંક ખાતાઓની માહિતી આપવી જોઈએ અને જે ખાતામાં રિફંડ મેળવવાનું હોય તેનો આઈએફએસસી (IFSC) કોડ અને એકાઉન્ટ નંબર બિલકુલ સાચો હોવો જોઈએ, અન્યથા ટેક્સ રિફંડ અટકી જશે અથવા તેમાં ભારે વિલંબ થઈ શકે છે. ઘણા લોકો એવી ગેરસમજમાં રહે છે કે જો બેંકે વ્યાજ પર TDS નથી કાપ્યો, તો તે આવક કરપાત્ર નથી કે તેને જાહેર કરવાની જરૂર નથી. પરંતુ ટેક્સ વિભાગ પાસે બેંકો અને AIS દ્વારા બચત ખાતા તેમજ તમામ ડિપોઝિટના વ્યાજની પાકેપાકી માહિતી પહોંચી જ જાય છે, તેથી તેને છોડવી મોંઘી સાબિત થઈ શકે છે.

શેરબજાર, મ્યુચ્યુઅલ ફંડ અને પ્રોપર્ટીના વેચાણ અંગે પણ આવી જ સતર્કતા રાખવી જરૂરી છે. આજકાલ તમામ ડિમેટ એકાઉન્ટ પાન કાર્ડ (PAN) સાથે લિંક હોવાના કારણે દરેક નાનો-મોટો ટ્રાન્ઝેક્શન ટેક્સ વિભાગની નજરમાં હોય છે. તેથી શેર કે મ્યુચ્યુઅલ ફંડ રિડીમ કરવા પર કે પ્રોપર્ટી વેચવા પર થયેલો નફો કે નુકસાન બંને સત્તાવાર રીતે જાહેર કરવા જ જોઈએ. નુકસાન દર્શાવવાથી તમે તેને ભવિષ્યના નફા સામે સેટ-ઓફ કરીને ટેક્સ બચાવી શકો છો. આ સાથે જ, વિવિધ કપાતો જેવી કે સેક્શન 80C, 80D હેઠળ હેલ્થ ઈન્સ્યોરન્સ, NPS અથવા હોમ લોનના વ્યાજ પર લેવાતી છૂટછાટો માત્ર સાચા રોકાણોના આધારે જ લેવી જોઈએ અને તેના પાકા દસ્તાવેજો હંમેશા સુરક્ષિત રાખવા જોઈએ, કારણ કે વિભાગ ગમે ત્યારે તેના પુરાવા માંગી શકે છે. વિદેશી શેર, ETF, અથવા વિદેશી બેંક ખાતા ધરાવતા લોકોએ, ખાસ કરીને ભારતના રેસિડેન્ટ કરદાતાઓએ વિદેશી સંપત્તિની વિગતો સંપૂર્ણપણે જાહેર કરવી પડે છે. છેલ્લે, રિટર્ન ઓનલાઈન સબમિટ કરી દેવાથી જ કામ પૂરું થતું નથી. રિટર્ન સબમિટ કર્યા પછી તેને આધાર OTP, નેટ બેન્કિંગ અથવા ડિજિટલ સિગ્નેચર દ્વારા ઈ-વેરિફાય કરવું અત્યંત મહત્વપૂર્ણ છે. જો નિર્ધારિત સમય મર્યાદામાં ઈ-વેરિફિકેશન કરવામાં ન આવે, તો ફાઈલ કરેલું રિટર્ન સંપૂર્ણપણે અમાન્ય ગણવામાં આવે છે. તેથી 31 જુલાઈની છેલ્લી તારીખને ધ્યાનમાં રાખીને સમયસર અને સાવચેતીપૂર્વક પ્રક્રિયા પૂર્ણ કરવી એ જ સમજદારી છે.

## AIથી બેરોજગારી નહીં, કામદારોની અછત થશે: એમેઝોનના સ્થાપક જેફ બેઝોસનો દાવો, કહ્યું- પાણીની અછતથી AIની ગતિ અટકી શકે છે

**પેરિસ, તા.21**

એમેઝોનના સ્થાપક જેફ બેઝોસનું માનવું છે કે AI નોકરીઓ ખતમ કરવાને બદલે નવી રોજગારીનું સર્જન કરશે. તેમણે કહ્યું કે આ ટેકનોલોજી ઈનોવેશનની ગતિ વધારશે, જેનાથી ભવિષ્યમાં બેરોજગારીને બદલે શ્રમની અછત (લેબર શોર્ટેજ) ઊભી થઈ શકે છે. આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે પાણીની અછતથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ગતિ અટકી શકે છે.

પેરિસમાં આયોજિત 'વિવાટેક 2026' કોન્ફરન્સમાં જેફ બેઝોસે AI અને રોજગારને લઈને ચાલી રહેલી વૈશ્વિક ચર્ચા પર પોતાનો અભિપ્રાય રજૂ કર્યો. તેમણે કહ્યું કે AI નવી સમસ્યાઓને ઓળખવા અને તેમને ઉકેલવાની પ્રક્રિયાને સરળ બનાવીને માનવીય સર્જનાત્મકતાનો વ્યાપ વધારશે.

બેઝોસે કહ્યું કે AI શ્રમની અછત (લેબર શોર્ટેજ) ઊભી કરવા જઈ રહ્યું છે, કારણ કે તેના દ્વારા લોકો વધુને વધુ સમસ્યાઓને ઓળખવામાં સક્ષમ બની શકશે. આ ચર્ચામાં બ્લુ ઓરિજિનના ચીફ એક્ઝિક્યુટિવ દેવ લિમ્પે પણ ભાગ લીધો હતો.



બેઝોસે પોતાના નવા વેન્ચર 'પ્રોમેથિયસ'નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આ એક AI સ્ટાર્ટઅપ છે. તેનો ઉદ્દેશ્ય એક 'આર્ટિફિશિયલ જનરલ એન્જિનિયર' તૈયાર કરવાનો છે.

તેમણે આશા વ્યક્ત કરી કે આ પ્રકારની ટેકનોલોજી ઈનોવેશન સાયકલની ગતિને ઘણી તેજ કરી દેશે અને એવા આઈડિયાઝ પર કામ કરવાનું શક્ય બનાવશે, જેને પહેલા વિચારવું પણ અશક્ય હતું.

બેઝોસે કહ્યું કે જો આપણે ડ્રીમ-બિલ્ડ લૂપ (વિચારવા અને બનાવવાની પ્રક્રિયા) ને તેજ કરી શકીએ, તો બધા આઈડિયાઝ શક્ય બની જશે. આ પછી આપણે આપણી ક્ષમતાઓથી નહીં, પરંતુ આપણી કલ્પનાઓથી સીમિત રહીશું.

બેઝોસે AIને કારણે પર્યાવરણ પર પડી રહેલી અસર, ખાસ કરીને ડેટા સેન્ટર્સ માટે ભારે માત્રામાં પાણી અને વીજળીની જરૂરિયાત પર પણ વાત કરી. તેમણે કહ્યું કે જો AIની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવો હોય, તો તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કેટલાક ખાસ સંસાધનોને પ્રાથમિકતા આપવી પડશે. બાયોલોજિકલ લિમિટ્સ સાચી છે, પરંતુ ડિજિટલ પોટેન્શિયલ અસીમ છે. જો આપણે માત્ર મૂળભૂત માનવીય આરામ જાળવી રાખવા માટે આપણા ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાંથી કૂલિંગ સંસાધનો (પાણી અને કૂલિંગના સાધનો) ને રોકીએ, તો આપણે એક એવી સુપર-ઈન્ટેલિજન્સના જન્મમાં વિલંબ કરી રહ્યા છીએ, જે શરૂઆતમાં જ આપણી તમામ સંસાધન સંબંધિત સમસ્યાઓ હલ કરી શકે છે. બેઝોસના આ નિવેદને ડેટા સેન્ટર્સના વિસ્તરણ અને પર્યાવરણ વચ્ચેના સંતુલનને લઈને એક નવી ચર્ચા જગાવી છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉપરાંત, બેઝોસે સ્પેસ એક્સપ્લોરેશનને લઈને પણ પોતાનું લોંગ-ટર્મ વિઝન શેર કર્યું. તેમણે કહ્યું કે પૃથ્વીની બહાર મનુષ્યોની કાયમી વસાહતો સ્થાપવાની દિશામાં ચંદ્ર પહેલું પગલું હશે. બેઝોસે કહ્યું કે આપણે ચંદ્ર પર રહેવા માટે જઈ રહ્યા છીએ, ફક્ત ફરવા માટે નહીં. તેમણે જણાવ્યું કે ચંદ્ર પર હાજર સંસાધનો અને ત્યાંથી ઓછી લોન્ચિંગ કોસ્ટ (ઓછી કિંમત) તેને ભવિષ્યના સ્પેસ મિશનો માટે એક મુખ્ય કેન્દ્ર બનાવશે.

## આ અઠવાડિયે 5 પરિબળો શેરબજાર માટે મહત્વના: વિદેશી રોકાણકારો પાછા ફર્યા

**મુંબઈ, તા.21**

આજે ૨૨ જૂનથી શરૂ થઈ રહેલા નવા સપ્તાહ દરમિયાન ભારતીય શેરબજારમાં ભારે ઉત્તેજના અને મોટા પ્રમાણમાં ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. આગામી દિવસોમાં રોકાણકારોએ વૈશ્વિક સ્તરે થઈ રહેલી હલચલ અને સ્થાનિક પરિબળો પર ખૂબ જ ઝીણવટભરી નજર રાખવી પડશે. આ અઠવાડિયે ૨૬ તારીખે મોહરમના તહેવાર નિમિત્તે જાહેર રજા હોવાના કારણે શેરબજારમાં સામાન્ય દિવસોની સરખામણીએ ઓછો સમય મળશે અને માત્ર ચાર દિવસ જ ટ્રેડિંગનું કામકાજ ચાલશે. સમય ઓછો હોવા છતાં બજારની દિશા નક્કી કરવા માટે પૂરતા સંકેતો મળી રહ્યા છે, જેમાં ખાસ કરીને અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો ભૌગોલિક રાજકીય તણાવ, વિદેશી રોકાણકારોની ખરીદી તેમજ વેચવાલીનું વલણ અને બજારના ટેકનિકલ માપદંડો મુખ્ય ભૂમિકા ભજવશે.

બજારની વર્તમાન સ્થિતિને સમજવા માટે સપોર્ટ અને રેઝિસ્ટન્સના સ્તરો ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થાય છે, જેના વિશે વેલ્થ વ્યૂ એનાલિટિક્સના અહેવાલમાં સચોટ વિગતો આપવામાં આવી છે. સપોર્ટ સ્તર એટલે કે એક એવું ચોક્કસ ક્ષેત્ર જ્યાં પહોંચ્યા પછી શેર અથવા ઈન્ડેક્સને નીચે પડતો અટકાવવા માટે મજબૂત ટેકો મળે છે. આ સ્તરે સામાન્ય રીતે ખરીદદારો સક્રિય બને છે અને ખરીદીનું પ્રમાણ વધવાને કારણે કિંમતો વધુ નીચે જતી નથી, જેના લીધે રોકાણકારો માટે આ સ્તરો ખરીદી કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે. આનાથી વિપરીત, રેઝિસ્ટન્સ સ્તર એવું ક્ષેત્ર છે જ્યાં બજાર અથવા કોઈ ચોક્કસ શેરને ઉપરની તરફ જવામાં મોટો અવરોધ નડે છે. આ સ્તરે પહોંચીને અચાનક વેચવાલીનું દબાણ વધી જાય છે, પરંતુ જો બજાર મજબૂતી સાથે આ રેઝિસ્ટન્સ ઝોનને પાર કરી લે, તો આગામી સમયમાં ખૂબ જ મોટી તેજી આવવાની પ્રબળ સંભાવનાઓ સર્જાય છે.

આગામી સપ્તાહમાં બજારની ચાલને પ્રભાવિત કરનારા મુખ્ય પરિબળોની વાત કરીએ તો, સૌથી મોટો પ્રભાવ મિડલ-ઈસ્ટના રાજકારણનો જોવા મળી શકે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબી ચર્ચા-વિચારણા બાદ ૬૦ દિવસના યુદ્ધવિરામ પર સહમતિ સધાઈ હોવા છતાં, પડોશી દેશો વચ્ચેનો તણાવ ફરી એકવાર ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાન દ્વારા વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' જળમાર્ગને બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જોકે અમેરિકી સૈન્ય આ પ્રકારના



દાવાઓને નકારી રહ્યું છે. આ દરમિયાન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આક્રમક વલણ અપનાવતા સંકેત આપ્યા છે કે જો આગામી બે મહિનામાં કોઈ કાયમી શાંતિ કરાર નહીં થાય, તો અમેરિકા મિડલ-ઈસ્ટની સુરક્ષા પાછળ થતા ખર્ચની વસૂલાત કરવા માટે આ જળમાર્ગ પરથી પસાર થતા જહાજો પર મોટો ટોલ ટેક્સ લાદવા પર વિચાર કરી શકે છે. જો કે, આ વિવાદના ઉકેલ માટે બંને પક્ષો સ્વિટ્ઝર્લેન્ડમાં શાંતિ વાટાઘાટો માટે આમને-સામને આવ્યા છે, જેમાં અમેરિકા તરફથી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને જેરેડ કુશનર જેવા દિગ્ગજો તેમજ ઈરાન તરફથી તેમના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી ચર્ચાની કમાન સંભાળી રહ્યા છે.

આ ભૌગોલિક તણાવ વચ્ચે ભારતીય શેરબજારમાં આઈટી સેક્ટરના શેરો પર દબાણ ચાલુ રહેવાની ધારણા છે. તાજેતરમાં જ બજારમાં આવેલા મોટા ઘટાડા માટે આઈટી સેક્ટર મુખ્યત્વે જવાબદાર રહ્યું હતું, જેમાં ઈન્ફોસિસ અને ટીસીએસ જેવી અગ્રણી કંપનીઓના શેર સાત ટકા સુધી તૂટી ગયા હતા. વૈશ્વિક કન્સલ્ટિંગ ક્ષેત્રની દિગ્ગજ કંપની એક્સેન્ચરે ચાલુ નાણાકીય વર્ષ ૨૦internal૨૬ માટે પોતાના આવક વૃદ્ધિના અંદાજોમાં ઘટાડો કર્યો છે, જેના કારણે તેના પોતાના શેરોમાં મોટો કડાકો બોલાયો હતો અને તેની સીધી નકારાત્મક અસર ભારતીય આઈટી કંપનીઓની ભાવિ આવક પર પણ પડવાની આશંકા છે. ટેકનિકલ ચાર્ટ પર પણ આઈટી ઈન્ડેક્સ તેની ટૂંકા અને લાંબા ગાળાની મૂવિંગ એવરેજથી નીચે સરકી ગયો હોવાથી આ સેક્ટરમાં નબળાઈ વધુ ઘેરી બની શકે છે. બીજી તરફ, ભારતીય બજાર માટે એક રાહતના સમાચાર એ છે કે લાંબા સમયથી સતત વેચવાલી કરી રહેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારો ફરી એકવાર ભારતીય બજાર તરફ આકર્ષાયા છે અને તેઓ નેટ બાયર્સ બન્યા છે. વિદેશી રોકાણકારો અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો બંને તરફથી બજારમાં હજારો કરોડ રૂપિયાનું નવું રોકાણ ઠલવાયું છે, જે બજારને નીચેના સ્તરે પતનની સામે રક્ષણ પૂરું પાડી રહ્યું છે. આ ઉપરાંત કરન્સી માર્કેટમાં અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો સ્થિર રહીને બંધ થયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવેલા સમયસરના પગલાં અને વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના પુરવઠાને લઈને ઊભી થયેલી ચિંતાઓ વચ્ચે રૂપિયાની આ સ્થિરતા ભારતીય અર્થતંત્ર માટે પ્રોત્સાહક સાબિત થઈ રહી છે. બજારના આ સમગ્ર ચિત્ર અને ટેકનિકલ સેટઅપ અંગે એસબીઆઈ સિક્યોરિટીઝના નિષ્ણાતોનું માનવું છે કે નિફ્ટીનો મુખ્ય ટ્રેન્ડ હજુ પણ હકારાત્મક છે કારણ કે તે તેની મહત્વપૂર્ણ શોર્ટ-ટર્મ એવરેજથી ઉપર ટ્રેડ કરી રહ્યો છે. જો બજારમાં કોઈ મોટો વૈશ્વિક આંચકો આવે અને ઘટાડો થાય, તો પણ નીચલા સ્તરે મજબૂત સપોર્ટ ઝોન ઉપલબ્ધ છે જે બજારને સંભાળી લેશે. પરંતુ જો નિફ્ટી તે મહત્વપૂર્ણ સ્તર તોડીને નીચે જશે તો જ મોટી મંદીની આશંકા રહેશે, જ્યારે ઉપરની તરફ પ્રથમ અવરોધ પાર કરતાની સાથે જ ઈન્ડેક્સ નવી ઊંચાઈઓ તરફ આગળ વધી શકે છે. આ તમામ ઘટનાક્રમમાં 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ની ભૂમિકા સૌથી મોટી રહેશે, કારણ કે ફારસની ખાડી અને ઓમાનની ખાડી વચ્ચે આવેલો આ સાંકડો જળમાર્ગ સમગ્ર વિશ્વના અર્થતંત્રની જીવાદોરી સમાન છે, જ્યાંથી દુનિયાના કુલ ક્રૂડ ઓઈલના પુરવઠાનો વીસ ટકા હિસ્સો પસાર થાય છે અને સાઉદી અરેબિયા, કુવૈત તેમજ ઈરાક જેવા મોટા તેલ નિકાસકાર દેશો સંપૂર્ણપણે આ રૂટ પર જ નિર્ભર હોવાથી ત્યાં થતી કોઈપણ નાની હલચલ વૈશ્વિક બજારોને હચમચાવી શકે છે.

## ટોપ-10 કંપનીઓમાંથી 9ની વેલ્યુ ₹2.15 લાખ કરોડ વધી: એરટેલ ટોપ ગેનર રહી, વેલ્યુ ₹52,432 કરોડ વધી, LIC-બજાજ ફાઈનાન્સનું માર્કેટ કેપ પણ વધ્યું

**નવી દિલ્હી, તા.21**

ગ્લોબલ માર્કેટમાં સુધરેલા સેન્ટિમેન્ટને કારણે ગયા અઠવાડિયે દેશની ટોપ-10 સૌથી વેલ્યુએબલ કંપનીઓમાંથી 9નું માર્કેટ કેપ કુલ 2.15 લાખ કરોડ રૂપિયા વધ્યું છે. આ તેજી વચ્ચે ભારતી એરટેલ ટોપ ગેનર રહી. કંપનીની વેલ્યુએશન 52,432 કરોડ રૂપિયા વધીને 11.63 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ.

LIC બીજા નંબર પર રહી. તેના માર્કેટ કેપમાં 51,675 કરોડ રૂપિયાનો વધારો થયો, જેનાથી તેની કુલ વેલ્યુએશન 5.56 લાખ કરોડ રૂપિયા થઈ છે. બજાજ ફાઈનાન્સ, રિલાયન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, SBI, HDFC બેંક, હિન્દુસ્તાન યુનિલિવર અને ICICI બેંકની વેલ્યુ વધી છે. ફક્ત TCSની વેલ્યુ ઘટી છે.

ઓનલાઈન ટ્રેડિંગ અને વેલ્થ ટેક ફર્મ 'એનરિચ મની'ના CEO પોનમુડી આર અનુસાર, આ અઠવાડિયે ભારતીય શેરબજારે




તેની રિકવરીને આગળ વધારી છે. તેની પાછળ મુખ્યત્વે 3 મોટા કારણો રહ્યા છે

પોનમુડી આર.એ જણાવ્યું કે, જોકે વાતચીત હજુ ચાલુ છે અને કરાર સંપૂર્ણપણે લાગુ થવાનો બાકી છે, પરંતુ ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતામાં ઘટાડો થવાથી બજારની ધારણામાં નોંધપાત્ર સુધારો થયો છે.

માર્કેટ કેપની દ્રષ્ટિએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ હજુ પણ દેશની સૌથી વેલ્યુએબલ સ્થાનિક કંપની બની રહી છે. ત્યારબાદ HDFC બેંક, ભારતી એરટેલ, ICICI બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, TCS, બજાજ ફાઈનાન્સ, લાર્સન એન્ડ ટુબ્રો, LIC અને હિન્દુસ્તાન યુનિલિવરનો નંબર આવે છે.

ગયા અઠવાડિયે સેન્સેક્સ 1,274.95 પોઈન્ટ એટલે કે 1.68% વધ્યો હતો. જ્યારે શુક્રવારે સેન્સેક્સ લગભગ 607 પોઈન્ટ ઘટીને 76,802ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 154 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 24,013ના સ્તરે બંધ થયો હતો.

માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર એટલે કે હાલમાં તેના શેરધારકો પાસે રહેલા તમામ શેરનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે.

ધારો કે... કંપની 'A' ના 1 કરોડ શેર માર્કેટમાં લોકોએ ખરીદ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા છે, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે.

કંપનીઓની માર્કેટ વેલ્યુ શેરની કિંમતો વધવા કે ઘટવાને કારણે વધે-ઘટે છે. આના બીજા ઘણા કારણો છે.

કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપની હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઓછી થઈ જાય છે.

રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તે જ, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેનાથી રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે.

ઉદાહરણ: જો TCS નું માર્કેટ કેપ 12.43 લાખ કરોડ વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે. પરંતુ માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે.

## સોના પર આયાત ડ્યુટી વધતાં જૂના દાગીનાના રિસાયક્લિંગમાં વધારો

- **ઊંચા ડ્યુટી દરોએ ભારતની સોનાની માંગમાં ખરેખર ઘટાડો કર્યો છે તે નિષ્કર્ષ કાઢવો ખૂબ જ વહેલો ગણાશે**

**અમદાવાદ, તા.21**

સોના પર કસ્ટમ ડ્યુટીમાં તાજેતરમાં થયેલા વધારાથી ઈચ્છિત પરિણામો મળવા લાગ્યા છે ડ્યુટી વધારા પહેલા સરેરાશ ૭૦થી ૧૦૦ ટન સોનું આયાત કરવામાં આવતું હતું, જે હવે ઘટીને ૨૫થી ૩૦ ટન પ્રતિ મહિને થઈ ગયું છે. આ ફેરફારથી સ્થાનિક બજારમાં જૂના સોનાના રિસાયક્લિંગમાં પણ વધારો થયો છે. સરકારે ૧૩ મેથી સોના અને ચાંદી પર મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૫ ટકાથી વધારીને ૧૦ ટકા કરી છે. તેણે ૫ ટકા કૃષિ માળખાગત સુવિધાઓ અને વિકાસ સેસ પણ લાદ્યો છે, જેનાથી અસરકારક આયાત ડ્યુટી ૧૫ ટકા થઈ ગઈ છે. આ અત્યાર સુધીનો સૌથી મોટો ડ્યુટી વધારો હતો અને જુલાઈ ૨૦૨૪માં લાગુ કરાયેલ કસ્ટમ ડ્યુટીમાં ઘટાડાને ઉલટાવી દીધો હતો. આ પગલાનો ઉદ્દેશ્ય વધુ પડતી આયાતને નિયંત્રિત કરવા, દેશના વિદેશી હૂંડિયામણ અનામત પર દબાણ ઘટાડવા અને વધતી જતી વેપાર ખાધને ઘટાડવાનો હતો, જેના કારણે સોનાની આયાતને કારણે ચાલુ ખાતાના બોજમાં નોંધપાત્ર વધારો



થયો હતો. ભારત સોનાનો વિશ્વનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માં, તેણે રેકોર્ડ પ્રમાણમાં સોનાની આયાત કરી, જેનાથી તેલ સિવાયના આયાત બિલમાં તેનો હિસ્સો નોંધપાત્ર રીતે વધ્યો હતો.

દેશમાં પ્રવેશતા સોનાના ઊંચા ખર્ચે નવી આયાતને નિરાશ કરી છે અને ઘરેણાં ઉત્પાદકો અને ગ્રાહકોને જૂના સોનાના રિસાયક્લિંગનો વિકલ્પ પસંદ કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે. આ નીતિ સારી રીતે કામ કરી રહી છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા વેપાર ડેટા અનુસાર, એપ્રિલમાં આશરે ૫.૬૩ બિલિયન ડોલરના સોનાની આયાત ડ્યુટી વધારા પછી મે મહિનામાં ઘટીને લગભગ ૩.૪૨ બિલિયન ડોલર થઈ ગઈ છે. જોકે, વિશ્લેષકો કહે છે કે ઊંચા ડ્યુટી દરોએ ભારતની સોનાની માંગમાં ખરેખર ઘટાડો કર્યો છે તે નિષ્કર્ષ કાઢવો ખૂબ જ વહેલો ગણાશે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવના એક અહેવાલમાં જણાવાયું છે કે ડ્યુટી વધારાથી આયાત વૃદ્ધિની ગતિ ધીમી પડી છે પરંતુ માંગમાં નોંધપાત્ર ઘટાડો થયો નથી. ઘરેણાંની મજબૂત માંગ, વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સલામત-હેવન માંગ અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ઊંચા ભાવ આયાતને ટેકો આપવાનું ચાલુ રાખ્યું છે.

## અમદાવાદમાં હિજાબ સાથે પ્રવેશ અપાતા વાલીઓનો હોબાળો

# 2 મિનિટ મોડા પડનારને 'નો એન્ટ્રી, Re-NEETનું પેપર હાર્ડ નીકળ્યું, એક્સપર્ટે કહ્યું- કટઓફ 520એ જઈ શકે

**અમદાવાદ, તા.21**

NEET-UGનું પેપર લીક થયા બાદ રદ કરાયેલી પરીક્ષા આજે ફરી યોજાઈ હતી. ગુજરાતમાં 211 પરીક્ષા કેન્દ્રો પર 79,411 ઉમેદવારો પરીક્ષા યોજાઈ હતી. પેપર લીક થયા બાદ ફરીવાર પરીક્ષા યોજાઈ હોવાથી તંત્રની પણ અગ્નિ પરીક્ષા થઈ હતી. અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા સહિતના પરીક્ષા કેન્દ્રો પર બપોરે 2 વાગ્યે પરીક્ષા શરૂ થઈ હતી. આ માટે વિદ્યાર્થીઓને 11 વાગ્યાથી 1:30 વાગ્યા સુધી પ્રવેશ અપાયો હતો. ત્યારે સાંજે 5.30 વાગ્યે શાંતિપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થઈ હતી. જ્યારે એજ્યુકેશન એક્સપર્ટે કહ્યું- કટઓફ 520એ જઈ શકે છે.

આ દરમિયાન અમદાવાદની આર. જે ટીબરેવાલ કોલેજમાં હિજાબ સાથે પ્રવેશ આપવાના મુદ્દે વાલીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે, જ્યાં તેમનો આક્ષેપ છે કે નિયમોના નામે અગાઉ હિન્દુ બાળકોના હાથના દોરા અને ગળાની કંઠી કઢાવવામાં આવી હતી. તો સુરતમાં 2 મિનિટ મોડા પડનારને પ્રવેશ અપાયો નહોતો અને વડોદરામાં 100 કિમી દૂરથી પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થી પાસે એલસી માગતા દોડતા થયો હતો. ત્યારે ભાસ્કર અહેવાલ બાદ પરીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીને મોબાઈલમાંથી એલસીનો ફોટો બતાવતા એક્ઝામ આપવા દીધી હતી.

રાજકોટની મોદી સ્કૂલના સાયન્સ એક્સપર્ટ અને એકેડેમિક ડિરેક્ટર અલ્પેશ શાહે દિવ્યભાસ્કર ડિજિટલને જણાવ્યું હતું કે, આજે UG NEETની પરીક્ષાનું પેપર લેવામાં આવ્યું તે વર્ષ 2025 ની તુલનામાં પણ અઘરું હતું. વર્ષ 2025 માં માત્ર ફિઝિક્સનું પેપર અઘરું હતું. જોકે આ વખતે ફિઝિક્સ અને કેમેસ્ટ્રી બંને પેપરો અઘરા હતા. બંને પેપરો મોડરેટથી અઘરા કહી શકાય. જ્યારે બાયોલોજીનું પેપર સરળ હતું. 3 મેના લેવામાં આવેલી પરીક્ષાની તુલનામાં આજનું પેપર અઘરું હતું. 3 મેની પરીક્ષાને જોતા કટઓફ 720 માંથી 620 હોવાની ધારણા હતી.

રાજકોટની પ્રીમિયર સ્કૂલના સાયન્સ એક્સપર્ટ નેહા દેસાઈએ જણાવ્યું હતું કે, આજનું UG NEETનું પેપર મોડરેટથી અઘરું હતું. 3 મેના જે પેપર લેવામાં આવ્યું તેના કરતાં કેમેસ્ટ્રી એક લેવલ અપ હતું. ફિઝિક્સ ઘણું લાંબુ હતું. જોકે બાયોલોજીનું પેપર પ્રમાણમાં એવરેજ હતું. કેમેસ્ટ્રીમાં પાંચ જેટલા પ્રશ્નો એવા હતા કે જેના જવાબો જ વિદ્યાર્થીઓને આવડતા ન હતા. જેને લીધે હોશિયાર વિદ્યાર્થીઓને 4થી 5 તો અન્ય વિદ્યાર્થીઓને 15 જેટલા પ્રશ્નોના જવાબો લખવાના જ રહી ગયા.

વિદ્યાર્થીના વાલી ખુશ્બુ મહેશ્વરીએ જણાવ્યું કે, મારી દીકરી અહીં 12 વાગ્યે એક્ઝામ આપવા આવી હતી. આ તો સિમ્પલ કપડાં પહેરીને આવી હતી. ગાઈડલાઈન મુજબ કંઠી, દોરા બધું કાઢીને જ આવી હતી. કોઈ મેટલની વસ્તુ નહીં. પરંતુ જે છોકરાઓએ કંઠી પહેરી હતી તે કઢાવી હતી.



તેને વધુમાં કહ્યું કે, અમે હિન્દુ પેરેન્ટ્સ સપોર્ટિંગ છીએ અને કોઓપરેટ કરીએ છીએ. આપણા છોકરાઓની એક્ઝામ ના બગડે એટલે કંઠી આપી દીધી. જ્યારે એક છોકરી હિજાબ પહેરીને આવી, પોલીસે એમને ના પાડી પણ તે ના માની અને બબાલ કરી. ત્યાર પછી છેવટે એમણે કોને બોલાવ્યા, શું કર્યું, એટલા બધામાં અમને ખબર નહીં અને એમને એક્ઝામ આપવા દીધી. એટલે હિન્દુ પેરેન્ટ્સ બધાને એવું લાગે કે આ ધર્મ પર વાત આવી ગઈ છે. આવી ગરમીમાં તમારા આ કેમ્પસમાં, તમે પંખા નીચે બેસાડો છો, તો તમે એમને રૂમાલ ના આપી શકો? એક હેન્કી લઈ જવામાં તમને પ્રોબ્લેમ થાય છે? અને ટ્રાન્સપરન્ટ બોટલમાં પણ વાંધો છે!

આ વિવાદ બાદ વિશ્વ હિન્દુ પરિષદના કેટલાક કાર્યકર્તાઓ ટીબરેવાલ કોલેજ ખાતે પહોંચ્યા હતાં. જોકે મોટો હોબાળો થાય તે પહેલાં જ ત્રણ કાર્યકર્તાઓની પોલીસે અટકાયત કરી હતી. બીજી તરફ AIMIMના કાર્યકરો પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તેને પણ પોલીસે રવાના કરી દીધા હતા. પરિસ્થિતિ વણસે તે પહેલા જ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

સુરતમાં અનીશ મહેતો નામનો વિદ્યાર્થી નીટની પરીક્ષા માટે સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં આવેલ પીએમ શ્રી કેન્દ્ર વિદ્યાલય ખાતે પરીક્ષા આપવા માટે બેથી પાંચ મિનિટ મોડો પડતા તેને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં ન આવતા વિદ્યાર્થી નારાજ થયો હતો. વિદ્યાર્થીના પિતા શાકભાજી વહેંચીને વિદ્યાર્થીને ભણાવી રહ્યા છે. વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે ગઈ વખતે હું પરીક્ષા આપવા માટે બે કલાક પહેલા પહોંચ્યો હતો. પરંતુ અત્યારે હું ટ્રાફિકના કારણે અને કેન્દ્ર ન જોયું હોવાને કારણે થોડો મોડો પડ્યો હતો.

પરીક્ષા કેન્દ્રો પર પ્રવેશ માટે વિદ્યાર્થીઓનું મેટલ ડિટેક્ટર દ્વારા સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. કેન્દ્રો પર મોજાં ઉતરાવીને, સાદી કાંડા ઘડિયાળ, રૂમાલ અને પૈસા પણ બહાર રખાવીને ડબલ લેયરમાં વિગતવાર તપાસ બાદ જ ઉમેદવારોને અંદર જવા દેવાયા હતા. કેન્દ્રોની બહાર NTAની ઘડિયાળો અને પ્રતિબંધિત વસ્તુઓની યાદી દર્શાવતા પોસ્ટરો પણ લગાવવામાં આવ્યા હતા.

પરીક્ષામાં પ્રવેશ માટે આઈડી કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટો, હોલ ટિકિટ અને પારદર્શક પાણીની બોટલ જેવી વસ્તુઓ ફરજીયાત હતી. જોકે, વડોદરાના કેટલાક કેન્દ્રો પર વિદ્યાર્થીઓને ફોટો સાઈઝના ઈશ્યુ તેમજ આધાર કાર્ડ અને ફોર્મમાં નામના મિસમેચના કારણે પ્રવેશ ન મળતા મુશ્કેલી ઊભી થઈ હતી. આના કારણે ઓરિજિનલ લિવિંગ સર્ટિફિકેટ (LC) માંગવામાં આવતા, 100 કિલોમીટર દૂર બોડેલીથી આવેલા વાલીઓ અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. આ તમામ પરિસ્થિતિઓ વચ્ચે પણ એક ઉત્સાહી વિદ્યાર્થિની ટાઈફોઈડ હોવા છતાં ગ્લુકોઝની બોટલ સાથે પરીક્ષા આપવા પહોંચી હતી.

વડોદરામાં આધાર અને ફોર્મમાં નામમાં મિસ મેચ થતાં વિદ્યાર્થીઓ પાસે એલસી માગવામાં આવ્યા હતા. માત્ર એટલું જ નહીં, બોડેલીથી આવેલા વિદ્યાર્થી પાસે પણ ઓરિજિનલ એલસી માગવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના ફોટો સાઈઝના ઈશ્યૂને લઈ પ્રવેશ ન અપાયો!. કેટલાક વિધાર્થીઓના ફોટો સાઈઝના ઈશ્યૂને લઈ પ્રવેશ ન આપતા ફરી ફોટો કઢાવવા દોડ્યા હતાં. અગાઉ પરીક્ષા રદ થવાને કારણે ભારે માનસિક તણાવ અને ડિપ્રેશનનો સામનો કરી ચૂકેલા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આ વખતે મિશ્ર પ્રતિક્રિયા જોવા મળી હતી. તનિષ્ક પટેલ, માનસી અને જાનવી બાલસરા જેવા વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, પરીક્ષા માટે વધારાનો એક મહિનાનો સમય મળતા રિવિઝન સારું થયું છે, પરંતુ પેપર અઘરું આવવાની શક્યતા અને પેપર ન ફૂટે તેવી ચિંતા પણ છે.

## વિધાનસભા ચૂંટણી-2027 માટે AAP એક્શનમાં: પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ 165 વિધાનસભા સંગઠન મંત્રીઓની કરી જાહેરાત

**અમદાવાદ, તા.21**

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણીને હજુ સમય બાકી છે, પરંતુ રાજકીય પક્ષોએ અત્યારથી જ પોતાની પકડ મજબૂત કરવા માટે કમર કસી લીધી છે. આમ આદમી પાર્ટી (AAP) ગુજરાતમાં પોતાના સંગઠનને પાયાના સ્તરેથી મજબૂત કરવા માટે ફૂલ એક્શન મોડમાં આવી ગઈ છે. 2027ની ગુજરાત વિધાનસભા ચૂંટણીની આગોતરી તૈયારીઓના ભાગરૂપે આમ આદમી પાર્ટી દ્વારા સંગઠન માળખામાં બહુ મોટી નિમણૂકોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા વચ્ચે યોજાયેલી બેઠક અને ચર્ચા-



વિચારણાના અંતે રાજ્યની જુદી-જુદી બેઠકો પર 'વિધાનસભા સંગઠન મંત્રી'ના નામો ફાઈનલ કરાયા છે. પક્ષ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર યાદીમાં અકોટાથી લઈને વાંકાનેર સુધીની કુલ 165 જેટલી વિધાનસભાઓમાં નવા સંગઠન મંત્રીઓની વરણી કરીને તેમને તાત્કાલિક અસરથી જવાબદારી સોંપી દેવામાં આવી છે.

મુખ્ય બેઠકો પર સોંપાયેલી નવી જવાબદારીઓ અને વિસ્તાર

અકોટા બેઠક: આનંદકુમાર શંભુનાથ શુક્લા

અમરાઈવાડી બેઠક: સંજય ગિરી

અમરેલી બેઠક: જયદીપ પાંચાણી

આણંદ બેઠક: કિરીટ પરમાર

ચારેય ઝોન પર પક્ષનું વિશેષ ફોકસ

ચૂંટણી લક્ષી આ સંગઠન પ્રક્રિયામાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની તમામ મહત્વની અને નિર્ણાયક ગણાતી બેઠકો જેવી કે ભાવનગર, ભુજ, દાહોદ, ગાંધીનગર, રાજકોટ, જામનગર, સુરત અને વડોદરાના વિવિધ મતવિસ્તારોમાં પણ સ્થાનિક સ્તરે સક્રિય અને પાયાના ચહેરાઓને મેદાને ઉતારવામાં આવ્યા છે, જેથી પક્ષની વિચારધારાને ઘર-ઘર સુધી પહોંચાડી શકાય.

## SG હાઈવે પર હિટ એન્ડ રન: રાત્રે 2:30 વાગ્યે યુવકે માતાને કહ્યું 'બેગ લઈને ઘરે આવું છું', અડધા કલાકમાં પકવાન બ્રિજ પરથી લોહીલુહાણ લાશ મળી

**અમદાવાદ, તા.21**

અમદાવાદના પોશ ગણાતા SG હાઈવે પર પકવાન બ્રિજ પર 20 જૂનની મોડીરાત્રે કાળજું કંપાવી દે તેવી હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. સોલા સાયન્સ સિટી રોડ પર રહેતો 32 વર્ષીય યુવક રાત્રે બાઈક લઈને બેગ લેવા નીકળ્યો હતો. યુવકે રાત્રે 2:30 વાગ્યે તેની માતાને ફોન કરીને 'હું બેગ લઈને ઘરે આવું છું' તેમ કહ્યું હતું, પરંતુ તેના બરાબર અડધા કલાક પછી એટલે કે રાત્રે 3:00 વાગ્યે પકવાન બ્રિજ પરથી તેનો મૃતદેહ મળી આવતાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. કોઈ અજાણ્યા વાહનચાલકે યુવકને અડફેટે લઈને કચડી નાખ્યો હતો અને ઘટનાસ્થળેથી ફરાર થઈ



ગયો હતો. આ મામલે એસ.જી. 2 ટ્રાફિક પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સાયન્સ સિટી સોલા રોડ પર રહેતો 32 વર્ષીય અક્ષય ગજ્જર ગત મોડીરાત્રે તેના મિત્ર સાથે માતા અલકાબેનના ઘરે ગયો હતો. ત્યાંથી તે પોતાના ભાઈનું 'જાવા' બાઈક લઈને બેગ લેવા માટે નીકળ્યો હતો. બાઈક પર નીકળ્યા બાદ અક્ષયે રાત્રે 2:23 વાગ્યે તેની માતાને ફોન કરીને જણાવ્યું હતું કે, બાઈક પર મોટી બેગ લાવતા ફાવતું નથી, જેથી હું ઉબેર બંધાવીને બેગ લઈને ઘરે આવું છું.'

રાત્રે ફોન કર્યા બાદ સવારે આશરે 6:00 વાગ્યે અક્ષયની માતા અલકાબેન પર પોલીસનો ફોન આવ્યો હતો અને અકસ્માત અંગે જાણ કરવામાં આવી હતી. જેથી તેઓ તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા, જ્યાં તેમના પુત્ર અક્ષયનો મૃતદેહ પડ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે રાત્રે 3:00 વાગ્યાની આસપાસ પકવાન બ્રિજ પર કોઈ અજાણ્યા સ્પીડમાં આવતા વાહનચાલકે અક્ષયને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે અક્ષયને માથાના તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા વાહનચાલકને પકડી પાડવા માટે SG 2 ટ્રાફિક પોલીસે પકવાન બ્રિજ અને તેની આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## વસ્ત્રાલમાં સ્પા ગ્રાહકોને અપાતું હતું MD ડ્રગ્સ: રાજસ્થાન કનેક્શન ખુલતાં ક્રાઈમ બ્રાન્ચે બે પેડલરોને દબોચ્યા

**અમદાવાદ, તા.21**

રાજ્ય પોલીસ દ્વારા ડ્રગ માફિયાઓ સામે સઘન કામગીરી શરૂ કરવામાં આવી છે.આ જ અભિયાનના ભાગરૂપે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા બે ડ્રગ પેડલરો પાસેથી 150.090 ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપી લીધો છે.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ વસ્ત્રાલ સ્થિત ક્રિસ્ટલ કોમ્પ્લેક્સમાં બે સ્પાનું સંચાલન કરતા હતા અને ત્યાં આવતા ગ્રાહકોને પણ ડ્રગ્સ પૂરું પાડતા હતા. હાલ ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓને ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, વસ્ત્રાલના માધવ ફાર્મ પાસે આવેલા સૂર્યમ એલિગન્સના ફ્લેટમાં રહેતા બે યુવકો તેજસ ઠક્કર અને અજય જયસ્વાલ પોતાના ફ્લેટમાં ગેરકાયદેસર રીતે ડ્રગ્સનો જથ્થો રાખી તેનો વેપાર કરી રહ્યા છે. આ



બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બંને આરોપીઓને 150.090 ગ્રામ એમ.ડી. ડ્રગ્સ સાથે ઝડપી લીધા હતા. જપ્ત કરાયેલા ડ્રગ્સની અંદાજિત કિંમત રૂ. 4.50 લાખ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ડ્રગ્સ કબજે કરીને બંને આરોપીઓની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, તેઓ રાજસ્થાનમાંથી ડ્રગ્સ મંગાવતા હતા અને અમદાવાદમાં પોતાના ગ્રાહકોને જરૂરિયાત મુજબ તેનું વેચાણ કરતા હતા.

તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારી હકીકત સામે આવી હતી. તેજસ અને અજય વસ્ત્રાલના ક્રિસ્ટલ કોમ્પ્લેક્સમાં બે સ્પા ચલાવતા હતા અને પોતાના આ ધંધા માટે આવતા કેટલાક ગ્રાહકોને પણ તેમની માંગ મુજબ ડ્રગ્સ પૂરાં પાડતા હતા. આમ, બંને આરોપીઓ લાંબા સમયથી ડ્રગ્સના ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલા હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે બંને આરોપીઓને ડ્રગ્સ સપ્લાય કરનાર રાજસ્થાનના સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે. આ સાથે જ તેજસ અને અજય પાસેથી ડ્રગ્સ ખરીદનારા ગ્રાહકો અંગે પણ વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી છે.

તેજસ ઉર્ફે તેજુભાઈ ઉપેન્દ્રભાઈ ઠક્કર (ઉ.વ. 38 રહે સૂર્યમ એલિગન્સ, માધવ ફાર્મ પાછળ, વસ્ત્રાલ, અમદાવાદ. મૂળ વતન - મોગરા વાસ, મેઈન બજાર, પાટડી, જિલ્લો સુરેન્દ્રનગર.

અજય ઉર્ફે અજ્જુ હરીશસિંહ જયસ્વાલ (ઉ.વ. 42 .રહે. - ગજાનન 189 રેસિડન્સી, રિલાયન્સ પેટ્રોલ પંપ પાછળ, વસ્ત્રાલ, અમદાવાદ. મૂળ વતન - નેવાડા સુંદરપુર, બનારસ, ઉત્તર પ્રદેશ.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




